# દર્પણ

૨૦૨૩ - ૨૦૨૪



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

# દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય

## અલિયાબાડા

# દર્પણ

## ૨૦૨૩ - ૨૦૨૪

સંસ્થા સ્થાપના વર્ષ –૧૯૫૩

NCTE માન્યતા નંબર –WRC/313029/138818

સંસ્થાનો પ્રકાર –અનુદાનિત બી.એડ કોલેજ

શિક્ષણનું માધ્યમ –ગુજરાતી

| સંપાદન | યુટ્યુબ વિડિઓ એડિટર અને મેકર |
|---|---|
| ડૉ.રૂપલબેન માંકડ<br>I/C Principal<br>DGSM B.Ed. College, Aliyabada<br><br>ડૉ.આશાબેન મફતલાલ પટેલ<br>Assistant Professor,<br>DGSM B.Ed. College, Aliyabada | પુરોહિત કુલદીપ<br>ચૌહાણ પ્રકાશ<br>Student of DGSM, B.Ed. college Aliyabada<br><br>**અહેવાલ મંત્રી**<br><br>વ્યાસ આસ્થા<br>ગોજીયા વિરેન |

# આચાર્ય ઉરબોલ...



આપ સૌ સમક્ષ અમારી વર્ષભરની ગુણવત્તા યુક્ત પ્રવૃત્તિઓનું મજાનું દસ્તાવેજીકરણ "દર્પણ" મુકતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ. આ સંસ્થાના સ્થાપક પૂજ્ય ડોલરભાઈ માંકડ દ્વારા અપાયેલ ત્રિદર્શન જ્ઞાન, શ્રમ અને સમાજસેવા ને ધ્યાને લઈ અમે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીએ છીએ. શિક્ષણ સંસ્થામાં થાય તે તમામ પ્રયોગ અને પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી કેળવણી અને બહુ આયામી વિકાસ માટે સૌ સાથે રહી કરવા પ્રયત્નશીલ રહીએ છીએ. વર્ષ ભર વિવિધ પ્રવૃત્તિઓ કાર્ય સંચાલક અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા જ સુપેરે સંચાલિત થાય છે તેમજ પ્રશિક્ષણાર્થી મિત્રો દ્વારા જ અહેવાલ પણ લખવામાં આવે છે. પ્રવૃત્તિનું બ્રોશર, કાર્ય સૂચિ, અમલીકરણ, ફોટોગ્રાફ્સ, અહેવાલ લેખન, પ્રેસ નોટ તેમજ YouTube માં કાર્યક્રમની ઝલક મુકવા સુધીનું કામ સમગ્ર પરિવાર સુપેરે કરવા પ્રયત્ન કરે છે.

આ વર્ષે કરેલા વિવિધ કાર્યોનો દસ્તાવેજ આપ સૌ સમક્ષ મુકતા ફરીને આનંદ અને ગૌરવ સાથે સંતોષની લાગણી અનુભવું છું.

# સંપાદકની કલમે...



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય એટલે જીવન ઘડતરનું શિક્ષણ ધામ. **2023-24** ના વર્ષમાં બી. એડ.માં પ્રથમ વર્ષમાં **49** અને દ્વિતીય વર્ષના **46** તાલીમાર્થી ભાઈ બહેનોએ પ્રવેશ મેળવ્યો. પ્રથમ દિવસે જ ગુરુપૂર્ણિમા અને પ્રવેશ મહોત્સવની ઊજવણી કરવામાં આવી. ગુરુ શિષ્ય પ્રણાલી મુજબ ગુરુ અને શિષ્ય બંનેનું અરસ પરસ સન્માન એક જ દિવસે ઉજવાયેલા મહોત્સવથી થયું. મહાવિદ્યાલયમાં થતી દરેક વાર્ષિક સહ અભ્યાસિક પ્રવૃત્તિના કાર્યક્રમના અહેવાલને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના મારા વિચારને અમલ કરવાનું સૌભાગ્ય મને વર્ષ **2023 - 24**માં પ્રાપ્ત થયું. દરેક શિષ્યમાં રહેલી ક્ષમતાઓ, શક્યતાઓ, સંભાવનાઓ, વિશિષ્ટતાઓ અને નબળાઈઓને ઓળખી કાઢી એમનું ઘડતર કરવાનો પ્રયાસ મહાવિદ્યાલયમાં અહેવાલનું સંકલન અને તાલીમાર્થીને માર્ગદર્શન આપીને કર્યો.

દરેકના હૃદયમાં રહેલા ઉત્તમ અંશોનું આવિષ્કરણ કરવાનો પ્રયાસ દર્પણ પુસ્તિકા સ્વરૂપે કર્યો. દર્પણ શબ્દનો અર્થ અરીસો. જો તમે તમારું હૃદય હકારાત્મક વિચારોથી ભરી દેશો તો અરીસામાં દરેક વ્યક્તિને પોતાનો ચહેરો હસતો નજર આવશે અને જીવનની દરેક ઘડીને ધન્ય બનાવશો. દર્પણને ડિજિટલ સ્વરૂપે બનાવવા આચાર્યશ્રી, અધ્યાપકશ્રી, અહેવાલ મંત્રી, યુ ટ્યુબ વિડીયો મેકર તાલીમાર્થી, પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીનો સહિયારો સાથ મળ્યો. દર્પણને કોલેજની **YouTube** ચેનલની લીંકના સંદર્ભ સાથે ડિજિટલ અહેવાલ બનાવી શક્યા અને આ બધા જ અહેવાલનું સંકલન "દર્પણ" પુસ્તિકા રૂપે પ્રસ્તુત કરી શક્યા.

ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાન માળા અને વાર્ષિક પ્રવૃત્તિનું આયોજન કરનાર ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી, પ્રવૃતિના કાર્યક્રમના અહેવાલ બનાવવાનું માર્ગદર્શન આપનાર અધ્યાપકશ્રી, પ્રથમ અને દ્વિતીય વર્ષના અહેવાલ મંત્રી અને તાલીમાર્થી ખૂબ જ સહયોગી બન્યા. જીવનના દરેક ક્ષેત્રમાં સહયોગ આપનાર જીવન સાથીનો ઉલ્લેખનીય સાથ - સાંપડયો. ભૂતપૂર્વ તાલીમાર્થી પાર્થનો સહયોગ પાથેય રહ્યો. દર્પણની સંરચનામાં તમામ મહાનુભાવનો હું આ તકે આભારની લાગણી વ્યક્ત કરું છું. દરેક તાલીમાર્થી એ પ્રવૃત્તિમાં કાર્યક્રમ સૂચિ મુજબ અહેવાલમાં તમામના ફોટા આવરી લઈને માતૃભાષામાં અહેવાલ લખવાનો પ્રયાસ કર્યો. તાલીમાર્થીમાં ડિજિટલ સાક્ષરતા અને માતૃભાષાનું સંવર્ધન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. વસુધેવ કુટુંબકમની ભાવનાનું પ્રતિબિંબ દર્પણમાં પડ્યું.

સંપાદક

ડૉ. આશાબેન પટેલ

# અનુક્રમણિકા


| ક્રમ | તારીખ | વિષય | માર્ગદર્શક | પ્રસ્તુત કરતા | પૃષ્ઠ નં |
|---|---|---|---|---|---|
| 01 | --- | આચાર્યશ્રી ઉરબોલ | --- | --- | 2 |
| 02 | --- | સંપાદકની કલમે | --- | --- | 3 |
| 03 | --- | અનુક્રમણિકા | --- | --- | 4 |
| 04 | --- | સંસ્થા પરિચય | --- | --- | 7 |
| 05 | --- | સંસ્થાનો ઇતિહાસ | --- | --- | 8 |
| 06 | --- | શ્રી વિદ્યામંડળ પરિચય | --- | --- | 9 |
| 07 | --- | સંસ્થાપક પરિચય | --- | --- | 10 |
| 08 | --- | સ્ટાફ પ્રોફાઇલ | --- | --- | 11 |
| 09 | --- | પ્રાસ્તાવિક | --- | --- | 12 |
| 10 | --- | ટોપ 10 તાલીમાર્થી યાદી | --- | --- | 13 |
| 11 | 30 / 04 / 2023 | ભૂતપૂર્વ સ્ટાફ પરિવાર સ્નેહ મિલન | ડૉ.આશાબેન પટેલ | જેઠવા વૈશાલીબા<br>ભુંડિયા નિધિ | 15 |
| 12 | 21 / 06 / 2023 | ડ્રોઈંગ કોમ્પીટીશન અહેવાલ (G20 પ્રવૃત્તિ) | ડૉ.આશાબેન પટેલ | ભુંડિયા નિધિ | 20 |
| 13 | 03 / 07 / 2023 | પ્રવેશ મહોત્સવ | ડૉ.આશાબેન પટેલ | જમોડ રામદે | 22 |
| 14 | 03 / 07 / 2023 | ગુરુ પુર્ણિમા | ડૉ.આશાબેન પટેલ | ભારવાડિયા મેરામણ | 24 |
| 15 | 14 / 07 / 2023 | સ્વામી વિવેકાનંદ પ્રદર્શન | ડૉ.આશાબેન પટેલ | દત્તાણી ધારા<br>ભુંડિયા નિધી<br>કરમુર પ્રિયંકા | 27 |
| 16 | 14 / 07 / 2023 | સ્વામી વિવેકાનંદ ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો -07 | ડૉ.આશાબેન પટેલ | વ્યાસ આસ્થા | 33 |
| 17 | 15 / 07 / 2023 | પરિચય પ્રવાસ | ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ | ચૌહાણ કિર્તીબા | 37 |
| 18 | 20 / 07 / 2023 | વર્ષા મંગલ | ડૉ.આશાબેન પટેલ | કુંગડા નગમાબાનું | 40 |
| 19 | 21 / 07 / 2023 | ઉમાશંકર જોશી જન્મ જયંતી | ડૉ.નિધીબેન અગ્રાવત | પુરોહિત કુલદીપ | 43 |
| 20 | 26 / 07 / 2023 | ક્વિઝ સ્પર્ધા (G20 પ્રવૃત્તિ) | ડૉ.આશાબેન પટેલ | કરમુર જાનવી,<br>કરમુર પ્રિયંકા | 46 |
| 21 | 15 / 08 / 2023 | સ્વાતંત્ર્ય પર્વ | ડૉ.આશાબેન પટેલ | કણઝારીયા કૃણાલ | 48 |
| 22 | 23 / 08 / 2023 | ચન્દ્રયાન દર્શન | ડૉ.આશાબેન પટેલ | નિમાવત વિશ્વા | 51 |
| 23 | 24 / 08 / 2023 | વિદ્યાર્થી પંચાયત | ડૉ.નિધીબેન અગ્રાવત | સોંદરવા વર્ષા | 54 |
| 24 | 25 / 08 / 2023 | ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો 08 | ડૉ.આશાબેન પટેલ | ભંડેરી ગોપી | 56 |
| 25 | 29 / 08 / 2023 | સંસ્કૃત દિવસ | ડૉ.નિધીબેન અગ્રાવત | વ્યાસ ઋષિકેશ | 59 |
| 26 | 05 / 09 / 2023 | શિક્ષક દિન | ડૉ.નિધીબેન અગ્રાવત | આયડી સુનિલ | 62 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 27 | 12 / 09 / 2023 | વૃક્ષારોપણ (G20 પ્રવૃત્તિ) | ડૉ.નિધીબેન અગ્રાવત | રાઠોડ નિખિલ | 66 |
| 28 | 14 / 09 / 2023 | જોબ પ્લેસમેંટ | ડૉ.જીગ્નેશભાઈ લિમ્બાચીયા | ભાદરકા રિદ્ધિ | 69 |
| 29 | 19 / 09 / 2023 | ગણેશ ચતુર્થી | ડૉ.નિધીબેન અગ્રાવત | પ્રજાપતિ ગુડીયા | 72 |
| 30 | 21 / 09 / 2023 | સ્પોર્ટ્સ ડે (G 20 પ્રવૃત્તિ) | ડૉ.આશાબેન પટેલ | દત્તાણી ધારા<br>કરમુર પ્રિયંકા | 74 |
| 31 | 31 / 09 / 2023 | સ્વછતા હી સેવા - શ્રમ કાર્ય | ડૉ.જીગ્નેશભાઈ લિમ્બાચીયા | ગોસ્વામી વિશ્વા | 78 |
| 32 | 05 / 10 / 2023 | શ્રમ કાર્ય | ડૉ.જીગ્નેશભાઈ લિમ્બાચીયા | વ્યાસ ખુશાલી | 81 |
| 33 | 07 / 10 / 2023 | વન્ય જીવ પ્રાણી સપ્તાહ | ડૉ.નિધીબેન અગ્રાવત | ચૌહાણ દીપ્તિ | 84 |
| 34 | 19 / 10 / 2023 | કલાકુંજ | ડૉ.નિધીબેન અગ્રાવત | વાળા રીતુબા | 87 |
| 35 | 23 / 10 / 2023 | નવરાત્રી મહોત્સવ | ડૉ.નિધીબેન અગ્રાવત | વિરાણી જેનીસા<br>વ્યાસ આસ્થા | 91 |
| 36 | 23 / 10 / 2023 | શ્રમ કાર્ય | ડૉ.જીગ્નેશભાઈ લિમ્બાચીયા | ગોસ્વામી વિશ્વા | 94 |
| 37 | 26 / 10 / 2023 | ઇનોવેશન એક્ટિવિટી | ડૉ.જીગ્નેશભાઈ લિમ્બાચીયા | બાવળિયા વિજય | 97 |
| 38 | 27 / 10 / 2023 | SEAS અેહવાલ | ડૉ.આશાબેન પટેલ | ઝાલા ઉર્વશી<br>વાળા હેતલ | 99 |
| 39 | 04 / 11 / 2023 | રમત ગમત | ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ | ઠાકર કિશોર | 103 |
| 40 | 25 / 12 / 2023 | ગીતા જયંતિ | ડૉ.નિધીબેન અગ્રાવત | પાલિયા દેવયાનિ | 106 |
| 41 | 30 / 12 / 2023 | NEP 2020 વર્કશોપ | ડૉ.આશાબેન પટેલ | દત્તાણી ધારા<br>બાબવાણી દિલસાદ<br>કરમુર પ્રિયંકા | 109 |
| 42 | 01 / 01 / 2024 થી 23 / 01 / 2024 | ફિનિશિંગ સ્કૂલ પ્રોગ્રામ | ડૉ.આશાબેન પટેલ | માવ માનસી | 116 |
| 43 | 09 / 01 / 2024 થી 23 / 01 / 2024 | મહિલા સ્વરક્ષણ તાલીમ | ડૉ.આશાબેન પટેલ | ચાવડા દર્શના<br>પરમાર નિમિષા | 125 |
| 44 | 19 / 01 / 2024 | પોશીત્રા શૈક્ષણિક શિબિર | ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ | ગોસાઈ ઋત્વી | 128 |
| 45 | 26 / 01 / 2024 | પ્રજાસત્તાક દિવસ | ડૉ.આશાબેન પટેલ | જાડેજા શ્રેયાબા | 133 |
| 46 | 01 / 02 / 2024 | જોશ ખેલ મહોત્સવ | ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ | ઠાકર કિશોર | 138 |
| 47 | 06 / 02 / 2024 | ટ્રાફિક શિક્ષણ અને જાગૃતિ | હેતાબેન પટેલ | જય મકવાણા | 140 |
| 48 | 08 / 02 / 2024 | સ્વયંપાક અહેવાલ | ડૉ.નિધીબેન અગ્રાવત | જોગીયા સ્વાતી<br>કાંબરિયા જસ્મિતા | 144 |
| 49 | 21 / 02 / 2024 | વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તબક્કો – ૧ | ડૉ.આશાબેન પટેલ | સોલંકી ધર્મિષ્ઠા<br>કણઝારીયા કૃણાલ | 147 |
| 50 | 21 / 02 / 2024 | વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તબક્કો - ૨ | ડૉ.આશાબેન પટેલ | સોલંકી ધર્મિષ્ઠા | 152 |
| 51 | 22 / 02 / 2024 | સાંસ્કૃતિક કાર્યક્રમ | ડૉ.નિધીબેન અગ્રાવત | ડગરા જ્યોતિ | 157 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 52 | 28 / 02 / 2024 | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ | ડૉ.આશાબેન પટેલ | જાની આયુષી<br>નકુમ હેમાંગી | 160 |
| 53 | 02 / 03 / 2024 | વાર્ષિકોત્સવ | ડૉ.આશાબેન પટેલ | યશા દુબલ | 163 |
| 54 | 04 / 03 / 2024 | ઇનોવેશન એક્ટિવિટી | ડૉ.જીગ્નેશભાઈ<br>લિમ્બાચીયા | પરમાર નિધિ<br>ઝાલા વિશ્વરાજસિંહ | 168 |
| 55 | 06 / 03 / 2024 | જોબ પ્લેસમેંટ | ડૉ.જીગ્નેશભાઈ<br>લિમ્બાચીયા | ભગત નિકિતા<br>સોલંકી રીના | 171 |
| 56 | 13 / 03 / 2024 | યુવા મતદાર મહોત્સવ | ડૉ.આશાબેન પટેલ | જાની આયુષી | 175 |
| 57 | 20 / 03 / 2024 | વિશ્વ ચકલી દિવસ | ડૉ.નિધીબેન અગ્રાવત | પુરોહિત કુલદિપ | 178 |
| 58 | 21 / 03 / 2024 | મેન્ટલ હેલ્થ વર્કશોપ | ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ | સત્રોલા ધ્વનિ<br>આંબલિયા કુલદીપ | 181 |
| 59 | 22 / 03 / 2024 | યોગ જાગૃતિ | ડૉ.આશાબેન પટેલ | ડેર નીતિન | 184 |
| 60 | 22 / 03 / 2024 | આઈ.સી.ટી.ઇન રીસર્ચ<br>વર્કશોપ | ડૉ.આશાબેન પટેલ<br>ડૉ.જીગ્નેશભાઈ<br>લિમ્બાચીયા | સોલંકી રીના<br>વાઘેલા રિદ્ધિબા | 186 |
| 61 | 23 / 03 / 2024 | ઇનોવેટીવ પેડાગોજી | ડૉ.હેતાબેન પટેલ | ભારવાડીયા જયેશ | 190 |
| 62 | 24 / 03 / 2024 | જ્ઞાન ગુરુ ક્વિઝ<br>(G3Q 2.0) | ડૉ.આશાબેન પટેલ | ગોસ્વામી કેવલ | 194 |
| 63 | 01 / 04 / 2024 | સંસ્કૃત સંભાષણ વર્ગ | ડૉ.નિધીબેન અગ્રાવત | ગૌસ્વામી વિશ્વા | 198 |
| 64 | 04 / 04 / 2024 | ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો 09 | ડૉ.આશાબેન પટેલ | પરમાર ભાવેશ | 201 |
| 65 | 04 / 04 / 2024 | કલાપ્રતિભા સન્માનોત્સવ | ડૉ. રૂપલબેન માંકડ | હર્ષા ચૌહાણ | 206 |
| 66 | 08 / 04 / 2024 | પ્રતિભા સન્માનોત્સવ | ડૉ.જીગ્નેશભાઈ<br>લિમ્બાચીયા | શિહોરા મુકેશ | 208 |
| 67 | --- | અખબાર સંસ્મરણો | --- | --- | 213 |
| 68 | --- | સંસ્થા મુલાકાત પ્રતીભાવ | --- | --- | 216 |
| 69 | --- | તેજસ્વી તારલા | --- | --- | 218 |
| 70 | --- | Student List | --- | --- | 225 |

# સંસ્થા પરિચય

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયએ ગુજરાતની સૌથી પ્રાચીન શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાંની એક સંસ્થા છે. તેનું સંચાલન શ્રી વિદ્યામંડળ, અલિયાબાડા દ્વારા કરવામાં આવે છે. જેની સ્થાપના 1963માં થઈ હતી.

ડી.જી.એસ.એમ. કોલેજ દ્વારા અભ્યાસક્રમ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર કામ થયું છે. છેલ્લાં છ દાયકાથી શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાવાળા શિક્ષકોનું યોગદાન આપી રહ્યા છીએ. મહાવિદ્યાલયની સિદ્ધિઓમાં ઘણા પીંછા છે. માનવતાવાદી અભિગમ અને મૂલ્યો વાળા શિક્ષકોનો રાષ્ટ્રીય કક્ષાએ ફાળો આ કોલેજે આપ્યો છે.. કોલેજ **NAAC** માન્યતા માંથી પસાર થઈ છે અને **B** ગ્રેડ પણ મેળવ્યો છે. **AAA**ના રાજ્ય કક્ષાના મૂલ્યાંકનમાં કોલેજે **A** ગ્રેડ મેળવ્યો છે.

આ કોલેજ **UGC** માન્ય છે. તેમજ આઈ.આઈ.ટી.ઇ., ગાંધીનગર સાથે જોડાણ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિની જાળવણી સાથે યુગની જરૂરિયાત મુજબ નવી દ્રષ્ટિ ઉમેરવાનો પ્રયાસ કરીએ છીએ.

આ કોલેજ તાલીમાર્થીઓની જરૂરીયાતની તમામ સુવિધાઓ પૂરી પાડે છે. કોલેજ દ્વારા હાથ ધરવામાં આવતી અનેક પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓ સર્વાંગી વિકાસ સાધે છે. અમારા ખજાનામાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના સન્માનિત શિક્ષકો અને આચાર્યો છે. અમારી ટીમ સ્થાપકની દ્રષ્ટિ અને ઉદ્દેશોને અમલમાં મૂકવા અને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. કોલેજ આંતરિક ગુણવત્તા સેલ દ્વારા સતત મૂલ્યાકન પ્રક્રિયાની આકારણી કરે છે. સંસ્થાને રાજ્ય સરકાર દ્વારા વર્ષ 1985-1986 માટે શ્રેષ્ઠ કોલેજનો એવોર્ડ મળ્યો હતો.

# સંસ્થાનો ઈતિહાસ

1949ના મે મહિનામાં ડો. ડોલરભાઇ માંકડ ગ્રામીણ વિસ્તાર માટે કોલેજ બનાવવાની દ્રષ્ટિ સાથે તે સમયના સી.એમ. શ્રી યુ.વી.ઢેબરને સ્પષ્ટ પ્રસ્તાવ સાથે મળ્યા હતા. તેમણે સૌરાષ્ટ્ર વિસ્તારના દૂરના વિસ્તાર માટે કોલેજ શરૂ કરવાની મંજૂરી આપી.

શ્રી દરબાર ગોપાળદાસે આર્થિક વ્યવસ્થાની જવાબદારી લીધી હતી. પરંતુ તેમનું 1951માં નિધન થયું હતું. પરંતુ તેમના મૃત્યુ પહેલાં તેમણે જે વચન આપ્યું હતું તે ધ્યાનમાં રાખીને હજુ સુધી કોઈ ભંડોળ મળ્યું ન હોવા છતાં, ડોલરભાઇએ તેમનાં નામ પર કોલેજનું નામ આજ દિન સુધી રાખ્યું છે. આજ સુધી કોલેજ તેમની સ્મૃતિમાં તેમનાં નામે ચાલે છે. જૂન 1953માં ગુજરાત યુનિવર્સિટીએ આર્ટ્સ કોલેજને જોડાણ આપ્યું હતું.


1963માં કોલેજને એક શિક્ષક તાલીમી કોલેજમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. તે ખૂબ જ કુદરતી વાતાવરણની વચ્ચે સ્થિત છે. તેમાં ટ્રેન, બસ અને હાઇવે દ્વારા છેડા પરના જોડાણ છે. તેથી વિદ્યાર્થીઓને જાહેર પરિવહનનું જોડાણ પણ મળે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના સમયથી, કોલેજ તેની સાથે જોડાણ ધરાવતી હતી. 2020માં સરકારશ્રીની ઘોષણા મુજબ કોલેજને ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન,ગાંધીનગર સાથે કાયમી જોડાણ મળ્યું. સરકારશ્રી ની ઘોષણા મુજબ કોલેજને ફરીથી 2023 માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથેનું જોડાણ મળ્યું.

# શ્રી વિદ્યામંડળ પરિચય

શ્રી વિદ્યામંડળની રચના 1952માં જાહેર ટ્રસ્ટ તરીકે નોંધાઈ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત)ના પ્રથમ કુલપતિ અને રાજ્યના જાણીતા અને આદરણીય શિક્ષણવિદ સ્વ.શ્રી ડો. ડોલરરાય રંગીલદાસ માંકડ છે. સંસ્થાની સ્થાપના અને ગાંધીવાદી વિચારો અને ફિલસૂફી એટલે કે શ્રમ (સખત મહેનત) જ્ઞાન અને સમાજ સેવા પર આધારિત છે. હાલમાં, એક વિશાળ કેમ્પસ અને સંપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ સાથે સંસ્થાને જામનગર જિલ્લાનું એક અગ્રણી શૈક્ષણિક સંકુલ હોવાનો ગર્વ છે.સૌરાષ્ટ્ર પ્રદેશ તરીકે ટ્રસ્ટ ઘણી શાળાઓ અને અન્ય વિભાગોનું સંચાલન કરે છે. તે જાગૃતિ કાર્યક્રમ, નિઃશુલ્ક તબીબી શિબિરો, શિક્ષણ અને તાલીમ જેવી ઘણી સામાજિક પ્રવૃત્તિઓ પણ કરે છે.

# સંસ્થાપક પરિચય



# ડૉ.ડોલરરાય માંકડ

ડૉ.ડોલરભાઈનો જન્મ ગુજરાતના કચ્છ જિલ્લામાં 1902માં થયો હતો, તેઓ સૌરાષ્ટ્રમાં પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યા બાદ કરાચી ગયા હતા. તેઓ ડી.જે.સી.સિંધ કોલેજમાં ગુજરાતીના લેક્ચરર તરીકે જોડાયા. તેમનું શિક્ષણ અને સાહિત્ય, કળા, ઇતિહાસ, પુરાતત્ત્વ અને ફિલસૂફીના ક્ષેત્રે ચાલીસથી વધુ કિંમતી પુસ્તકોનું યોગદાન છે. તેમનું આ કાર્ય વિદ્વાનો માટે ખજાનો છે. તેમની કરાચીથી વિદ્યાનગરથી અલિયાબાડા સુધીની યાત્રા વાંચન, લેખન તથા સંશોધનથી સભર હતી. તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ અને સ્થાપક વાઇસ ચાન્સેલર બનવાનું મહાન સન્માન આપવામાં આવ્યું હતું. જ્યાં તેમણે ભારતીય સંસ્કૃતિ અને વારસાને જાળવાનો સમૃધ્ધ માર્ગ અપનાવ્યો હતો. જામનગરમાં પણ તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં તેમનું યોગદાન આપ્યું છે. તેમણે એક મહાન શૈક્ષણિક નેતા તેમજ સમાજ સુધારક તરીકે સમાજની સેવા કરી છે. 1970માં તેમનું નિધન થયું.

# સ્ટાફ પ્રોફાઈલ

| ક્રમ | અધ્યાપક નું નામ | લાયકાત | હોદ્દો | મેથડ |
|---|---|---|---|---|
| 1 | ડો.રૂપલબેન એસ. માંકડ | M.A(English) M.A (Gandhian Philosophy) M.Ed. M.Phil. Ph.D. | ઇ.ચા.પ્રિન્સિપાલ | અંગ્રેજી |
| 2 | ડો. આશાબેન એમ.પટેલ | M.Sc. M.Ed. M.Phil. Ph.D. GSLET M.A.(Education) | આસિ.પ્રોફેસર | વિજ્ઞાન |
| 3 | ડૉ. પ્રશાંતભાઈ કે. ચૌહાણ | M.A. M.Ed. M.Phil. Ph.D. GSLET (Education) | આસિ.પ્રોફેસર | સામાજિક વિજ્ઞાન |
| 4 | ડૉ. જીજ્ઞેશભાઈ એચ.લીમ્બાચીયા | M.A.[History] M.A.[Psychology] M.Ed., M.Phil. Ph.D. | આસિ.પ્રોફેસર | સામાજિક વિજ્ઞાન |
| 5 | ડૉ. નિધિબેન ડી.અગ્રાવત | M.A. M.Ed. M.Phil. Ph.D. [Sanskrit] | આસિ.પ્રોફેસર | સંસ્કૃત |
| 6 | હેતાબેન પી. પટેલ | M.Sc. M.ED. GSLET (Education & Academic) | આસિ.પ્રોફેસર | ગણિત |

# નોન ટીચિંગ સ્ટાફ

| ક્રમ | નામ | લાયકાત | હોદ્દો |
|---|---|---|---|
| 2 | હરેશભાઈ વાઘેલા | B. Com. | ક્લાર્ક |
| 1 | ડાહ્યાભાઇ ભાગવત | ધો. 10 પાસ | સાથી મિત્ર |

# વિદ્યાર્થી સંખ્યા

| ક્રમ | જાતિ | બી.એડ. સેમ - 2 | બી.એડ. સેમ - 4 | કુલ તાલીમાર્થી |
|---|---|---|---|---|
| 1 | કુમાર | 18 | 17 | 35 |
| 2 | કન્યા | 31 | 29 | 60 |
| 3 | કુલ | 49 | 46 | 95 |

# પ્રાસ્તાવિક

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય,અલિયાબાડા એટલે 1963થી સ્થપાયેલ શિક્ષકોને તૈયાર કરનારી શિક્ષક પ્રશિક્ષણની સંસ્થા.આ વર્ષ 2023-2024 પ્રારંભથી શૈક્ષણિક અને સહભ્યાસિક પ્રવૃત્તિ કરવાનું થયું. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડાનું જોડાણ સરકારશ્રીના નિયમો અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ સાથે થયું. સમગ્ર જોડાણ પ્રક્રિયા પૂર્ણ થઇ અને કાયમી જોડાણ પત્ર પણ મળી ગયો. વર્ષ 2023-2024 ના વર્ષમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ હતા.આ વર્ષમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટના હતા.દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ આઈ.આઈ.ટી.ઈ.યુનિવર્સિટી,ગાંધીનગરના હતા.




સંસ્થાના ધ્યેયો જ્ઞાન, શ્રમ અને સમાજ સેવા ધ્યાને લઇ કાર્યક્રમો કરવામાં આવ્યા. શૈક્ષણિક અને વહીવટી કામ કરવામાં આવ્યું. આ વખતે પ્રથમ વર્ષના કુલ 49 તાલીમાર્થીઓના પ્રવેશની કામગીરી નિયમાનુસાર થઈ. વખતો વખતની સરકારી માર્ગદર્શિકાનું પાલન કરીને પરીક્ષાઓ પણ સમયસર યોજાઇ હતી. ત્યારબાદ બીજા અને ચોથા સેમેસ્ટરની શરૂઆત કરવામાં આવી અને તમામ શિક્ષણ કાર્ય પણ સત્રાંત સુધી ચાલુ રહ્યું. તે સમયગાળા દરમિયાન કોલેજ કક્ષાએ દિન વિશેષ, સામાજિક અને શૈક્ષણિક સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમાં બી.એડ. સેમેસ્ટર 2 અને સેમેસ્ટર 4 ના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ત્યારબાદ સમગ્ર વર્ષ દરમયાન શૈક્ષણિકકાર્ય અને કેટલીક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં જોબ પ્લેસમેન્ટ ફેર, પરિચય પ્રવાસ, સ્પોર્ટ્સ મીટ, કલાકુંજ, યુવા મહોત્સવ, માતૃભાષા મહોત્સવ કાર્યક્રમ, શિક્ષક દિન, ડિબેટ સ્પર્ધા, સ્ટ્રે લેશન,માઈક્રો શિબિર, એકમ શિબિર,વાર્ષિક પાઠ, વિશ્વ યોગ દિનની ઉજવણી, પૂર્વ સેમેસ્ટર પરીક્ષા, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવણી કાર્યક્રમ, પર્યાવરણ જાગૃતિ વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવેલ હતી. આમ સમગ્ર વર્ષ દરમ્યાનની રૂપરેખા અહેવાલ સ્વરૂપે માસ વાઇઝ રજૂ કરવામાં આવેલ છે.

# Top 10 list of year 2023-2024

## B.Ed. Sem - 1

| SR NO. | NAME | MARK | PER.% |
|---|---|---|---|
| 1 | CHAVDA DARSHNA M. | 587 | 93.92 |
| 2 | AYADI SUNIL Y. | 584 | 93.44 |
| 3 | BAVALIYA VIJAY P. | 583 | 93.28 |
| 4 | GOJIYA VIREN R. | 582 | 93.12 |
| 5 | VARU DIPAK M. | 581 | 92.96 |
| 6 | BHARVADIYA JAYESH | 580 | 92.80 |
| 7 | KAMBARIYA JASMITA D. | 578 | 92.48 |
| 8 | BHANDERI GOPI N. | 577 | 92.32 |
| 8 | MAKWANA ALPA S. | 577 | 92.32 |
| 9 | BHARVADIYA MERAMAN | 575 | 92.00 |
| 9 | KUNGDA NAGMABANU D. | 575 | 92.00 |
| 10 | PARMAR NIMISHA P. | 573 | 91.68 |

# Top 10 list of year 2023-2024

## B.Ed. Sem - 3

| SR NO. | NAME | MARK | PER.% |
|---|---|---|---|
| 1 | Karmur Priyanka | 641 | 98.61 |
| 2 | Karmur Janvi | 640 | 98.46 |
| 3 | Chauhan Dipti | 635 | 97.69 |
| 4 | Jethva vaishaliba | 632 | 97.23 |
| 4 | Zala Urvashi | 632 | 97.23 |
| 5 | Panchasara Bhakti | 631 | 97.07 |
| 6 | Rupa Odedara | 630 | 96.92 |
| 6 | Dattani Dhara | 630 | 96.92 |
| 7 | Bhundiya Nidhi | 628 | 96.61 |
| 7 | Vadher Druti | 628 | 96.61 |
| 8 | Solanki Foram | 626 | 96.30 |
| 9 | Vala Hetal | 624 | 96.00 |
| 10 | Dave Hiral | 623 | 95.84 |
| 10 | Dave Soham | 623 | 95.84 |
| 10 | Gorfad Arzu | 623 | 95.84 |
| 10 | Lamba Jatin | 623 | 95.84 |
| 10 | Vala Rituba | 623 | 95.84 |

# સ્નેહ મિલન કાર્યક્રમ


દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય - અલિયાબાડા

"તેજસ્વી તપસી જનમાં જ્ઞાત ને સત્ય આ જગે"

ષષ્ટિપૂર્તિ વર્ષ 60

## નિમંત્રણ

### ભૂતપૂર્વ સ્ટાફ પરિવાર સ્નેહ મિલન


30/04/2023, રવિવાર, સમય :- 10 a.m.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય - અલિયાબાડા

આ કાર્યક્રમમાં પધારવા આપને અમારું ભાવપૂર્વક હાર્દિક નિમંત્રણ છે.

શ્રી દિલીપસિંહ આશર
ટ્રસ્ટી

ડૉ.રૂપલબેન માંકડ
આચાર્ય


દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય -અલીઆબાડા

ભુતપુર્વ સ્ટાફ પરિવાર સ્નેહમિલન – કાર્યક્રમ

રૂપરેખા

તારીખ : 30/4 /2023

સ્થળ : મહાવિદ્યાલય પરિસર

- સ્વાગત – અક્ષત કુમકુમ : ડૉ. આશાબેન અને ડૉ. નિધિબહેન
- પ્રાર્થના – સામુહિક
- દીપ પ્રાગટ્ય – વડીલો
- આવકાર – ડૉ.રૂપલબેન માંકડ
- પ્રાસંગિક – ડૉ. ઝવેરભાઈ ચાવડા
- અધ્યાપક પરિચય – અધ્યાપક મિત્રો
- પરિચય- ભૂતપૂર્વ પરિવારજનો
- સ્મૃતિચિહ્ન વિતરણ : ડૉ.જીગ્નેશભાઈ લીમ્બાચીયા
- સંસ્મરણો – સ્વેચ્છાએ
- આભારદર્શન – ડૉ.આશાબેન પટેલ

કાર્યક્રમ સંચાલન : ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ

તારીખ - 30/4/2022ના રોજ ગંગાજળા વિદ્યાપીઠ સંચાલિત શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય-અલિયાબાડામાં ભૂતપૂર્વ સ્ટાફ પરિવાર સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



"આવ્યા અમ આંગણે તમે વધામણી કેમ કરવી રે!

અક્ષત ને કુમકુમ થી કર્યા વધામણા રે!"













આમ, મહાવિદ્યાલયના અધ્યાપકો ડૉ. આશાબેન પટેલ અને ડૉ. નિધિબેન અગ્રાવતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અક્ષત કુમકુમ દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સામૂહિક પ્રાર્થના કાર્યક્રમ કરવામાં આવ્યો.

**"અજ્ઞાનના અંધકાર થાશે દૂર જ્યારે પ્રગટશે જ્ઞાનનો દીપક પૂર."**




આમ, ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી, અધ્યાપકશ્રી અને પધારેલ મહેમાનશ્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

ત્યારબાદ ડૉ.રૂપલબેન માંકડ દ્વારા પધારેલ મહેમાનશ્રીનો આવકાર કરવામાં આવ્યો હતો. આવકાર બાદ પ્રાસંગિક ઉદબોધન ડૉ.જયેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના તમામ અધ્યાપકો ડૉ. આશાબેન પટેલ, ડૉ. પ્રશાંતસર ચૌહાણ, ડૉ. જીગ્નેશસર લીમ્બાચીયા, ડૉ.નિધિબેન અગ્રાવત દ્વારા પોતપોતાનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ભૂતપૂર્વ















પરિવારજનો દ્વારા પોતપોતાનો પરિચય અપાયો.

ભૂતપર્વ સ્ટાફ પરિવાર સ્નેહ મિલન કાર્યક્રમના ભોજનના દાતા શ્રી ડૉ. ઝવેરભાઈ ચાવડા હતા તેમજ ડૉ.કુમુદબેન ત્રિવેદીના સ્મરણાર્થે આપેલ સ્મૃતિ ચિન્હના દાતા શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યાપકો તેમજ ભૂતપૂર્વ સ્ટાફ પરિવારજનો સૌને સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યા હતા.








**"પોતાના જૂના અસ્તિત્વને અરીસામાં નિહાળવો એટલે સંસ્મરણ.**

**લાગણીના પ્રવાહમાં વહી જઈ, મુખપર મીઠું હાસ્ય લાવવું એટલે સંસ્મરણ.**

**સુકાયેલા પાંદડાની એના જ હરિતરંગ સાથે મિલાપ કરાવો એટલે સંસ્મરણ."**



કાર્યક્રમના અંતે ડૉ.આશાબેન પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.











# સંદર્ભ

**YouTube link:** https://youtube.com/shorts/qal_AKwdH4U?si=qd724NzBcHN3C2vX

**Facebook link:**

https://m.facebook.com/story.php?story_fbid=pfbid0bZVfD4XxJEkfYMYLK5165WsAGQ4WBdMUfXLzdxn6btBc69EsznMhJNEmwoJEG2wXl&id=100063767724116&sfnsn=wiwspwa&mibextid=RUbZ1f

# પ્રસ્તુત કર્તા



જેઠવા વૈશાલીબા



ભુંડિયા નિધિ

# માર્ગદર્શક

## ડૉ. આશાબેન પટેલ

# ડ્રોઈંગ કોમ્પીટીશન

**"કલા જ જીવનને નિખારે છે,**

**કલા પ્રકૃતિનું જ રૂપ છે."**

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય-અલિયાબાડા કૉલેજમાં તા. 21/06/2023ના રોજ G20 અંતર્ગત ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન કરેલું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. જેમાં તેઓએ G20 વિશે માહિતી આપી હતી અને ડ્રોઈંગ કોમ્પીટીશનના નિયમો વિશે સૂચન કર્યું.

ચિત્રકલાનો ધ્યેય પ્રકૃતિના જડ અનેચેતન તત્વોનું અનુકરણ કરી માનવીના હૃદયની ઉર્મિઓને જાગ્રત અને અભિવ્યક્ત કરવાનો છે. ચિત્રકલા અને સૌંદર્ય ભિન્ન હોવા છતાં એકાકાર થયેલા છે. કલાનો મુખ્ય હેતુ સૌંદર્ય-નિર્માણ દ્વારા અલૌકિક અને ભાવાત્મક આનંદ આપવાનો છે. કલાકાર અને કલાનો આસ્વાદ લેનાર બંનેને ચિત્રકલા આનંદ આપે છે. સંસ્કૃતિ એ આપણી જીવનશૈલીનું દર્પણ છે. ચિત્રકલા સંસ્કૃતિનું એક અનોખું અંગ છે. માનવ સંસ્કૃતિ આરંભમાં ધર્મ પ્રધાન હતી. કલા અને સંસ્કૃતિના સમન્વયથી માનવ જીવન સુખમય બની શકે છે. કલા શબ્દ એ સંસ્કૃત શબ્દ 'કલ' ધાતુ પરથી ઉતરી આવ્યો છે.તેનો અર્થ જાણવું, પામવું કે કેળવવું એવો થાય છે. અંગ્રેજી શબ્દ 'ART'(આર્ટ)નો મૂળ લેટિન શબ્દ ARS છે. ચિત્તને રંજન આપે તે ચિત્રકલા, ઈશ્વરે સર્જેલી સૃષ્ટિ કે ચિત્રકારના ચિત્ર સર્જનમાં રેખા અને રંગનું મહત્ત્વ સમજાવે છે. ચિત્ર લોકોને એકસાથે લાવી શકે છે અને તેના દ્વારા કોઈપણ વિષય પ્રત્યે ઊંડાણ પૂર્વક સમજ કેળવી શકે છે.



તારીખ 21/06/2023 ના રોજ બુધવારે અમારી સંસ્થામાં G20 અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધાનો વિષય "નેચર" રાખવામાં આવ્યો હતો. તેમાં પ્રકૃતિના જુદા-જુદા રૂપો, પ્રકૃતિના નયન રમ્ય દ્રશ્યો તેમજ પ્રકૃતિને બચાવવાના, પ્રકૃતિની જાળવણી વગેરે જેવા વિષયો આપવામાં આવ્યા હતા. એ પ્રમાણે બધાને થીમ ઉપર ડ્રોઈંગ કોમ્પિટિશનના નિયમ પ્રમાણે ડ્રોઈંગ દોરવા કહ્યું હતું. તાલીમાર્થીઓને ડ્રોઈંગ કોમ્પીટીશન માટે પોસ્ટર સાઈઝ અને A3 શીટ ઉપર ડ્રોઈંગ કરવા માટે કહેવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ ડ્રોઈંગમાં જુદા-જુદા પ્રકારના કલરનો ઉપયોગ કરીને ચિત્રને એક અનોખો ઓપ આપતા હતા.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તાલીમાર્થીઓ દ્વારા "નેચર" વિષય પર પોતાના જુદા-જુદા વિચારો રજૂ કરીને ચિત્ર બનાવવામાં આવ્યા હતા. તેમજ તમામ ચિત્ર બનાવવા માટે કુલ બે કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં અમારી સંસ્થાના કુલ 10 પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જુદા-જુદા નિયમો તેમજ વિષયને ધ્યાનમાં રાખી તેમાંથી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કરમુર પ્રિયંકાબેન, બીજા ક્રમે ગોરફાડ આરઝુબેન તેમજ ત્રીજા ક્રમે ભુંડિયા નિધિબેન રહ્યા હતા. નિર્ણાયકશ્રી તરીકે અમારી સંસ્થાના અધ્યાપક ડૉ. આશાબેન પટેલ અને ડૉ. નિધિબેન અગ્રાવત એ ભૂમિકા ભજવી હતી. આ G20 ચિત્ર સ્પર્ધાના નોડલ ઑફિસર તરીકે ડૉ. આશાબેન પટેલ અને કો-ઓર્ડીનેટર તરીકે ડૉ. નિધિબેન અગ્રાવત રહ્યા હતા. બધા તાલીમાર્થીઓએ ખૂબ જ રસ પૂર્વક ડ્રોઈંગ કોમ્પીટીશનમાં ભાગ લીધો.

## પ્રસ્તુત કર્તા



**ભુંડિયા નિધિ**

## માર્ગદર્શક

**ડૉ. આશાબેન પટેલ**

# પ્રવેશ મહોત્સવ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા એટલે શિક્ષણની એક એવી પ્રણાલિકા જ્યાં તમામ અધ્યાપકો અને તાલીમાર્થીઓ પરિવારની જેમ રહે છે. જેમ પરિવારમાં કોઈ નવા સદસ્યનું આનંદ ઉલ્લાસથી સ્વાગત કરવામાં આવે તેમ અમારી કોલેજમાં પણ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓનું સ્વાગત આચાર્યશ્રી, અધ્યાપકો તથા દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું.





આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી, અધ્યાપકો તથા દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ અને પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓ તથા તેમના વાલીઓ ઉપસ્થિત હતા. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પ્રાર્થનાખંડનું સુંદર સુશોભન કર્યું હતું.



કાર્યક્રમની શરૂઆત પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને કુમકુમ તિલક કરી અને અધ્યાપકો દ્વારા 'પ્રાથમિક શિક્ષણના નૂતન પ્રયોગો' પુસ્તકનું વિતરણ કરી પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું.



કોલેજના આચાર્યશ્રી તથા અધ્યાપકોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું અને "मनुष्य तू बड़ा महान है"ગીત રજૂ કરી તાલીમાર્થીઓને આવકારવામાં આવ્યા. દ્વિતીય વર્ષની તાલીમાર્થી નાંગર નીતાબેન એ સ્ટાફ પરિવારનો પરિચય આપ્યો અને પોતાના થોડા અનુભવો રજૂ



**" जैसे रोशनी होती है दीपक में, वैसे सब में आप जोश भर दो,**

**पावन किया है दरबार को आपने, दीप जलाकर आगाज कर दो।"**

કર્યા. ત્યારબાદ અધ્યાપકોએ પોતાનો વ્યક્તિગત પરિચય આપ્યો. કોલેજના આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ દ્વારા સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો અને બી.એડ કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મળવા બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

કોલેજનો પ્રથમ દિવસ અષાઢી પૂર્ણિમા નો દિવસ એટલે કે ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ હતો. અધ્યાપકોએ ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું. વાળા રીતુબાએ ગુરુ મહિમા વિશેની સુંદર રજૂઆત કરી. જીવનમાં ગુરુના મહત્વ અને ગુરુનું સ્થાન શું છે તે વિશેની સમજ આપી. ગુરુપૂર્ણિમાની તમામ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી.





**"लक्ष्मी पूजेंसंपत्ति मिले, गुरु को पूजेंज्ञान।**

**माता-पिता को पूजें सब मिले, हो जाए भव पार।।"**



સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષની તાલીમાર્થી ભગત નિકિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તેમના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને અંતે ધૂમરા સુનેહરાબાનુ દ્વારા આભાર વિધી કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આમ, પ્રવેશ મહોત્સવ કાર્યક્રમનું સમગ્ર સંચાલન કાર્ય સંચાલક અધ્યાપક ડૉ.પ્રશાંતસર ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**પ્રસ્તુત કર્તા**




**જમોડ રામદે**

**માર્ગદર્શક**

**ડૉ. આશાબેન પટેલ**

# ગુરૂપૂર્ણિમા


જો કોઈ વ્યક્તિને સાચા ગુરુ મળી જાય છે તો તે ગ્રંથ વાંચ્યા વગર જ જ્ઞાની બની જાય છે.



અષાઢ સુદ પૂનમ જે વર્ષની સૌથી મોટી પૂર્ણિમા એટલે કે જેને ગુરૂપૂર્ણિમા કહે છે.

ગુરૂ વિના આપણે ઈશ્વરને પણ ઓળખી શકતા નથી. **એકલવ્યની** ગુરૂ ભક્તિએ તેને એક સામાન્ય ભીલ હોવા છતાં પણ અમર કરી નાખ્યો. ગુરૂનું દરેક કાર્ય હંમેશા શ્રેયકર જ હોય છે. ફક્ત તેમનામાં આપણે વિશ્વાસ મૂકી દેવાનો હોય છે. ગુરૂનું પૂજન સ્વયં **ભગવાન શ્રીકૃષ્ણ** પણ કરતા હતા. તેમની આજ્ઞાનું પાલન કરવા તેઓ હંમેશા તત્પર રહેતા હતાં.

જે આપણને પ્રેરણા આપે છે, સાચું કહે છે, રસ્તો દેખાડે છે, સાચા-ખોટાનો ભેદ સમજાવે છે તે જ સાચા ગુરુ છે.



ગુરૂ મહિમા અને ગુરૂ પ્રત્યેનો આદરભાવ તથા ગુરૂ અને શિષ્યનો સંબંધ વ્યક્ત થાય તેવું આયોજન દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાના દિવસે કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનો વિદ્યાલયમાં પ્રથમ દિવસ અને તેમાં પણ અમે એટલા નસીબદાર કે ગુરૂ મહિમા, ગુરૂ જ્ઞાન સાથે અમારે પ્રવેશ મહોત્સવ ઉજવાયો.

કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ સમભાવ પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ડૉ. રૂપલબેન માંકડ, ડૉ. આશાબેન પટેલ, ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ, ડૉ. જીજ્ઞેશભાઈ લીંબાચિયા અને ડૉ. નિધિબેન અગ્રાવતના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દ્વિતીય વર્ષના તાલીમાર્થી તથા આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ અને સ્ટાફ પરિવાર દ્વારા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



**अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।**

**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।**

અર્થાત્... જ્ઞાનના તીરની મદદથી અજ્ઞાનતાના અંધકારથી આંધળા બનેલા લોકોની આંખો ખોલનાર તમામ ગુરૂઓને નમસ્કાર.

ગુરૂપૂર્ણિમાનો મહિમા પ્રગટ કરતું ગીત ચૌહાણ દિપ્તીબેન દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરૂનું મહત્વ દર્શાવતુ ભજન લાંબા જતિનભાઈએ તેમના મધુર અવાજે ગાયું. ભજનના શબ્દો **'સદગુરૂ તમે મારા તારણહાર'** હતાં. ગુરૂપૂર્ણિમાના પાવન દિવસને ઉજાગર કરતુ રાઠોડ નીરૂબેન દ્વારા ગુરૂ પ્રતાપ, ગુરૂ આશિષ વિશે મુક્ત અભિવ્યક્તિ આપી. ગુરૂમહિમા ગાન વાળા રિતુબેને પોતાની મધુરવાણી દ્વારા રજુ કર્યું. આ કાર્યક્રમનું સુગમ્ય સંચાલન ભગત નિકિતા બેને કર્યું.

***नीचं शय्यासनं चास्य सर्वदा गुरुसंनिधौ ।***

***गुरोस्तु चक्षुर्विषये न यथेष्टासनो भवेत् ।।***

અર્થાત્.... વ્યક્તિએ હંમેશા ગુરૂની પાસે તેનાં કરતા નીચેના આસન પર બેસવું જોઈએ. જયારે ગુરૂ આવતા દેખાય છે, ત્યારે વ્યક્તિએ પોતાની મરજીથી બેસવું જોઈએ નહીં.

વિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડે ગુરૂ અને શિષ્યનો સંબંધ સ્પષ્ટ કરતાં મધુર વાણીમાં પ્રવચન આપ્યું. તાલીમાર્થીઓ ગુરૂના મહિમાગાન માં મંત્ર મુગ્ધ થઈ ગયા હતા. આ ઉપરાંત ડૉ. આશાબેન પટેલે ગુરૂ અને શિષ્યનો પ્રેમ દર્શાવતી ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના ગુરૂ સાંદિપનીની વાતો કહી.

દ્વિતીય વર્ષના તાલીમાર્થી મિત્રોએ પોતાના અનુભવો દ્વારા ગુરૂ મહિમા વર્ણવ્યો. કાર્યક્રમનું આયોજન દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખુબજ સરસ રીતે પૂર્ણ થયો.

**धर्मज्ञो धर्मकर्ता च सदा धर्मपरायण: ।**

**तत्वेभ्य: सर्वशास्त्रार्थादेशको गुरुरुच्यते।।**

અર્થાત્..... જેઓ ધર્મને જાણે છે, જેઓ ધર્મ પ્રમાણે વર્તન કરે છે, જેઓ ધર્મનિષ્ઠ છે અને જેઓ તમામ શાસ્ત્રોમાંથી તત્વોનો ઉપદેશ આપનાર ગુરૂ કહેવાય છે.

પ્રથમ વર્ષના તાલીમાર્થી મિત્રો તથા દ્વિતીય વર્ષના તાલીમાર્થી મિત્રો સર્વનો સાથ, સહકાર અને તમામ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ ગુરૂપૂર્ણિમાના દિવસના સંસ્મરણો ક્યારેય નહીં ભૂલાય. કાર્ય સંચાલક ડૉ.

પ્રશાંતભાઈ ચૌહાણ અને સહુ અધ્યાપકોના માર્ગદર્શનથી ગુરૂપૂર્ણિમાના દિવસની ઉજવણી મહત્વની બની રહી. ૨૦૨૩નો ગુરૂપૂર્ણિમાનો દિવસ બધાના માટે યાદગાર બની રહેશે. કાર્યક્રમમાં હાજર રહેનાર ગુરૂમહિમાનું શ્રવણ કરનાર સર્વનો આભાર ધુમરા સુનેહરાબેને વ્યક્ત કર્યો.

**" जो बात दवा से नहीं होती,वह बात दुआ से होती है ।**

**काबिल गुरु जब मिलता है,तो बात खुदा से होती है।। "**

## સંદર્ભ

https://www.facebook.com/share/p/igDt24WthS6G1qCf/?mibextid=qi2Omg

## પ્રસ્તુત કર્તા




ભારવાડિયા મેરામણ

## માર્ગદર્શક

# ડૉ. આશાબેન પટેલ

# સ્વામી વિવેકાનંદ પ્રદર્શન

વર્તમાન સમયગાળામાં મૂલ્યલક્ષી શિક્ષણને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત નવી શિક્ષણ નીતિ 2020 માં પણ મૂલ્ય શિક્ષણ ઉપર ભાર આપવામાં આવ્યો છે. આવું જ મૂલ્યલક્ષી શિક્ષણ વિદ્યાર્થીઓને આપવા વિવિધ પદ્ધતિઓ ખૂબ ઉપયોગી બનતી હોય છે જેમાંની એક શ્રેષ્ઠ પદ્ધતિ છે પ્રદર્શન પદ્ધતિ. આ પદ્ધતિની મદદથી વિદ્યાર્થીઓ જોઈને સમજી શકે અને જાણી શકે તે માટે અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં તારીખ 14 જુલાઈ 2023ના રોજ રામકૃષ્ણ પરમહંસ, રાજકોટ તેમજ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે શ્રેષ્ઠ જીવન મૂલ્યો ધરાવનાર અને લોકોને જીવનમાં ઉપયોગી બને









**"शिक्षाका सही उद्‌देश्य तथ्यों का नहीं बल्कि मूल्यों का सही ध्यान देना होता है।"**

***અર્થાત્...*** શિક્ષા એ ફક્ત તથ્યોને જાણવા માટે નહીં પરંતુ તેના મૂલ્યોને જાણવા માટે ખૂબ ઉપયોગી છે.

તેવા શ્રેષ્ઠ મૂલ્યો અને વિચારો આપનાર સ્વામી વિવેકાનંદજીના જીવન આધારિત વિવિધ પ્રસંગોનું ચાર્ટ સહ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમારી સંસ્થાના અધ્યાપક શ્રી ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ષષ્ટિપૂર્તિ વર્ષ નિમિત્તે અમારી કોલેજ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદના ભવ્ય પ્રદર્શનનું આયોજન તારીખ 14 જુલાઈ 2023ના રોજ વ્યાખ્યાન ખંડમાં રાખવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રદર્શનનું ઉદ્ઘાટન રામકૃષ્ણ આશ્રમ, રાજકોટથી પધારેલ સ્વામી વેદનિષ્ઠાનંદજીના હસ્તક કરવામાં આવ્યું હતું.



પ્રથમ વર્ષ તથા બીજા વર્ષના તાલીમાર્થી બહેનો દ્વારા તિલક કરી અને સંસ્કૃતના શ્લોકો સાથે સ્વામી વેદનિષ્ઠાનંદજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રદર્શનના ઉદ્ઘાટન બાદ દીપ પ્રાગટ્ય કરી, સૌ પ્રથમ સ્વામી વેદનિષ્ઠાનંદજી અને અધ્યાપકોએ પ્રદર્શનની મુલાકાત લીધી.ત્યારબાદ પ્રદર્શનને સૌ શાળાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લુ કરવામાં આવ્યું.આ પ્રદર્શનમાં અલિયાબાડાની નજીકની શાળામાં જે.એચ.એમ.વી. શાળા, વિઝન સ્કૂલ, નવોદય સ્કૂલ, કન્યા શાળા,કુમાર શાળા આશ્રમશાળાના વિદ્યાર્થીઓ,આચાર્યો અને શિક્ષકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં સ્વામી વિવેકાનંદના જીવન આધારિત વિવિધ પ્રસંગોના ચાર્ટ કે જે વિદ્યાર્થીને તેના સમગ્રજીવન દરમિયાન યોગ્ય દિશા આપનાર અને સ્વામી વિવેકાનંદ જેવા ગુણો કેળવવા પ્રોત્સાહન અને પ્રેરણા આપનાર ચાર્ટ હતા. કુલ 41 ચાર્ટ દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન માંથી શાશ્વત પ્રેરણાદાયી પ્રસંગો દ્વારા આજનો વિદ્યાર્થી ત્યાગ,સેવા, સમર્પણ, પ્રેમ અને બલિદાનની ભાવનાને પોતાના જીવનમાં ઝીલે અને જીરવે એવા પ્રેરક પ્રસંગો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. વિવિધ ચાર્ટ વિશે વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**ચાર્ટ ૧** આ ચાર્ટમાં પોતાના પર શ્રદ્ધાનું મહત્વ દર્શાવવામાં આવ્યું હતું.

**ચાર્ટ ૨** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના જન્મનું રહસ્ય જણાવવામાં આવ્યું હતું.

**ચાર્ટ 3** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના માતા ભુવનેશ્વરીદેવીએ ભગવાન શંકર પાસે પુત્ર નું વરદાન માગ્યું હતું.

**ચાર્ટ ૪** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના બાળપણના વિવિધ પ્રસંગોની વાતકરવામાં આવી હતી.

**ચાર્ટ ૫** આ ચાર્ટમાં તેમની માતા પાસેથી તેમને વિવિધ ધર્મલક્ષી તાલીમ મેળવી હતી તેની માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૬** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદને તેમનાપિતા પાસેથી મળેલા આદર્શોની માહિતી આપવામાં આવી હતી.



**ચાર્ટ ૭** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદ ની બાળપણની પ્રિય રમત- રાજ દરબાર રમત વિશે દર્શાવવામાં આવ્યુંહતું.

**ચાર્ટ ૮** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની ધ્યાનની એકાગ્રતા વિશે દર્શાવવામાં આવ્યું હતું.

**ચાર્ટ ૯** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની ભગવાન પરની અનન્ય શ્રદ્ધાનું મહત્વ દર્શાવવામાં આવ્યું હતું.

**ચાર્ટ ૧૦** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના દયાભાવની વાત કરવામાં આવી હતી.

**ચાર્ટ ૧૧** આ ચાર્ટમાં તેમના સાહસિક ગુણની વાત કરવામાં આવી હતી.



**ચાર્ટ ૧૨** આ ચાર્ટમાં નરેન્દ્રનો નીડર ભાવ દર્શાવવામાં આવ્યો હતો.

**ચાર્ટ ૧૩** આ ચાર્ટમાં નરેન્દ્રનો સેવા ભાવ જોવા મળ્યો હતો.

**ચાર્ટ ૧૪** આ ચાર્ટમાં નરેન્દ્રનો સત્યવાદી ગુણ જોવા મળ્યો હતો.

**ચાર્ટ ૧૫** આચાર્ટમાં તેમનો નિષ્ઠા અને સેવા ભાવનો ગુણ જોવા મળ્યોહતો.

**ચાર્ટ ૧૬** આ ચાર્ટમાં નરેન્દ્રનાથની ભગવાનને જોવાની આતુરતા વિશે વાત કરવામાં આવી હતી.

**ચાર્ટ ૧૭** આ ચાર્ટમાં નરેન્દ્રનાથ અને તેમના ગુરુ રામકૃષ્ણ દેવની મુલાકાતનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો હતો.

**ચાર્ટ ૧૮** આ ચાર્ટમાં નરેન્દ્રનાથ તેમના ગુરુ રામકૃષ્ણ દેવની કસોટીનો પ્રસંગ રજૂ કરવામાં આવ્યો હતો.



**ચાર્ટ ૧૯** આ ચાટમાં નરેન્દ્રની માતા મહાકાળીને કરવામાં આવતી પ્રાર્થનાની માહિતી આપવામાં હતી.

**ચાર્ટ ૨૦** આ ચાર્ટમાં નરેન્દ્ર તેમના ગુરુ પાસેથી વિવિધ સિદ્ધિઓ હાંસલ કરવાની માહિતી આપેલી છે.

**ચાર્ટ ૨૧** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના સંન્યાસી જીવન દરમિયાનના કઠોર તપ અને તેના લક્ષણો વિશેની માહિતી આપેલ છે.

**ચાર્ટ ૨૨** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદનો નિર્ભયતાનો ગુણ દર્શાવવામાં આવેલ હતો.

**ચાર્ટ ૨૩** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની વીરતા, શ્રદ્ધા અને સમર્પણ વિશે માહિતી આપવામાં આવી હતી.



**ચાર્ટ ૨૪** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદ ની પ્રબળ ઈચ્છા શક્તિને લીધે કોઈ પણ ધ્યેય સરળતાથી પ્રાપ્ત કરી શકો તેના વિશે માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૨૫** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદના ભારત ભ્રમણ દરમિયાન થયેલ અનુભવને બતાવવામાં આવ્યું હતું.

**ચાર્ટ ૨૬** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની ગરીબો પ્રત્યેની કરુણા અને પ્રેમ વિશે માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૨૭** આ ચાર્ટ માં સ્વામી વિવેકાનંદને સર્વ મનુષ્ય બ્રહ્મ સ્વરૂપ અને સમદર્શી અને સમાન છે તેના વિશેની માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૨૮** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની કરુણા સ્વરૂપની માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૨૯** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની ગુરુ આજ્ઞાના પાલન વિશે માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ 30** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની શિકાગો રેલવેસ્ટેશનમાં થયેલ અનુભવ વિશે માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૩૧** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની શિકાગો ધર્મ સભામાં થયેલ નિર્મળ પ્રેમ ભાવના વિશે માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૩૨** આ ચાર્ટમાં સ્વામી  વિવેકાનંદનો દેશપ્રેમ અપૂર્વ અને અનન્ય છે તેની માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૩૩** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની આધ્યાત્મિક શક્તિ દ્વારા વિપરીત વેળાએ પણ વિચલિત થઈ શકતા નથી તે માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૩૪** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની એકાગ્રતાના ગુણ વિશે માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૩૫** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદનું ભારતમાં અભૂત પૂર્વ સ્વાગત ભારતના નવજાગરણના ઇતિહાસનો સુવર્ણ અવસર હતો તેની માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૩૬** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદ એ ભારતમાં નારી શિક્ષણના મહત્વ અને સામાન્ય વ્યક્તિઓને ઉન્નતિના કાર્યો કરવા પ્રોત્સાહન કરતી માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૩૭** આ ચાર્ટ માં સ્વામી વિવેકાનંદની એકાગ્રતા અને બ્રહ્મચર્ય દ્વારા સ્મૃતિ શક્તિ કેળવી શકાય તે વિશે માહિતી આપવામાં આવી હતી.

**ચાર્ટ ૩૮** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની માનવ સેવા એ જ પ્રભુ સેવા વિશે માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૩૯** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદની સંધ્યા સમયે ધ્યાનમાં લીન થઈ મહા સમાધિ મેળવી તે વિશેની માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૪૦** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદે સ્થાપેલ બેલુરમઠની સ્થાપના વિશેની માહિતી દર્શાવવામાં આવી હતી.

**ચાર્ટ ૪૧** આ ચાર્ટમાં સ્વામી વિવેકાનંદ 'જીવન અને સંદેશ' માં અનંત ધૈર્ય, અનંત પવિત્રતા અને અનંત ખંત એ જ કોઈ શુભ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવાનું રહસ્ય છે તેના વિશે માહિતી આપવામાં આવી હતી.

આ ચાર્ટ પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓ સ્વામીજીના સરળ અને સહજ ભાષામાં લખાયેલા આદર્શો અને વિચારોને જીવનમાં ઉતારે તેમજ આપણા સમાજને, રાષ્ટ્રને ઉન્નતિને પંથે દોરી જવા માટે સ્વામી વિવેકાનંદ જેવું ચારિત્ર્યબળ કેળવે. આવા ચારિત્ર્ય અને જીવન ઘડતરથી જ સમગ્ર માનવ સમાજનું કલ્યાણ સાધી શકાય. આ પ્રદર્શનનો લાભ અલિયાબાડા નજીકની શાળાના 500 જેટલા વિધાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોએ લાભ લીધો હતો. આ ચાર્ટ પ્રદર્શન પૂરું થતાં જ બહાર બુક સ્ટોલનું આયોજન કરવામાં આવેલ હતું. જે માં સ્વામી વિવેકાનંદના વિચારો વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે ૧૦૦ થી વધારે પુસ્તકો મૂકવામાં આવેલ હતા.

આ તમામ કાર્યક્રમનું સફળ સંચાલન કર્તા ડૉ. આશાબેન પટેલ છે કે, જેઓ એ પ્રથમ તથા બીજા વર્ષના તમામ તાલીમાર્થીઓને ખુબજ સરસ માર્ગદર્શન આપ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદનો પ્રદર્શન કાર્યક્રમ ખુબજ સરસ રીતે પૂર્ણ થયો હતો. પીવાના પાણીની વ્યવસ્થાથી લઈ પુસ્તક વિતરણ સુધીના સમગ્ર કાર્ય પર દેખરેખ રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જાણે સ્વામી વિવેકાનંદજીના ગુણ અને શિખામણ એ સમગ્ર તાલીમાર્થીના મન પર છવાઈ ગયા હતા.

સ્વામી વિવેકાનંદે સ્થાપેલ રામકૃષ્ણમઠ-મિશનને 125 વર્ષ પૂર્ણ થયાં છે. આ ઐતિહાસિક વર્ષને ધ્યાનમાં રાખીને શ્રી રામકૃષ્ણઆશ્રમ, રાજકોટ દ્વારા ડિસેમ્બર-2023 સુધીમાં 125 શાળા, કોલેજોનાં આંગણે સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયી જીવન અને સંદેશ પર આધારિત ચિત્ર પ્રદર્શન અને પુસ્તક પ્રદર્શન અને વેંચાણ માટે જવાનો સંકલ્પ

રામકૃષ્ણપરમહંસ આશ્રમ, રાજકોટ દ્વારા કરવામાં આવ્યો છે. આ ભગીરથ કાર્યમાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા, નવોદય વિદ્યાલય, અલિયાબાડા અને અલિયાબાડા ગામની શાળાઓનો ખૂબજ સહયોગ રહ્યો.

આમ, અમારા આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગંગાજળા વિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રી દિલીપસિંહ આશર સાહેબ અને સંસ્થાના અધ્યાપકો અને તાલીમાર્થીઓનો ખુબ સહયોગ મળ્યો હતો. રામકૃષ્ણઆશ્રમ- રાજકોટના કૉ.ઓર્ડીનેટર શ્રી કૌશિકભાઈનો પણ ખુબજ સહયોગ મળ્યો હતો.

## સંદર્ભ

https://youtu.be/J4tNpPpY5SQ?si=wuU9Vbi7ie54gT0I

## પ્રસ્તુત કર્તા



ભુંડિયા નિધિ



દત્તાણી ધારા



કરમુર પ્રિયંકા

## માર્ગદર્શક

## ડૉ. આશાબેન પટેલ

# ષષ્ટિપૂર્તિ વ્યાખ્યાનમાળા મણકો ૭

**પ્રથમ સત્રમાં વ્યાખ્યાન માળા અંતર્ગત સાતમાં મણકાનું આયોજન.**
**દ્વિતીય ઉપક્રમ સ્વામી વિવેકાનંદજીના જીવન અંગે પ્રદર્શન.**

આજ રોજ સંસ્થાનાં વર્ષ ઉજવણી અંતર્ગત ૨કાર્યક્રમો યોજાયાં.જેમાં રાજકોટ ખાતે આવેલ શ્રી રામકૃષ્ણ મિશનમાંથી સ્વામી શ્રી વેદનિષ્ઠાનંદજી પધાર્યાં.

મહાવિદ્યાલયના તાલીમાર્થીઓ દ્વારા સ્વામી વેદનિષ્ઠાનંદજી, રામકૃષ્ણ આશ્રમના કો-ઓર્ડીનેટર એવા કૌશિકભાઈ, સંસ્થાના ટ્રસ્ટી શ્રી ડી. જી. આશર સાહેબ તેમજ આચાર્ય શ્રી ડો. રૂપલબેન માંકડ અને સંસ્થાના અધ્યાપકોનું તિલક અને ઉચિત મંત્રોચ્ચારોથી સ્વાગત કરવામાં આવ્યું તેમજ ડો. રૂપલબેન માંકડના હસ્તે સ્વામીજી ને વિવેકાનંદજીનું પુસ્તક ભેટ સ્વરૂપે અર્પિત કર્યું.









ષષ્ટિપૂર્તિ કાર્યક્રમમાં સ્વામી વેદનિષ્ઠાનંદજી , ટ્રસ્ટીશ્રી આશર સાહેબ, આચાર્ય શ્રી ડો. રૂપલબેન માંકડ તથા એચ.એમ.વી.શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ પટેલનાં હસ્તે દિપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી.











સ્વામી શ્રી એ આજનાં શિક્ષણ પર વિવેકાનંદજીના વિચારોના પ્રભાવ વિશે વિવિધ ઉદાહરણો સાથે સરળ શૈલીમાં વિદ્યાર્થીને વક્તવ્ય દ્વારા સંબોધ્યા. તેમણે આધ્યાત્મિકતા , એકાગ્રતા અને સનાતન ધર્મ વિષયક વિદ્યાર્થીઓની પ્રશ્નોતરીનાં સચોટ અને સંતોષપૂર્વક ઉત્તરો આપ્યાં. તેમણે આજના શિક્ષકે કેવું વ્યકિતત્વ બનાવવું જોઈએ અને તેમની પાસે શું અપેક્ષિત છે તે અંગે

શૈક્ષણિક વિચારોના સંદર્ભે પોતાની વાત રજૂ કરી.વેદનિષ્ઠાનંદજીએ એકાગ્રતા કઈ રીતે કેળવવી જોઈએ તે અંગે એક રમત દ્વારા વિદ્યાર્થીઓને એકાગ્ર થતાં શીખવવાનો પ્રયાસ કર્યો.





"એકાગ્રતા એ સર્વ જ્ઞાનનો સાર છે."






સંસ્થાના આચાર્ય ડો. રૂપલબેન માંકડે સમગ્ર ષષ્ટિપૂર્તિ કાર્યક્રમની ભૂમિકા , આવકાર અને સંસ્થાના હેતુઓ વિશે વાત કરી તો સંસ્થાના ટ્રસ્ટી શ્રી આશર સાહેબે સ્વામીજીનો પરિચય તેમજ પ્રાસંગિક વાત રજૂ કરી.







સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષની વિદ્યાર્થીની દિપ્તીબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું તેમજ ષષ્ટિપૂર્તિ કાર્યક્રમનું આભાર-દર્શન દ્વિતીય વર્ષની તાલીમાર્થી વાળા રીતુબા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ સમગ્ર મહાવિદ્યાલયનાં આચાર્ય, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓના પરિશ્રમ અને સહકારથી સફળ રહ્યો. આમ, જાણે મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ પૂર્ણત્વની પ્રાપ્તિ અર્થે આરાધના માંડી હોય તેવું ભાવાવરણ સર્જાયું.







# સંદર્ભ

**YouTube link:** https://youtu.be/pLGR8NDe6Ms?si=j-FL92W48nXhYyEf

# પ્રસ્તુત કર્તા



**વ્યાસ આસ્થા**

# માર્ગદર્શક

# ડૉ. આશાબેન પટેલ

# પરિચય પ્રવાસ

"આજ વરસ્યો વરસાદ ઉપરવાસમાં,

કે ચાલ હવે ચાલી નીકળીએ પ્રવાસમાં"

-તુષાર શુક્લ

પ્રવાસ માનવીનુ જીવન ઘડનાર એક મહત્વનું પરિબળ છે કાકા સાહેબ કાલેલકરે ખરું જ કહ્યું છે, જેમ" કુંભાર માટીને ઘાટ આપે છે તેમ પ્રવાસ પ્રવાસીને ઘડે છે "પ્રકૃતિ, શિલ્પ, ,સમાજ જીવન વગેરે વિશે અનેક પુસ્તકો દ્વારા ન મળે એટલું જ્ઞાન એક પ્રવાસ દ્વારા મળી શકે છે એક પ્રવાસ સો પુસ્તકોની ગરજ સારે છે.

તા.15-07-2023 શનિવારના રોજ અમારી કોલેજ "દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય" અલિયાબાડા માંથી પરિચય પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં જેતપુર ના પ્રખ્યાત સ્થળો, ભાદરડેમ-1, શ્રી ભીડ ભંજન મહાદેવ મંદિર, ખંભાલીડામાં આવેલ પ્રાચીન બૌદ્ધ ગુફા, ખોડલધામ અને વીરપુર નો સમાવેશ કરવામાં આવ્યો હતો



આ પ્રવાસમાં અમે બીએડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ ગયા હતા. તેમજ આચાર્યશ્રી ડો. રૂપલબેન માંકડ, ડો.આશાબેન પટેલ, ડો.પ્રશાંતભાઈ ચૌહાણ, ડો. જિગ્નેશભાઈ લીંબાચીયા અને ડો. નિધીબેન અગ્રાવત પણ અમારી સાથે હતા.

પ્રવાસ એક દિવસનો હતો. વહેલી સવારે પાંચ વાગ્યે જામનગર સાત રસ્તાથી બે લક્ઝરી બસમાં બેસી અમે પ્રવાસ માટે નીકળ્યા. પ્રવાસનુ પહેલું સ્થળ હતું ભીડભંજન મહાદેવ મંદિર. અમે ત્યાં સવારના10 વાગે પહોંચ્યા. મંદિર ખૂબ સરસ હતું. શાંતિ અને શ્રદ્ધાપૂર્વક બધાએ દર્શન કર્યા તેમજ ત્યાંના ફોટા લીધા. ત્યાંથી ભાદરડેમ-1 જોવા નીકળ્યા.



ભાદરડેમ-1 અમે સવારના 11:30 વાગ્યે પહોંચ્યા અને ડેમની મુલાકાત લીધી. ભાદર ડેમ ખૂબ જ વિશાળ છે. ત્યાંથી અનુપમ પ્રાકૃતિક સૌંદર્યના દર્શન કર્યા. નદીઓ, રસ્તા, ગામડાના ઘરો વગેરે ખૂબ જ સુંદર લાગતાં હતા. વરસાદી માહોલમાં અમે બપોરે 12 વાગ્યાના સમયે ખોડલધામ જવા માટે નીકળ્યા. રસ્તામાં અમે ખંભાલીડામાં સ્થિત પ્રાચીન બૌદ્ધ ગુફાઓની મુલાકાત પણ લીધી.



અમે બપોરના 1:30 વાગ્યા ની આસપાસ ખોડલધામ પહોંચ્યા, ત્યાં ખોડિયાર માતાના દર્શન કર્યા. અને બપોરનું ભોજન-પ્રસાદ ત્યાં જ કર્યું. ભોજન કર્યા બાદ બધા તાલીમાર્થીઓ શક્તિવનમાં એકઠા થયા. ત્યાં ખૂબ જ ઉત્સાહપૂર્વક સહુ સાથે મળીને ગરબા-રાસ રમ્યા અને ખુબ જ આનંદ માણ્યો. તાલીમાર્થીઓ અને આચાર્યશ્રી તેમજ બધા અધ્યાપકશ્રીઓ એ સાથે મળીને ગરબાની મજા માણી અને અનેરા આનંદની અનુભૂતિ કરી. ત્યાંથી અમે વીરપુર ગયા. ત્યાં સંતશ્રી જલારામ બાપાના દર્શન કર્યા. ત્યાંની બજારમાં ફર્યા અને કેટલીક વસ્તુઓ ખરીદી અને ત્યાંથી પાછા જામનગર જવા માટે નીકળી ગયા. રાત્રે 10:30 વાગ્યે પ્રવાસની બંને બસ જામનગર પરત પહોંચી.સમગ્ર પ્રવાસ દરમિયાન ખૂબ જ મજા કરી તાલીમાર્થીઓ એ એકબીજાનો અને કેટલાક સ્થળોનો પરિચય મેળવ્યો. આવતા-જતાં બંને સમયે બસમાં પણ અંતાક્ષરી ગીતો તેમજ અન્ય રમતો પણ રમીને પળનો આનંદ માણ્યો. આ સમગ્ર પ્રવૃતિઓમાં આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ એ પણ બધા તાલીમાર્થીઓ ની સાથે મળી ને આનંદ કરાવ્યો.







આ સંપૂર્ણ પ્રવાસનુ સંચાલન અધ્યાપકશ્રી ડો.પ્રશાંતભાઈ ચૌહાણ ના નેતૃત્વ હેઠળ તેમજ દ્વિતીય વર્ષના પ્રવાસમંત્રી વાછાણી ભવ્યેશભાઈ અને માવ માનસીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આચાર્યશ્રી, અધ્યાપકશ્રીઓ અને બધા જ તાલીમાર્થી મિત્રોના સાથ અને સહકારથી આ સંપૂર્ણ પ્રવાસ આનંદ પૂર્વક પૂર્ણ થયો.આ પ્રવાસ હંમેશા માટે યાદગાર બની રહેશે.



## સંદર્ભ

YouTube link: https://youtu.be/eH-DTZXnB-8?feature=shared

## પ્રસ્તુત કર્તા



ચૌહાણ કિર્તીબા

## માર્ગદર્શક

ડો.પ્રશાંતભાઈ ચૌહાણ

# વર્ષા મંગલ

વરસાદનું ઓચિંતું વરસવું જાણે ,
સઘળા એંધાણ આપી જાય છે.
વરસાદની પહેલી ગર્જના જાણે ,
મોરલાને કહેવાન આપી જાય છે.
વરસાદની પહેલી બૂંદ જાણે ,
ભૂમિને શીતળતા આપી જાય છે .
વરસાદની પહેલી સરવાણીજાણે ,
યુવાન હૈયાને ધબકારા આપી જાય છે.

બધાજ અત્તરોના ભાવ આજે ગગડી ગયા,
જ્યારે પહેલા વરસાદે માટીને આલિંગન આપ્યું.

૨૦ જુલાઈ, ૨૦૨૩ના દિવસે અમારી સંસ્થાશ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં વર્ષા મંગલનો અનોખો કાર્યક્રમ યોજાયો. બધા જ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ કોલેજમાં પહોંચી ગયા. તાલીમાર્થીઓ અધ્યયન કરીને બહાર આવી મેદાન તરફ ગયા અને થોડી જ ક્ષણોમાં વાતાવરણમાં પલટો આવ્યો. આખું વાતાવરણ જાણે ખૂબ જ ખુશ થઈ રહ્યું હોય. મોરના ટહુકા સંભળાવવા લાગ્યા તેમજ ભીની માટીની સુગંધ જાણે ચારે બાજુ ફેલાઈ. બપોરના ૧ વાગ્યાની ટકોરે ધીમે – ધીમે ઝરમર ઝરમર વરસાદ ચાલું થયો. ગાજ વીજ સાથે વરસાદ વરસવાની શરૂઆત થઇ અને એક નવો શબ્દ સંસ્થાના પરિસરમાં થયો અને આ શબ્દ હતો. વર્ષા-મંગલ ડૉ. આશાબહેને તમામ તાલીમાર્થીઓને વર્ષા મંગલના આનંદ લેવા માટે સૂચન કર્યું. ડૉ. રૂપલબેન માંકડ પણ અમારી સાથે જોડાયા. ત્યારબાદ બધા તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ

"અંધકાર સહી વાદળો સજ્યા, જાણેવર્ષાનેતેડાવીછે,
વીજ, ગાજ, ને પવન સાથે જોને વર્ષા ઋતુનીવધામણી છે.

- Chiransi

વરસાદમાં આનંદ લેવા કોલેજના મેદાનમાં જવાનું નક્કી કર્યું. ત્યારે મને એક પંક્તિ યાદ આવીકે...



# "વર્ષા"

"પ્રકૃતિ જેવી બીજી નથી કોઇ કૃતિ,

ઈશ્વરની સર્વ શ્રી છે આ આકૃતી."

"વરસાદના છાંટા શીખવે છે કે,

જીંદગીની સૌથી અદ્દભુત ક્ષણો,

પકડી શકાતી નથી ફક્ત માણી શકાય છે."



વરસાદની બૂંદબૂંદમાં જાણે એક અનોખું વાતાવરણ બની ગયું. કોલેજના મેદાનમાં બધાજ તાલીમાર્થીઓ તેમજ ડૉ. રૂબપલબેન, ડૉ. આશાબેન, તેમજ ડૉ. જીગનેશભાઈ અમારી સાથે જોડાયા. આ વર્ષા મંગલની શરૂઆત કંઈક નવી જ રીતે બધા તાલીમાર્થીઓએ કરી. બધા તાલીમાર્થીઓ અને અધ્યાપકો ગરબાની તાલમાં રંગાઈને એવા ગરબા રમી રહ્યા હતા. બધા વરસાદની એવી મજા માણી રહ્યાં હતા જાણે વરસાદ પણ ખુશ થઈ રહ્યો છે તેવું લાગતું હતું. બધા વર્ષાઋતુના રંગમા રંગાઈ ગયા હતા. કોલેજના મેદાનમાં વરસાદની ગાજવીજથી વધારે બ્લુટુથ સ્પીકરમા વાગતા ગરબાના ગીતો જ વધારે સંભળાઈ રહ્યાં હતાં. જાણે બધા તાલીમાર્થીઓ અને અધ્યાપકો વર્ષાઋતુના રંગમાં રંગાઇ ગયા હતા. આ દ્રશ્ય જોઈને પ્રકૃતિ પણ ખુશ થતી હોય એવો અનુભવ દરેકને થયો. બધા તાલીમાર્થીઓ વરસાદી વાતાવરણમાં લીન થઈ ગયા હતા.

તાલીમાર્થીઓની સાથે અધ્યાપકો પણ ગરબામાં ઝૂમી રહ્યા હતા અને વરસાદની મજા માણી રહ્યાં હતાં. ત્યાંતો થોડીવારમાં કોલેજના મેદાનમાં એટલું પાણી ભરાઇ ગયું કે તેમાં બધા તાલીમાર્થીઓ છમ...છમ...છમ... ગીત ઉપર ડાન્સ કરવા લાગ્યા. આ ડાન્સ જોઈને એવી મજા આવી રહી હતી જાણે કે જોતા જ રહીએ. તેને જોઈને બધા જ તાલીમાર્થીઓ ખુશ થઈ રહ્યા હતાં. અમને તો એવું લાગતું હતું કે અમારું બાળપણ પાછું આવી ગયું હોય. બધા જ તાલીમાર્થીઓ સાથે અધ્યાપકો એવી રીતે જોડાય ગયા જાણે મિત્રો છે. જે વર્ષાઋતુની મજા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં આવી તેવી મજા અમને કયારેય નથી આવી. આ વર્ષાઋતુનો આનંદ આવ્યો ત્યારે મને એક પંક્તિ યાદ આવી કે...

**"ચાલને ભેરુ ન્હાવાને, વરસાદની મોસમ છે,**
**ધરતી સાથે વાદળના સંવાદની મોસમ છે."**

આમ, ૨૦૨૩ – ૨૪ના પ્રથમ વર્ષના મંગલનો પર્વ રાજીપા સાથે પૂર્ણ થયો. આ પ્રકૃતિ સાથેનો પર્વ અમારા તમામના હૃદયમાં અનેક અનુભવોમાંનું એક અનુભવ બની સદાયરૂપે અંકિત રહેશે. વર્ષા મંગલનો પ્રથમ વરસાદ તો કયારેય નહીં ભૂલાઇ. ત્યારે મને ઈમરાન પઠાણની પંક્તિ યાદ આવી કે...

**"માટીની ભીની સુગંધને પહેલો વરસાદ,**
**સાદ પાડીને બોલાવે મને ઝરમર વરસાદ."**

## સંદર્ભ

YouTube link: https://youtu.be/TPB1nQj-26A?si=FkXLpuLzAy2pjFWx

## પ્રસ્તુત કર્તા



કુંગડા નગમાબાનું


## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# ઉમાશંકરજોશી જન્મજયંતિ (સર્વત્ર ઉમાશંકર)

**તારીખ- 21/7/2023**

**વાર-શુક્રવાર**



**"તેજસ્વી તપથી જન્મ્યા**

**ઋતને સત્ય આ જગે."**

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાના સંયુક્ત ઉપક્રમે શ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિની ઉજવણી કરી.

આ મહાવિદ્યાલયની અંદર ફક્ત શિક્ષક બનવાની તાલીમજ નહી પરંતુ શૈક્ષણિક કાર્યક્રમોની ઉજવણી પણ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.આ મહાવિદ્યાલય એ શિક્ષણની ભૂમિ સાથે કલા ક્ષેત્રે પણ તાલીમાર્થીઓને ઘડતર કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં પ્રકૃતિના ખોળે; સારા વિચારોના સાંનિધ્યમાં તાલીમાર્થીઓને દરેક કાર્યક્રમમાં ઉત્સાહભેર કામ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.



આ કાર્યક્રમમાં પધારેલ વિશેષ અતિથિ એવા શ્રી પિયુષભાઈ પંડ્યા અને મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડો.

રૂપલબેન માંકડ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પિયુષભાઈ પંડ્યા જેઓ આજ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરીને સારી એવી પદવી પ્રાપ્ત કરી છે. જેનો આ મહાવિદ્યાલયને ગર્વ છે. તેઓ અહીંથી અભ્યાસ કરીને ગયા છતાં પણ આ મહાવિદ્યાલય પ્રતિ તેમની લાગણી અને પ્રીતિ જોડાયેલી છે. એમ આપણે કહી શકીએ કે જે પણ તાલીમાર્થી આ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરીને જાયછે તેઓ આજીવન આ મહાવિદ્યાલય તેમજ અહીંના અધ્યાપકોને સંસ્મરણ કરતા જ હોય છે.

ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક ઉમાશંકર જોશીનું નામ તો આપ સૌ એ સાંભળ્યુજ હશે. તેમનો સમાવેશ ગાંધીયુગના સર્વશ્રેષ્ઠ કવિ અને લેખક તથા ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ જ્ઞાન પીઠ મેળવનાર સાહિત્યકારમાં થયો છે.

ગુજરાતી સાહિત્યમાં તેમના ઉમદાપ્રદાન માટે ઇ.સ.૧૯૬૭માં તેમને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના જીવન ઉપર **રવિન્દ્રનાથટાગોર** અને **મહાત્માગાંધીના** વિચારોની ભારે અસર થઇ હતી. તેમણે ગુજરાતી સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં ઉમંગ ભેર ખેડાણ કર્યું છે. તો આવી જ મહાન વ્યક્તિના વ્યક્તિત્વ વિશે સૌ તાલીમાર્થીઓ પરિચિત થાય એ માટે ૨૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ અમારા મહાવિદ્યાલયમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું.







આ કાર્યક્રમમાં સંયોજક તરીકે ડૉ.નિધીબહેન અગ્રાવત રહ્યાહતા.આ કાર્યક્રમ ની અંદર મહેમાનોનું અને અધ્યાપકોનું તિલક વિધિ કરી પુસ્તક અર્પણ કરી સ્વાગત તેમજ અભિવાદન કર્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરી ડૉ. નિધીબહેને સંયોજક તરીકે પધારેલ મહેમાનોનું શબ્દો રૂપી આવકાર આપ્યો હતો. ત્યારબાદશ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયની તાલીમાર્થી શ્રી ધર્મિષ્ઠાબહેન સોલંકી દ્વારા ઉમાશંકર જોશીકૃત કાવ્ય **“ ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંયના જડ્યું”** ની રજુઆત સુસ્વરે અને સંગીત સાથે કરી.



ત્યારબાદ ડૉ. રૂપલબેન માંકડ દ્વારા શ્રી ઉમાશંકર જોશીજીના જીવન ચરિત્ર તેમજ કાવ્યો વિશેની ચર્ચા કરી. અને તેઓએ જોશીજીને બહુ નિહાળેલા પણ છે તેની પણવાત કરી.



ત્યારબાદ પુનઃ તાલીમાર્થીઓ દ્વારા સમૂહગીત જોશીજીએ લખેલ **" સદા સૌમ્યશી વૈભવે ઉભરાતી"** કાવ્ય જેમાં 8 તાલીમાર્થીઓએ રજૂઆત કરી હતી. ત્યારબાદ શ્રી પિયુષભાઈ પંડ્યાએ શ્રી ઉમાશંકર જોશીજીના સમગ્ર કાવ્ય સંગ્રહમાંથી જીવનલક્ષી અને પોતે અનુભવેલ મુખ્ય કાવ્યોને સરળ રીતે અને ગાયન કરી રજૂઆત કરી હતી. ત્યારબાદ બધાં તાલીમાર્થીઓ દ્વારા **"અમે ગીત ગગનમાં ગાશું"** કાવ્યની રજૂઆત કરી હતી. શ્રી ઉમાશંકર જોશીજીનું જીવન અને કવન કવિતાઓ વગેરે એક અંક શ્રી જનિશાબેન વિરાણીએ હસ્ત લિખિત તૈયાર કર્યો હતો અને મહાવિદ્યાલયને અર્પણ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાવિદ્યાલયની તાલીમાર્થી શ્રી આયુષીબેન જાનીએ કર્યુ હતું.



આવા શિક્ષણને લગતા અનેક કાર્યક્રમો શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં કરાવવામાં આવે છે અને તાલીમાર્થીઓનાં જ્ઞાનમાં વધારો કરવામાં આવે છે.





આમ અમારી કોલેજના આ કાર્યક્રમમાં અમારા આચાર્ય શ્રી ડૉ.રૂપલબેન માંકડતેમજ સૌ અધ્યાપકો ખૂબ જ માર્ગદર્શન આપે છે અને મદદ કરે છે. તેનું જ આ પરિણામ છે કે આ કાર્યક્રમ પણ ખૂબજ સારી રીતે પૂર્ણ થયો.

પ્રસ્તુત કર્તા



પુરોહિત કુલદીપ

સંદર્ભ

માર્ગદર્શક

ડૉ. નિધીબેન અગ્રાવત

G20
भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

વર્ગખંડમાં બેઠેલા વિદ્યાર્થીઓમાં કોઈ ઝીરો નથી હોતું. માત્ર સૌની ક્ષમતા જ નીરખવાની હોય છે. આવું કરવા માટે સરકારશ્રી દ્વારા અવનવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે, જેમાંનો એક ઉત્તમ ઉદાહરણ છે G20 કાર્યક્રમ.

આ મહાવિદ્યાલયની અંદર ફક્ત શિક્ષક બનવાની તાલીમ નહીં પરંતુ એક ઉત્તમ શિક્ષક અને શ્રેષ્ઠ શિક્ષક બનવાની તાલીમ આપવામાં આવે છે, માટે હાલના આ ઝડપી યુગ સાથે રહી અને તેની સાથે કદમ મિલાવીને

## Full form of G20 is the group of Twenty.

કામ કરવાની તક આ કોલેજ પૂરી પાડે છે. માટે આ તબક્કે G20 કાર્યક્રમ અંતર્ગત અમારી કોલેજ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ યોજાઇ હતી. G20 એ વિશ્વના ટોચના 19 દેશ અને યુરોપિયન યુનિયનનું બનેલું એક સંગઠન છે. યુરોપિયન કમિશન અને યુરોપિયન સેન્ટ્રલ બેન્ક યુરોપિયન યુનિયનનું પ્રતિનિધિત્વ કરે છે. આ કાર્યક્રમ અંતર્ગત તારીખ 26/7/2023ના રોજ અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલું હતું. પ્રવર્તમાન ડિજિટલ યુગને ધ્યાન રાખી અમારી મહાવિદ્યાલયના અધ્યાપક ડૉ.આશાબેન પટેલ દ્વારા એક Google ફોર્મમાં એક થી દસ પ્રશ્નોની પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી, બધાજ પ્રશિક્ષણાર્થી મિત્રોએ ઉત્સાહ ભેર તારીખ 26/7ના રોજ આ





કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. વર્ગખંડમાં બધાજ વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલમાં આ ફોર્મ ભર્યું હતું. ક્વિઝ કોમ્પીટીશન ઉપરાંત કોલેજમાં અન્ય ઘણી બધી G20 અંતર્ગત પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. જેમાં ઉત્તમ પ્રદર્શન દર્શાવનાર તાલીમાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઇનામ પણ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના કોર્ડીનેટર ડૉ.આશાબેન પટેલ દ્વારા પ્રથમ G20 વિશે સમજાવવામાં આવ્યું તેનું મહત્વ અને તેનાથી આપણા આ વિકાસશીલ ભારત દેશમાં શું ફાયદો થશે તે બધી જ બાબત આવરી લીધી હતી. આશાબેન સાથે રહી ડૉ. નીધિબેન અગ્રાવત દ્વારા પણ તાલીમાર્થીઓને તેટલું જ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

ભારત જેવા દેશને આગળ વધવાનું અને બીજા દેશોના સમાન દરજ્જો પ્રાપ્ત કરવા માટેનું આ એક મહત્વનું પગલું ગણાવી શકાય છે. તો આવા કાર્યો હાથ ધરવા અને અમને પ્રોત્સાહિત કરી આગળ વધવામાં મદદ કરવા બદલ સરકારશ્રીનો અને ત્યારબાદ અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયના તમામ અધ્યાપકોનો આ તબક્કે આભાર. G20 કાર્યક્રમ અંતર્ગતનો મુખ્ય હેતુ વાસુદેવ કુટુંબકમની ભાવના બીજો વન અર્થ વન ફેમિલી વન ફ્યુચરનો જોવા મળે છે, જે આ બધીજ પ્રવૃત્તિઓ દ્વારા અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં જોવા મળે છે.

મહાવિદ્યાલયના તમામ અધ્યાપકોની હાજરીમાં તારીખ 26 /7 /2023ના રોજ G20 કાર્યક્રમ અંતર્ગત ક્વિઝ કોમ્પિટીશન સફળતા પૂર્વક પૂર્ણ થયું. ત્યારબાદ મહાવિદ્યાલયના આચાર્ય શ્રી ડૉ.રૂપલબેન માંકડની હાજરીમાં ઉત્તમ પ્રદર્શન દર્શાવનારા તાલીમાર્થીઓને નંબર આપવામાં આવ્યા. બધા જ તાલીમાર્થીઓએ આ કોમ્પિટિશનમાં ખૂબ આનં કર્યો હતો.


## પ્રસ્તુત કર્તા



કરમુર જાનવી



કરમુર પ્રિયંકા

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# ૧૫મી ઓગસ્ટ

ભારતના ઇતિહાસ માટે સુવર્ણ અક્ષરોનો દિવસ હતો.જ્યારે ૧૫મી ઓગષ્ટ,૧૯૪૭ ના દિવસે આપણા દેશને આઝાદી મળી હતી. ત્યારથી દર વર્ષે ૧૫મીઓગષ્ટને સ્વતંત્ર્યતા દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

**सच्ची है देशभक्ति और मैं वतन पर ईमान रखताहूं,**

**तिरंगे की शान की खातिर हथेली पर जान रखता हूं...**

દર વર્ષની જેમ અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય માં ૭૭માં પર્વ નિમિત્તે ૧૫મી ઓગસ્ટનો કાર્યક્રમ શ્રી ડોલરભાઈ માંકડ સ્મૃતિ ભવન ખાતે ઊજવવામાં આવ્યો અને સવારે ૮:૦૦ કલાકે બધા ઉપસ્થિત થયા.

આ કાર્યક્રમમાં મહેમાન શ્રી સંજયભાઈ નંદલાલ આશર તથા અમારી D.G.S.M. કોલેજના ટ્રસ્ટીશ્રી આશર સાહેબ અને આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ તથા અધ્યાપક શ્રી ડૉ. આશાબેન પટેલ તથા ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ અને ડૉ. નિધીબેન અગ્રાવત તેમજ D.G.S.M. કોલેજના તાલીમાર્થીઓ અને જે.એચ.એમ.વી.- અલિયાબાડાના આચાર્યશ્રી અને વિદ્યાર્થીઓ તેમજ બાલમંદિરના આચાર્યશ્રી અને નાના-નાના ભૂલકાઓ, આદર્શ નિવાસી આશ્રમશાળા – અલિયાબાડાના આચાર્યશ્રી અને વિદ્યાર્થીઓ તેમજ અલિયા ગામના ગ્રામજનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.









**"થોડું અભિમાન ત્રિરંગાની આનનું છે, થોડું અભિમાન માતૃભૂમિની શાનનું છે,**
**અમે લહેરાવીશું દરેક સ્થાને આ ત્રિરંગો, નશો આ હિન્દુસ્તાનની શાનનો છે..."**

આ કાર્યક્રમની શરૂઆત જય હિન્દના નારા સાથે થઈ. ત્યારબાદ અમારી કોલેજના પ્રથમ વર્ષના તાલીમાર્થી જમોડ રામદેદ્વારા ધ્વજારોહણનું કમાન્ડ અપાયું અને મહેમાનશ્રી ના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. સૌએ રાષ્ટ્રગીત, ઝંડા ગીત અને વંદે માતરમ ગીતનું ગાન કર્યું. ત્યારબાદ બાલમંદિરના, અન્ય શાળાઓના તથા બી.એડ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો.



આ કાર્યક્રમને વિગતવાર રજૂ કરવા અમારી કોલેજની તાલીમાર્થી અલ્પાબેન મકવાણા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત બાલમંદિરના નાના ભૂલકાઓએ **"શિવ શિવ શંભુ"** ગીત દ્વારા ડાન્સ રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ જે.એચ.એમ.વી. – અલિયાબાડા શાળાની વિદ્યાર્થીનીઓએ દેશભક્તિ ગીત **"તેરી મિટ્ટી મેં મીલ જાવા"** પર ડાન્સ રજૂ કર્યો.

ત્યારબાદ અમારી D.G.S.M. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત**"હે વતન વતન"**દ્વારા સમૂહગાન કરવામાં આવ્યું અને જે.એચ.એમ.વી.- અલિયાબાડા શાળાની વિદ્યાર્થીનીએ દેશપ્રેમ વિષય આધારિત વક્તવ્ય આપ્યું.

કાર્યક્રમને આગળ વધારતા દાતાશ્રી સંજયભાઈ નંદલાલ આશરે અમારી સંસ્થા ગંગાજળા વિદ્યાપીઠમાં સેવાયજ્ઞ તરીકે રૂપિયા ૫૧,૦૦૦ (એકાવન) હજાર આપી સેવાકાર્યમાં યોગદાન આપ્યું. ત્યારબાદ ડૉ. કે.એમ.આચાર્ય દાતાશ્રી, ટ્રસ્ટીશ્રી અને આચાર્યશ્રી દ્વારા વિદ્યાતીર્થ - અલિયાબાડા તથા જે.એચ.એમ.વી.- અલીયાબાડા અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ચોપડાઓ અને ગાંધીજીની આત્મકથા બુકનું દાન આપ્યું.



૭૭માં પર્વ નિમિત્તે બધા ભેગા મળીને સ્વતંત્ર્યતા દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. ત્યારબાદ બધાને લાડુનો પ્રસાદ આપી મીઠું મોઢું કરાવવામાં આવ્યું અને કાર્યક્રમને સમાપન કરી શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.



# સંદર્ભ

YouTube link: https://youtu.be/ftD-99DfOTc?si=y5eB2U3foO8__kto

# પ્રસ્તુત કર્તા



કણઝારીયા કુણાલ


# માર્ગદર્શક

## ડૉ. આશાબેન પટેલ



# ચંદ્રયાન - ૩

તા: 23 /08 /23




**Indian Space Research Organization (ISRO)** દ્વારા લોન્ચ કરવામાં આવેલ મિશન ચંદ્રયાન-2 નું ચંદ્ર પર અસફળ લેન્ડિંગ થયાના ચાર વર્ષ પછી ફરીથી ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ISRO) દ્વારા ચંદ્રયાન-3 લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. **જે આંધ્રપ્રદેશના શ્રી હરિકોટામાં આવેલ સતીશ ધવન સ્પેસસેન્ટર માંથી 14 July શુક્રવારે બપોરે 2:35 વાગ્યે લૉન્ચ કરાયું હતુ. જેને ચંદ્ર પર જતા 42 દિવસનો સમય લાગયો.**



ચંદ્રયાન-3માં એક લેન્ડર, એક રોવર અને એક પ્રૉપલ્સન મૉડ્યુલ લાગેલાં છે. જેનું કુલ વજન 3,900 કિલોગ્રામ છે. ચંદ્રયાન-3 ભારતના ચંદ્ર-અભિયાનનું ત્રીજું અવકાશયાન છે. ચંદ્રયાન-2 નિષ્ફળ રહ્યા બાદ ચંદ્રયાન-3 મિશન 14 જુલાઈના રોજ લૉન્ચ કરવામાં આવ્યું હતું. 5 ઑગસ્ટના રોજ ચંદ્રયાન-3એ ચંદ્રમાની કક્ષામાં પ્રવેશ કર્યો હતો.




ચંદ્રયાન–3નું સફળતા પૂર્વક લોન્ચિંગ થાય તે માટે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિધાલય, અલિયાબાડા દ્વારા શુભેચ્છા પાઠવવા માટે ચંદ્રયાન–3 મિશન અંતર્ગત કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતા.



ડૉ.આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. અનેક વિજ્ઞાન ગીતો દ્વારા મિશનને શુભેચ્છા પાઠવામાં આવી હતી. ચંદ્રયાન3ના ચિત્રો દોરવામાં આવ્યા હતા.પોસ્ટર પ્રેજન્ટેસન કરવામાં આવ્યું હતુ. ડૉ. આશાબેન પટેલે સ્પેસ પર મોકલવામાં આવેલ અવકાશીયાનો, ISRO વિશે તથા અનેક વૈજ્ઞાનિકો વિશે માહિતી આપી હતી. ચંદ્રયાન 3ની માહિતીથી અવગત કરાવનાર ડૉ.આશાબેન પટેલે વિજ્ઞાન ક્ષેત્રે મળેલી સિધ્ધિઓ તથા ચંદ્રયાન 3 વિશે નિબંધ સ્પર્ધાનું આયોજન પણ કરાવ્યું હતું.







DGSM ના આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ તથા ડૉ.આશાબેન પટેલ, ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ, ડૉ. જીગ્નેશભાઈ લિબાંચિયા, ડૉ. નિધીબેન અગ્રાવત અને તમામ તાલીમાર્થીઓએ ચંદ્રયાન સફળતા પૂર્વક લેંડિંગ થાય તે બદલ શુભકામનાઓ પાઠવી. ચંદ્રયાન 3 સફળતા પૂર્વક છોડવામાં આવ્યુ છે આશા પૂર્વક આપની આંખો એના ઉપર મંડાયેલી છે. વૈજ્ઞાનિકોની મહેનત રંગલાવી એનો ગર્વ છે. **23 August 2023 સાંજે બરાબર 6:04 વાગ્યે, વિશ્વ તે ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બનશે જ્યારે વિક્રમલેન્ડર ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરશે.**

## SRO = Our Pride

ચંદ્રયાન 3 સફળતા પૂર્વક ચંદ્ર પર લેન્ડ થઈ ગયું છે . દક્ષિણી ધ્રુવ પર લેન્ડિંગ કરનારો ભારત વિશ્વનો પહેલો દેશ બન્યો છે. સાથે જ અમેરિકા, ચીન અને સોવિયત યૂનિયન બાદ ચાંદની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરનારો ભારત ચોથો દેશ બની ગયો છે.





**Congratulations to the whole ISRO team and our PM for making Chandrayaan 3 a great success.**






## પ્રસ્તુત કર્તા



વિશ્વા નિમાવત

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# વિદ્યાર્થી પંચાયત



અમારી કોલેજ શ્રીદરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામા તારીખ : 24/08/2023 ને ગુરૂવારના રોજ કાર્યે સંચાલક અધ્યાપક ડૉ. નિધિબેન અગ્રાવતના માર્ગેદર્શન હેઠળ લોકશાહી ઢબે મતદાન દ્વારા વિદ્યાર્થી પંચાયતની રચના કરવામાં આવી હતી. જેમાં ડૉ. રૂપલબેન માકંડ દ્વારાચૂંટણી વિષે માહિતી આપીને કાર્યેક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.





જેમાં વિષયવાર કાર્યેભાર સંભાળ્યો તેની વિગત નીચે પ્રમાણે છે.

| વિદ્યાર્થીનુનામ | મેથડ | હોદ્દો |
|---|---|---|
| સત્રોલા ધ્વનિબેન | વિજ્ઞાન | એલ. આર |
| ચૌહાણ પ્રકાશભાઈ | ભૂગોળ | જે. આર |
| બાવળિયા વિજયભાઈ | ભૂગોળ | પ્રાર્થના મંત્રી |
| પરમાર નિધિબેન | અંગ્રેજી | સાંસ્કૃતિક મંત્રી |
| ગૌસ્વામી વિશ્વાબેન | સંસ્કૃત | સુશોભન મંત્રી |
| સિહોણા મુકેશભાઈ | ઈતિહાસ | રમતગમત મંત્રી |
| ભારવાડિયા મેરામણભાઈ | ગુજરાતી | શ્રમ મંત્રી |
| વ્યાસ આસ્થાબેન | હિન્દી | અહેવાલ મંત્રી |
| મકવાણા જયભાઈ | અંગ્રેજી | પ્રવાસ મંત્રી |
| જમોડ રામદેભાઈ | હિન્દી | આરોગ્ય મંત્રી |
| ગોજિયા વિરેનભાઈ | વિજ્ઞાન | નાણાં મંત્રી |
| પુરોહિત કુલદીપભાઈ | સંસ્કૃત | વિડિયો અને ફોટોગ્રાફી મંત્રી |
| સોંદરવા વર્ષાબેન | ગુજરાતી | સ્વાગતમંત્રી |




# સંદર્ભ

YouTube link: https://youtu.be/HEExF6E-fkk?si=eHEM8zzrdmXKx0kM

## પ્રસ્તુત કર્તા



સોંદરવા વર્ષા

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# ષષ્ઠિપૂર્તિ વ્યાખ્યાન માળા મણકો ૮

તારીખ **25/08/2023** ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા ને



**60** વર્ષ પૂર્ણ થયા હોવાથી આ સમગ્ર વર્ષ **2022-23** દરમિયાન **10** વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઠમાં વ્યાખ્યાન માળા અંતર્ગત "સાંપ્રત સમયમાં નારીવાદ" વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વ્યાખ્યાન માટે નારીવાદી ચિંતક ડૉ. રંજના હરીશ ને અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા.





સૌ પ્રથમ સંસ્થાના પ્રથમ વર્ષના તાલીમાર્થી બહેનો વ્યાસ આસ્થાબેન અને વ્યાસ ખુશાલીબેન દ્વારા અતિથિ શ્રીઓનું ઉચિત મંત્રોચ્ચાર દ્વારા તિલક વિધિ કરવામાં આવી. ત્યારબાદ સમૂહ પાર્થના કરવામાં આવી.







ત્યારબાદ આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ, ટ્રસ્ટીશ્રી આશર સાહેબ અને ડૉ. રંજના હરીશના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી. આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા ડૉ. રંજનાનો પરિચય આપવામાં આવ્યો અને તેમને પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

> "नारी तू अबला नही स्वयं शक्ति पहचान ।
> अपने हक को लड स्वयं तब होगा उत्थान ।।"

ડૉ. રંજનાબેને ટ્રસ્ટી શ્રી આશર સાહેબને પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કર્યું.

ડૉ.રંજનાબેન દ્વારા સાંપ્રત સમયમાં નારીવાદ એટલે શું? તે વિષય વિશે ચર્ચા કરવામાં આવી અને નારીવાદ વિશે માહિતી આપવામાં આવી. સ્ત્રી એટલે શું ? સ્ત્રીઓના પાયાના મૂળભૂત અધિકારો કયા કયા છે ?




તેના વિશે ચર્ચા કરી ડૉ. રંજનાબેન હરિશે ઈ.સ.1975 ની સાલમાં થીયરી ઓફ ડિફરન્સ ની સ્થાપના કરી હતી તેના વિશે તેને સમજ આપી. આમ ડૉ. રંજનાબેને સાંપ્રત સમયમાં નારીવાદ વિશે માહિતી આપી અને તાલીમાર્થીઓને પ્રશ્નો પૂછવાની તક આપી તેમજ તાલીમાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ભાવપૂર્વક ઉતરો આપ્યા.



કાર્યક્રમની સુંદર રજૂઆત બાદ ડૉ. રંજનાબેન હરીશે પંક્તિ દ્વારા તેમના શબ્દોને વિરામ આપ્યો.



સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષની વિદ્યાર્થીની ઝોરા મીમાંસાબેન દ્વારા કરવામાં આવ્યું. તેમજ ષષ્ટીપૂર્તિ કાર્યક્રમનું આભાર દર્શન ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ડૉ. રંજનાબેને પોતાનો કીમતી સમય આપી સાંપ્રત સમયમાં નારીવાદ વિશે સમજાવવા બદલ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા અને કાર્યક્રમમાં સહભાગી થવા બદલ દરેક તાલીમાર્થીઓને આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી અને આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ મહાવિદ્યાલયના આચાર્યશ્રી, અધ્યાપક ગણ, તેમજ તાલીમાર્થીઓના પરિશ્રમ અને સહકારથી સફળ રહ્યો. આમ, સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

**"જીવનની દરેક પરિસ્થિતિમાં સાહસ કરવું જોઈએ, જીવનમાં ક્યારેય સત્યનો સાથ ન છોડવો જોઈએ."**





# સંદર્ભ

YouTube link: https://youtu.be/QYNC5lykEXw?si=1mpEOM6KQdUcfN2s

## પ્રસ્તુત કર્તા



ભંડેરી ગોપી

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# સંસ્કૃત દિવસ

**"पठामि संस्कृतं नित्यं वदामि संस्कृतं सदा।**

**ध्यायामि संस्कृतं सम्यक् वन्दे संस्कृतमातरम्।।"**



જયતુ સંસ્કૃતમ્... સંપૂર્ણ ભારતમાં પ્રતિ વર્ષે શ્રાવણી પૂર્ણિમાના પાવન દિવસે સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવે છે. આપણને એ વિચાર આવે કે આજના દિવસે જ શા માટે સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? તો તેના પાછળ પણ કારણ છે કે પ્રાચીન ભારતમાં ઋષિ સંપ્રદાયમાં આ દિવસથી સત્રની શરૂઆત થાય છે...



શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં તારીખ:-૨૯/૮/૨૦૨૩ના રોજ સંસ્કૃત દિવસનું ઉત્સાહ પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે આ કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક આગળ વધતો ગયો. **પ્રાર્થના**...રવિરુદ્ર પિતામહા...દ્વારા સભાને ભક્તિમય કર્યું. ત્યારબાદ **શ્લોક**...યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા... દ્વારા માં શારદાની વંદના કરવામાં આવી હતી. આ પાવન દિવસ ઉપર સંચાલન કરવાનો અવસર મને પ્રાપ્ત થયો હતો.




ત્યારબાદ "સ્વાગતગીત" પણ મારા દ્વારા જ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યારપછી મા.અતિથિશ્રી ડૉ.શ્રી અનિલ મહોદયનો પરિચય ડૉ.નિધિબેન દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ "રામ સ્તુતિ" પરમાર નિધિ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. "આપણા જીવનમાં સંસ્કૃત ભાષાનું શું મહત્ત્વ છે" ? તેની સમજણ વ્યાસ આસ્થાબેન દ્વારા આપવામાં આવી. "સંસ્કૃત વગર





વિકાસ અશક્ય છે.” તેની પ્રસ્તુતિ જાડેજા શ્રેયાબા દ્વારા કરવામાં આવી. ત્યારબાદ “સંસ્કૃત ગીત” પુરોહિત કુલદીપ દ્વારા ગાન કરવામાં આવ્યું. ત્યારબાદ “રક્ષાબંધન” ના મહત્ત્વ વિશે ગોસ્વામી વિશ્વાએ સમજાવ્યું હતું.





ત્યારબાદ “અમૃત ભાષા સંસ્કૃતમ્” સંસ્કૃત ભાષામાં અમૃત રહેલું છે તે આયડી સુનિલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ.શ્રી અનિલમહોદય દ્વારા “અતિથિ પ્રવચન” કરવામાં આવ્યું હતું. તેમને સંસ્કૃતના મહાકવિ કાલિદાસના ગ્રંથના શ્લોક વિશે ચર્ચા કરી અને સંસ્કૃતભાષાના મહત્ત્વ વિશે જ્ઞાન પીરસ્યુ હતું.

પછી તેમને જગત્પિતા શિવને “**पिनाक फणि बालेन्दु भस्म मन्दाकिनी** युता। प वर्ग रचिता मूर्तिः अपवर्ग प्रदास्तु नः॥” શ્લોક દ્વારા સ્મરણ કર્યા હતા. ત્યારબાદ સોલંકી ધર્મિષ્ઠા, પરમાર નિધિ, ગોસાઇ ઋત્વી, ભાદરકા રિધ્ધિ દ્વારા “સમૂહગાન” પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ત્યારપછી અંતે ડૉ.આશાબેન પટેલ દ્વારા “આભારવિધિ” કરવામાં આવી હતી.અને અંતમાં “રાષ્ટ્રગાન” દ્વારા કાર્યક્રમની પૂર્ણતા કરવામાં આવી હતી.



ગંગાજળા વિદ્યામંડળના ટ્રસ્ટીશ્રી મા. શ્રી દિલીપસિંહ આશર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.અને સંપૂર્ણ કાર્યક્રમ ડૉ. રૂપલબેન માંકડ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપિકા ડૉ. નિધિબેન અગ્રાવત દ્વારા પૂર્ણ થયો હતો.







જયતુ સંસ્કૃતમ્

# સંદર્ભ

YouTube link: https://youtu.be/ZQnen5oCjz0?si=TVPA2CZ6_dV7A3GI

## પ્રસ્તુત કર્તા



વ્યાસ ઋષિકેશ

## માર્ગદર્શક

ડૉ. નિધીબેન અગ્રાવત

# શિક્ષક દિન



આપણે જાણીએ છીએ કે પ્રાચીન સમયથી આપણને કોઈકને કોઈક શીખવે છે અને અન્ય શીખે છે. આ પરંપરાએ પ્રાચીન યુગથી ચાલી આવી છે. જેને આપણે ગુરુ-શિષ્ય પરંપરા તરીકે જાણીએ છીએ. જે ઘણા જ વર્ષોથી સતત ચાલી આવતી પરંપરા છે. આ પરંપરા આપણે આ આધુનિક યુગમાં પણ જાળવી રાખી છે. દેશ આઝાદ થયા બાદ ભારતમાં ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે જે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવવામાં આવે છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ 5 સપ્ટેમ્બર, 1888 ના રોજ તમિલનાડુના ચેન્નાઈ થી ઉત્તર-પશ્ચિમમાં 64 કિમી દૂર આવેલા તિરૂત્તાની નામના ગામમાં થયો હતો. તેઓ ભારતના પહેલા ઉપરાષ્ટ્રપતિ અને ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા હતા. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કરવાનો ઉત્સાહ બતાવ્યો હતો. રાધાકૃષ્ણને પોતાના જન્મદિવસની શિક્ષક દિન તરીકે સૂચન કર્યું. બસ ત્યારથી ભારતમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. 1975 ની 17મી એપ્રિલ એ તેમનું અવસાન થયું હતું.

શિક્ષક દિનનું મહત્વ એ વિદ્યાર્થી અને શિક્ષક બંને માટે મહત્વનો દિવસ માનવામાં આવે છે આથી કહેવાય છે "**શિક્ષક એટલે ગુરૂ અને ગુરૂ એટલે અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જનાર શક્તિ.**" ભારતમાં ગુરુને પૂજનીય માનવામાં આવે છે. સમાજને સાચો માર્ગ બતાવવામાં શિક્ષક મહત્વની ભૂમિકા ભજવે છે. બાળકોના જીવન ઘડતરમાં શિક્ષકોનું મહત્વનું યોગદાન હોય છે. આથી શિક્ષક માટે કહેવામાં આવ્યું છે કે...

આથી જ શિક્ષકદિનનું આ મહત્વ માનવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓ શિક્ષક બનીને તે કામ કેટલું અઘરું છે તેનો ખ્યાલ આવે છે.

**जल जाता है वो दिए की तरह, कई जीवन रोशन कर जाता है**
**कुछ इसी तरह से हर गुरु, अपना फर्ज निभाता है ।**

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય- અલિયાબાડામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સરસ રીતે ભાગ લેવામાં આવ્યો.

મહાવિદ્યાલયમાં બધા સમયસર પહોંચી ગયા. દિનચર્યા અનુસાર તેમાં બે કમ્પલસરી વિષયના લેક્ચર અને બે મેથડ વિષયના લેક્ચર એવી રીતે ગોઠવવામાં આવ્યા હતા. સૌપ્રથમ કોલેજના સમય કરતા થોડા વહેલા આવીને બધી તૈયારીઓ સંપૂર્ણ પૂરી કરી. ત્યારબાદ પ્રાર્થનાનો સમય થયો અને બધા જ તાલીમાર્થીઓ



શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડા,

જામનગર.

શિક્ષકદિનનું તાસ પત્રક

તા :- 5/9/2023 મંગળવાર
પ્રાર્થના:- 8:45 થી 9:00

| તાસ | સમય | વિષય | વિષય શિક્ષકનું નામ |
|---|---|---|---|
| 1 | 9:00 થી 9:30 | PE 1 | પરમાર જાગૃતિબેન |
| 2 | 9:30 થી 10:00 | PE 2 | સોલંકી ધર્મિષ્ઠાબેન |
| 3 | 10:00 થી 10:30 | મેથડ:-1 | |
| | | અંગ્રેજી | પરમાર નિધિબેન |
| | | હિન્દી | જમોડ રામદે |
| | | વિજ્ઞાન | જાડેજા દિવ્યાબા |
| | | ઇતિહાસ | ડગરા જ્યોતિબેન |
| 4 | 10:30 થી 11:00 | મેથડ:-2 | |
| | | સંસ્કૃત | પુરોહિત કુલદિપભાઈ |
| | | ગુજરાતી | ભરવાડિયા મેરામણભાઈ |
| | | ગણિત | નિમાવત વિશ્વાબેન |
| | | ભૂગોળ | ભંડેરી ગોપીબેન |

કાર્યક્રમ :- 11:00 થી 11:30

પ્રાર્થના ખંડમાં ઉપસ્થિત થયા. આજના દિવસે નવા બનેલા આચાર્યશ્રી, નવા શિક્ષકો, ક્લાર્ક અને સાથી મિત્રો બધા જ સરસ તૈયાર થઈને આવ્યા હતા. પ્રાર્થના કરી કાર્યક્રમ આગળ વધારવામાં આવ્યો અને ત્યારબાદ વિષય સહ બધા લેક્ચર આવ્યા જેનું સમયપત્રક આ મુજબ હતું.

આમ અહીં આચાર્ય તરીકે ગોસાઈ રૂત્વીબેન પોતાની ફરજ બજાવી. જે તેમણે ખૂબ જ કૂશળતા પૂર્વક નિભાવી. ત્યારબાદ સમય પત્રક અનુસાર લેકચરો શરૂ થયા. જેમાં સૌ પ્રથમ બે કમ્પલસરી વિષયના લેક્ચર આવ્યા.

ત્યારબાદ અલગ અલગ મેથડ પ્રમાણે લેક્ચરો લેવામાં આવ્યા. જેમાં અંગ્રેજી, હિન્દી, વિજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત, ગુજરાતી, ગણિત અને ભૂગોળ આ બધા વિષયો લેવામાં આવ્યા. કલાર્ક અને સાથી મિત્રો દ્વારા પણ સરસ રીતે પોતાનું કામ કરવામાં આવ્યું.










બધાના લેકચર પૂરા થયા બાદ બધા જ શિક્ષકો, આચાર્ય, ક્લાર્ક તથા સાથીમિત્રો અને બધા તાલીમાર્થીઓ પ્રાર્થનાખંડમાં ભેગા થયા અને આગળનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

શિક્ષકદિન નિમિતે બધા જ નવા બનેલા શિક્ષકોના અભિપ્રાય કહેવામાં આવ્યા. જેમાં બધાને ખૂબ જ મજા આવી અને ફરીથી શિક્ષક બનવાની તક ફરીથી મળશે અને આવા સરસ અત્યારે પણ શિક્ષક માટે તૈયાર થઈ રહ્યા છીએ. તેમાંથી એક શિક્ષક દ્વારા સરસ કહેવામાં આવ્યું કે




> गुरु गोविंद दोनों खड़े काके लागूं पाय।
> बलिहारी गुरु आपने गोविंद दियो बताए ॥
> - कबीर

આમ, નવા બનેલા શિક્ષકો દ્વારા જુદા-જુદા અનુભવો કહેવામાં આવ્યાં. સાથે- સાથે કલાર્ક અને સાથી મિત્રોએ પણ પોતાના અનુભવો કહ્યાં.

શિક્ષકોની જેમ તાલીમાર્થી દ્વારા પણ નવા બનેલા શિક્ષકોમાં અભ્યાસની કેવી મજા આવી તેના અભિપ્રાય તેઓએ આપ્યા.



આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા છેલ્લે શિક્ષક દિનનું સંબોધન કરવામાં આવ્યું. જેમાં તેઓએ નવા બનેલા તમામ શિક્ષકોને શુભેચ્છા પાઠવવામાં આવી અને સારા શિક્ષકો બનવા માટે શુભકામનાઓ આપી. તેઓએ શિક્ષક કેવો હોય તથા શિક્ષકના ગુણોની વાત કરી.

> "શિક્ષક કભી સાધારણ નહી હોતા,
> પ્રલય ઔર નિર્માણ ઉસકી ગૌદ મેં ખેલતે હૈ."
> -ચાણક્ય

આમ, આચાર્યશ્રી દ્વારા તાલીમાર્થીને ખૂબ જ સરસ રીતે સંબોધવામાં આવ્યું જેમાં તાલીમાર્થીને ઘણુ જાણવા અને શિખવા મળ્યું. ત્યારબાદ બધા જ શિક્ષકો અને તાલીમાર્થી રાષ્ટ્રગાન કર્યો પછી બધા છૂટા પડ્યા અન સરસ રીતે શિક્ષક દિન મનાવવામાં આવ્યો .



## સંદર્ભ

YouTube link: https://youtu.be/qqNoS4LQtCo?si=Wl4Fgq4EzLtJOljx

## પ્રસ્તુત કર્તા



આયડી સુનિલ

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# વૃક્ષારોપણ

**नेडुंकडलुम तन्नीर मै कुंड्रम तडिन्तेडिली तान नल्गा तागि विडिन”.**

તેનો અર્થ એ છે કે, “મહા સાગરો પણ સંકોચાઈ જશે, જો વાદળ જેણે તેના પાણીને ઉપર ખેંચ્યું છે, તે તેને વરસાદના રૂપમાં પાછું નહીં આપે”. ભારતમાં પ્રકૃતિ અને તેની રીતભાત એ શિક્ષણના નિયમિત સ્રોત રહ્યા છે. આ અનેક શાસ્ત્રો તેમજ મૌખિક પરંપરાઓમાં જોવા મળે છે. આપણે શીખ્યા છીએ.

**पिबन्ति नद्यः स्वयमेव नाम्भः, स्वयं न खादन्ति फलानि वृक्षाः ।**

**नादन्ति सस्यं खलु वारिवाहाः, परोपकाराय सतां विभूतयः ॥**



એટલે કે, “ન તો નદીઓ પોતાનું પાણી પીવે છે અને ન તો વૃક્ષો તેમના પોતાના ફળ ખાય છે. વાદળો પણ તેમના પાણી દ્વારા ઉત્પાદિત અનાજનો વપરાશ કરતા નથી. કુદરત આપણને પૂરી પાડે છે. આપણે પ્રકૃતિની પણ જોગવાઈ કરવી જોઈએ. ધરતી માતાનું રક્ષણ કરવું અને તેની સંભાળ રાખવી એ આપણી મૂળભૂત જવાબદારી છે. આજે, તેણે “ક્લાઇમેટ એક્શન” નો આકાર લીધો છે કારણ કે આ ફરજને ઘણા લાંબા સમય સુધી ઘણા લોકો દ્વારા અવગણવામાં આવી હતી. ભારતના પરંપરાગત જ્ઞાનના આધારે, હું ભારપૂર્વક કહીશ કે આબોહવા ક્રિયાએ “અંત્યોદય” ને અનુસરવું આવશ્યક છે. એટલે કે, આપણે સમાજમાં છેવાડાના માનવીના ઉદય અને વિકાસની ખાતરી કરવી જોઈએ. ગ્લોબલ સાઉથના દેશો ખાસ કરીને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય મુદ્દાઓથી પ્રભાવિત છે. આપણે “સંયુક્ત રાષ્ટ્ર આબોહવા સંમેલન” અને “પેરિસ સમજૂતી” હેઠળની પ્રતિબદ્ધતાઓ પર વિસ્તૃત પગલાં લેવાની જરૂર છે. ગ્લોબલ સાઉથને આબોહવાને અનુકૂળ રીતે તેની વિકાસલક્ષી આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

અમારી કોલેજ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા માં G-20 અંતર્ગત વૃક્ષા રોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



કોલેજના વિશાળ પટાંગણમાં સરખા અંતરે ૨૫ ખાડા તૈયાર કરવામાં આવ્યા હતા અને તેમાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. કોલેજ ના અધ્યાપક શ્રી ડો. નિધિબેન અને ડો. આશાબેનના હસ્તે વૃક્ષારોપણ દિનની ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી. એમના ટૂંકા પ્રવચન માં એમણે વૃક્ષોનો મહિમા સમજાવ્યો. સૌએ તાળીઓના ગડગડાટથી તેમનું અભિવાદન કર્યું. પછી તૈયાર રાખેલા એક ખાડામાં તેમણે એક વૃક્ષ રોપી તેને પાણી પાયું. ત્યારપછી વિદ્યાર્થીઓ દ્વારા જુદા – જુદા ખાડામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં જાસૂદ, અરડૂસી, મહેંદી, સેતૂર, લાલ ચાંદની, સફેદ ચાંદની ચંપો, આંબો, પારિજાત, નગડો, સરગવો, જાંબુ, ગુલાબ, જેવા વૃક્ષો ની પસંદગી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ એ ખૂબ મહેનત તેમજ ઉત્સાહભેર ભાગ લીધો. 'વૃક્ષો વાવો, નહિ પણ ઉછેરો' એ મત સાથે સંસ્થાના અધ્યાપક શ્રી ડૉ. નિધિબેન તથા ડૉ. આશાબેનએ પણ વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહભેર ભાગ લીધો.

G-20 અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ એ વિવિધ હેતુઓ માટે છોડને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવાની પ્રકિયા છે. આ ઉપરાંત વૃક્ષારોપણ પાછળ ઘણાં કારણો છે. પરંતુ સૌથી મહત્વપૂર્ણ છે. વનસંવર્ધન, જમીન સુધારણા અને લેન્ડસ્કેપિંગ વૃક્ષારોપણની દરેક પ્રકિયા પોતાનામાં મહત્ત્વપૂર્ણ અને અનન્ય છે. વૃક્ષારોપણનો સૌથી સામાન્ય અને જાણીતો હેતુ વનીકરણ છે. પૃથ્વીના પર્યાવરણનું પર્યાવરણીય સંતુલન જાળવવા માટે જંગલો ખૂબજ મહત્વપુર્ણ છે. વધુમાં વધુ અગાઉના જંગલોએ પૃથ્વીની સપાટીનો મોટો ભાગ આવરી લીધો હતો. પરંતુ હવે ઉદ્યોગો અને વસાહતો માટે જમીનને કારણે ઝડપથી જંગલોના વનનાબૂદી થાય છે.

યાદ રાખીએ વિનોબાજી નો નારો "જય જગત "વૃક્ષો સહુ અધ્યાપકો, વિદ્યાર્થીઓની મહેનતે વવાયા... ઉછેરવામાં પણ આવશે.

વનવિકાસ અને સંવર્ધન આ યુગની માંગ સાથે મળીને થઈ શકશે તે શ્રદ્ધા સાથે જોડાય અને વિદ્યાર્થીઓ વૃક્ષોનું મહત્ત્વ સમજે.



## સંદર્ભ

**YouTube link:** https://youtu.be/VatiTB0didc?si=c-Gc86VJBZzXa3W1

**પ્રસ્તુત કર્તા**



રાઠોડ નિખિલ

**માર્ગદર્શક**

ડૉ. નિધીબેન અગ્રાવત

# જોબ પ્લેસમેંટ ફેર

શ્રી વિદ્યામંડળ ગંગાજળા વિદ્યાપીઠ અલિયાબાડા સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં અનેક શાળાઓ અને મહાશાળાઓ તેમજ વિવિધ સંસ્થાઓ મહાવિદ્યાલયની મહેમાન બની હતી. 2023માં પાસ થયેલા તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેર યોજવામાં આવ્યો હતો.




જેમાં 44 તાલીમાર્થીઓ જોડાયા હતા. તેમાં 5 સ્કુલોએ ભાગ લીધો હતો. આ કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેરમાં દ્વીતીય વર્ષનાં તાલીમાર્થીઓ દ્વારા પ્લેસમેન્ટ ફેર યોજવામાં આવ્યો હતો. જેમાં 44 તાલીમાર્થીઓ જોડાયા હતા. તેમાં 5 સ્કુલોએ ભાગ લીધો હતો. આ કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેરમાં દ્વીતીય વર્ષનાં તાલીમાર્થીઓ દ્વારા રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ તેઓએ રજીસ્ટ્રેશન કરીને પોતાની કેમ્પસ જોબ પ્લેસમેન્ટ ફેરમાં ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ મીટીંગ હોલમાં જુદી જુદી સંસ્થાઓના મહેમાનો સાથે મહાવિદ્યાલયના ટ્રસ્ટીશ્રી આશર સર, આચર્ય શ્રી રૂપલબેન માંકડ, મહાવિદ્યાલયના પ્લેસમેન્ટ ઓફીસર ડૉ. જીજ્ઞેશસર લિંબાચિયા અને અધ્યાયકો સાથે મીંટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સૌપ્રથમ પ્રાર્થના કરી ત્યારબાદ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

ત્યારબાદ ડૉ.આશર સાહેબે આવેલા મહેમાનોને આવકાર આપ્યો તથા ડૉ.રૂપલબેન માંકડએ સંસ્થાનો પરિચય આપ્યો તથા ડૉ. જીજ્ઞેશસર લિંબાચીયાએ પ્લેસમેન્ટની ભૂમિકા સમજાવી .

સમગ્ર શાળા સંચાલકોનો પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના અધ્યક્ષ શ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા ની વિવિધ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, કેમ્પસ ડાયરેક્ટર અને સિનિયર સુપરવાઇઝરશ્રીઓ તેમ 3 થી 5 લોકોની સાથે કુલ 15 પ્રતિનિધિઓ આવેલા હતા.

તેમાંથી દરેક શાળામાંથી એક પ્રતિનિધિઓ પોતાની સંસ્થા તથા શાળાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ બધી શાળાઓને ઇન્ટરવ્યુ લેવા માટે મહાવિદ્યાલય દ્વારા અલગ અલગ ખંડોની સુવિધા પૂરી પાડવામાં આવી હતી અને તે ખંડમાં સમગ્ર વ્યવસ્થા માટે કોલેજના અધ્યાપકો સાથે પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ સહભાગી બન્યા હતા.

ત્યારબાદ 12:00 કલાકે દરેક શાળાઓએ ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવાની શરૂઆત કરી હતી. ઇન્ટરવ્યુ માટે દરેક ખંડમાં પ્રવેશ મેળવવા માટે ટોકનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ એક પછી એક ઉમેદવારો ઇન્ટરવ્યુ આપવા માટે જતાં હતાં. આ સમગ્ર ઇન્ટરવ્યુ કાર્યક્રમ 05:00 કલાક સુધી ચાલ્યો હતો. ત્યારબાદ ઇન્ટરવ્યૂ દરમિયાન શાળાઓ માટે આવેલા પ્રતિનિધિઓ માટે ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્લેસમેન્ટ ડ્રાઇવ કુલ 10 શિક્ષકોની જગ્યા માટે યોજવામાં આવ્યો હતો. તેમાંથી અમારી કોલેજ ના તાલીમાર્થીઓ 44 જોડાયા હતા. તેઓમાંથી 7 તાલીમાર્થીઓની નિમણૂક થઈ હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં કાર્યકર્તાઓની જેમ પ્રથમ અમારા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ કામ કર્યું હતું.




સમગ્ર કાર્યક્રમની મોટી સફળતા પાછળ ખૂબ સાતત્યપૂર્ણ પરિશ્રમ પ્લેસમેન્ટ ઓફિસર ડૉ.જીજ્ઞેશસર લિંબાચિયાનો હતો. જેમણે આયોજનથી અમલીકરણ સુધી પોતાના મહત્તમ પ્રયાસ કરી કાર્યક્રમને સફળ



બનાવ્યો હતો તથા સમગ્ર મહાવિદ્યાલય ટીમ કાર્યક્રમને સરળ બનાવવા પ્રતિબંધ રીતે કાર્યશીલ રહી હતી. કાર્યક્રમની સફળતા ઉમેદવાર મિત્રોના ફીડબેક દ્વારા સ્પષ્ટ થઈ હતી. આમ, મહાવિદ્યાલયની પ્રથમ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ સફળતા પૂર્વક પૂર્ણ થઈ હતી.




અહીં આ તકે હું ભાદરકા રિદ્ધિ શ્રી વિદ્યામંડળ ગંગાજળા વિદ્યાપીઠ અલિયાબાડા સંચાલિત દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયના ટ્રસ્ટી શ્રી આશર સર અને આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ અને સર્વ અધ્યાપકો અને પ્લેસમેન્ટ ફેરનું સાતત્યપૂર્ણ પરિશ્રમ કરી આયોજન કરનાર ડૉ. જીજ્ઞેશસર લિંબાચીયાનો આભાર વ્યક્ત કરું છું કે જેમના લીધે અમને આ તકનો લાભ મળ્યો અને અમે એક સફળતાનું શિખર સર કર્યું. જે તેમના આ કાર્યક્રમના આયોજન વગર શક્ય ન હતું.

## પ્રસ્તુત કર્તા



ભાદરકા રિદ્ધિ

## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# ગણેશ ચતુર્થી



તા.૧૯/૦૯/૨૦૨૩ ના રોજ અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં સૌ પ્રથમવખત ગણેશ ચતુર્થીના શુભ અવસર પર કોલેજના પ્રાંગણમાં ગણેશ ઉત્સવ ઉજવવાનું અને ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના કરવાનું આયોજન પ્રથમ વર્ષના તાલીમાર્થી મિત્રો તેમજ સંસ્થા પરિવાર વતી કરવામાં આવ્યું હતું. ગણેશ ઉત્સવના શુભ અવસર પર સંસ્થાના ટ્રસ્ટીશ્રી આશર સાહેબ, આચાર્યશ્રી રૂપલબેન માંકડ, સંસ્થાના અધ્યાપકો તેમજ પ્રથમ તેમજ દ્વિતિય વર્ષના તાલીમાર્થી મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગણેશ ચતુર્થીના દિવસ પર સવારે ૧૧:૦૦વાગ્યે ગણેશજીની ધૂમ ધામથી અને વાજતે - ગાજતે ‘ગણપતી બાપ્પા મોરીયા’ ના નાદ સાથે અબીલ-ગુલાલ તેમજ વિવિધ રંગો ઉડાડી ગણેશજીની સ્થાપના કરવામાં આવી.



ગણેશજીની મૂર્તિ પસંદ કરવાનું કાર્ય તેમજ ગણેશજીની સ્થાપના અને ઉત્સવનું સમગ્ર આયોજન પ્રથમ વર્ષના વિદ્યાર્થી પંચાયત દ્વારા ખૂબ જ ઉત્સાહ અને શ્રદ્ધા સાથે થયું હતું. શિક્ષણ સંસ્થામાં ભારતીય દર્શન અને સંસ્કૃતિનો હૃદયપૂર્વક અનુભવ થયો.

ગણેશજીની સ્થાપના બાદ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા સ્થાપન વિધિ પણ સંસ્કૃતના વિદ્યાર્થી ઋષિકેશ વ્યાસ દ્વારા અને આચાર્યશ્રી રૂપલબેન માંકડનાં હસ્તે



કરાવી. ગણેશજીના કોલેજમાં આગમનથી સંપૂર્ણ કોલેજમાં ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઇ ગયો હતો.

પાંચ દિવસ સુધી દરરોજ સવાર- સાંજ ગણેશજીની આરતી અને પૂજા અર્ચના તેમજ પ્રસાદી ધરવામાં આવતી હતી. આ સ્થાપના પછીના પાંચ દિવસમાં સહુ ઉન્માદ નહિ પણ ઉત્સાહ થી નાચ્યાં... ગાયાં અને ઝૂમ્યાં! સહુ ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા , પાંચ દિવસ દરમિયાન સહુ અધ્યાપકો અને તાલીમાર્થીઓ ગણેશજીના સાનિધ્યમાં રંગાયા ગયા.

જાણે, સંસ્થામાં એક પારિવારિક માહોલ રચાયો હોય અને જાણે રાષ્ટ્રીય ઐકય માટેના શિક્ષણની એક પધ્ધતિ અમલમાં મુકાય હોય, એવું લાગ્યું .

અમારી કોલેજ સંસ્થામાં અમે એક અલગ જ રીત અપનાવી. પાંચમાં દિવસે એટલે કે ગણેશ વિસર્જનના છેલ્લા દિવસે પ્રથમ અને દ્વિતીય વર્ષના કેટલાક તાલીમાર્થીઓએ વિવિધ ખાન-પાનની વસ્તુઓ તૈયાર કરીને અન્નકુટ પણ આયોજન કર્યું હતું.

ત્યારબાદ ગણેશ વિસર્જન કરવાને બદલે ગણેશજીને વાજતે - ગાતે ધામ ધુમથી કોલેજ પરિસરમાં ફેરવવામાં આવ્યા હતા અને સહુમાં એક જ અવાજ સંભળાઈ રહ્યો હતો કે ‘ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તુંમ જલ્દી આના.’ આવા વિવિધ નારા સાથે ગણેશજીનાં વિસર્જનને બદલે એક નવી જ રીત કૉલેજમાં સૌએ અપનાવી હતી અને ગણેશજીને પુસ્તકાલયમાં હંમેશા માટે સ્થાપિત કર્યા હતા.

આમ, કોલેજમાં પ્રથમ વખત ગણેશ ચતુર્થીની ઉજવણી સૌ માટે ખૂબ જ યાદગાર બની રહી હતી

સંદર્ભ ⇨ https://youtu.be/5ZCGP5DcKqM?si=jliruyGff_qBKMKx


પ્રસ્તુત કર્તા




પ્રજાપતિ ગુડીયા વ્યાસ આસ્થા

માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# સ્પોર્ટ્સ ડે

> "आज के दौर में सब है, भागदौड़ में व्यस्त।
> ना खेलने कूदने के कारण,जन्म ले रही बीमारियां समस्त।"

આજના વ્યસ્ત જીવનમાં લોકો રમત ગમતને તેમજ વ્યાયામને સ્થાન આપી શકતા નથી. તેથી જ વિવિધ બીમારીઓ લોકોના શરીરમાં એમની જગ્યા લે છે. આવી વિવિધ બીમારીઓથી બચવા માટે શારીરિક વ્યાયામ તેમજ ખેલકૂદ ખૂબ જરૂરી છે. ફક્ત શારીરિક જ નહીં પરંતુ માનસિક શાંતિ મેળવવા માટે પણ ખેલકૂદ જરૂરી બને છે.

આથી આ ખેલને જીવનનો ભાગ બનાવવા અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં 21 સપ્ટેમ્બર 2023 ના રોજ જી-20 અંતર્ગત રમત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમારી સંસ્થાના અધ્યાપક શ્રી ડૉ. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન અંતર્ગત વિવિધ રમતોનું કોલેજના કેમ્પસમાં આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રથમ વર્ષ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમમાં શારીરિક તેમજ માનસિક બંને વિકાસમાં ઉપયોગી બને તેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમકે ચેસ, કેરમ, ફૂટબોલ, બેડમિન્ટન, ક્રિકેટ મેચ, ખોખો વગેરે જેવી રમતો નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર દિવસે તમામ તાલીમાર્થીઓ વિવિધ રમતોમાં જોડાઈ અને ઉત્સાહપૂર્વક આ દિવસની ઉજવણી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ ની વિગતે માહિતી અહીં નીચે રજૂ કરવામાં આવેલ છે.



આ કાર્યક્રમની શરૂઆત કરતા પહેલા સૌ તાલીમાર્થીઓએ સાથે મળી અને પ્રાર્થના કરી તેમજ પ્રાર્થનાને અંતે આ કાર્યક્રમના સંચાલક ડૉ. આશાબેન પટેલ દ્વારા જી -૨૦ ને અનુરૂપ પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને જીવનમાં રમતનું શુ મહત્વ છે? તેના વિશે માહિતગાર કર્યા,ત્યારબાદ ડૉ. આશાબેન પટેલ એ રમત ગમતનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓમાં રમત રમવા માટેનો

ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ વિવિધ રમતોમાં ભાગ લીધેલા ખેલાડીઓના નામ રજૂ કરવામાં આવ્યા હતા. તે બધાને તેમની રમત અનુસાર જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. સૂચનો મળ્યા બાદ સૌ મહાવિદ્યાલયના મેદાનમાં હાજર થયા હતા.

આ કાર્યક્રમની સૌથી વિશેષ વાત એ હતી કે આ રમત ગમતના કાર્યક્રમમાં અમારી સંસ્થાના સર્વે અધ્યાપક શ્રી પણ જોડાયા હતા. વિવિધ રમતો એક સાથે વિવિધ સ્થળો પર ચાલતી હતી. જેનું અવલોકન સંસ્થાના અધ્યાપકો દ્વારા કરવામાં આવતું હતું. આ રમતોની માહિતી નીચે મુજબ છે.



૧) ચેસ ચેસના પહેલા રાઉન્ડનું આયોજન ભાઈઓ અને બહેનો બંને માટે અલગ અલગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને ટીમોમાંથી વિજેતાઓ વચ્ચે પરસ્પર મુકાબલો કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ વર્ષના તાલીમાર્થી ઠાકર કિશોરભાઈ, માલકીયા આશિષભાઈ,તેમજ બહેનોમાંથી ઓડેદરા રૂપાબેન તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માંથી પણ વિવિધ તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. અંતે આ કાર્યક્રમમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી ઓડેદરા રૂપાબેન વિજેતા થયા હતા.



૨) કેરમ આ રમતમાં ચાર સ્પર્ધકોને બેસાડવામાં આવતા હતા. જેમાં ૨-૨ સ્પર્ધકોની એક ટીમ બનાવવામાં આવી હતી. આ રમતમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ વચ્ચે મુકાબલો કરાવવાનો હતો. જેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી દત્તાણી ધારાબેન,પંચાસરા ભક્તિબેન,ભુંડિયા નીધીબેન, કરમુર પ્રિયંકાબેન, તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થી નાથાણી પાર્થભાઈ, ગોસાઈ

વિશાલભાઈ, મઘોડિયા રાધિકાબેન  સ્પર્ધકો જોડાયા હતા. જેમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થી નાથાણી પાર્થભાઈ અને ગોસાઈ વિશાલભાઈ વિજેતા બન્યા હતા.



3) ખો-ખો ખો-ખોની સ્પર્ધા પણ ભાઈઓ અને બહેનો એમ બંને અલગ અલગ ટીમ અનુસાર રાખવામાં આવી હતી. જેમાં બંને વર્ગના તાલીમાર્થીઓએ સાથે મળી અને ટીમ બનાવી હતી. જેમાં છોકરીઓની બે ટીમ તેમજ ભાઈઓને પણ બે ટીમ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં બહેનોની ટીમના કેપ્ટન દ્વિતીય વર્ષના તાલીમાર્થી નિકિતાબેન તેમજ દ્વિતીય ટીમના કેપ્ટન પ્રથમ વર્ષના તાલીમાર્થી પંચાસરા ભક્તિબેન મહત્વનો ફાળો આપ્યો હતો. તેમજ ભાઈઓની ટીમમાં પણ પ્રથમ વર્ષના તાલીમાર્થી બેરા પારસભાઈએ કેપ્ટન તરીકે ફરજ બજાવી હતી.



૪) બેડમિન્ટન બેડમિન્ટનની સ્પર્ધામાં પણ ભાઈઓ અને બહેનોને માટે અલગ અલગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. તેમજ ભાઈઓ પણ ખૂબ ઉત્સાહ સાથે રમત રમ્યા હતા. જેમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થી હિમાંશીબેન તેમજ પ્રથમ વર્ષના તાલીમાર્થી ધારાબેન દતાણી વિજેતા બન્યા હતા. ભાઈઓમાં ક્રીપાલભાઈ તેમજ હર્ષભાઈ વિજેતા બન્યા હતા.

૫) ચક્ર ફેંક આ રમતમાં પણ ભાઈઓ અને બહેનો ની અલગ અલગ સ્પર્ધાઓ યોજાય હતી.જેમાં બહેનોમા પ્રથમ સ્થાન પર પ્રથમ વર્ષના તાલીમાર્થી નાગર નીતાબેન તેમજ ભાઈઓમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી ઠાકર કિશોરભાઈ વિજેતા બન્યા હતા.

આ ઉપરોક્ત રમતો સિવાય પણ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું .જેવી કે ગોળાફેક, 100 મીટર દોડ,500 મીટર દોડ,ઊંચી કૂદ,લાંબી કૂદ તેમજ ક્રિકેટ મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ, અને તમામ રમતોમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક



જોડાયા હતા. તેમજ વિજેતા બન્યા હતા. આ વિજેતા બનનાર સર્વ તાલીમાર્થીઓના નામની યાદી અહીં રજૂ કરવામાં આવેલી છે.

આ સમગ્ર કાર્યક્રમમાં સૌ તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લે કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો તે બદલ આ કાર્યક્રમના સંચાલક શ્રી તેમજ અમારી સંસ્થાના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ તેમજ અન્ય અધ્યાપક શ્રી ડૉ .નિધીબેન, ડૉ જીગ્નેશભાઈ તેમજ ડૉ.પ્રશાંતભાઇ દ્વારા સૌ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને માટે લીંબુ શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌ તાલીમાર્થી તેમજ અધ્યાપક શ્રીઓ એ પણ આ દિવસને ખુબ ઉત્સાહપૂર્વક માણ્યો હતો.

"खेलने कूदने का को संकल्प,
स्वस्थ रहने का यही है विकल्प।"

સ્વસ્થ સ્વાસ્થ્ય માટે ખેલકૂદ એ શ્રેષ્ઠ ઉપાય છે. આ માહિતી અમને સંચાલક શ્રી ડૉ.આશાબેન પટેલ દ્વારા આવી હતી.તેમજ આચાર્યશ્રી ડોક્ટર રૂપલબેન દ્વારા સર્વે વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

પ્રસ્તુત કર્તા



કરમુર પ્રિયંકા



ધારા દત્તાણી

માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# શ્રમકાર્ય અહેવાલ - સ્વચ્છતા હી સેવા ૨૦૨૩

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડા કોલેજ ની અંદર તા. ૨ ઓક્ટોબર ૨૦૨૩ ના ગાંધીજી ની જન્મ જયંતિ , ગાંધીજી ને શ્રદ્ધાંજલી આપવા માટે અમારી કોલેજ માં તા. ૩૧/૦૯/૨૦૨૩ શનિવાર ના રોજ 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૩' સૂત્ર અનુસાર શ્રમકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજમાં સમય અનુસાર બધા જ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા. ત્યારબાદ સૌ પ્રથમ પ્રાર્થના કરી ત્યારબાદ શ્રમકાર્ય ના સંચાલક ડૉ. નિધીબેન અગ્રાવત દ્વારા તાલીમાર્થીઓને મેથડ અનુસાર વિભાગ બનાવી કોલેજના મેદાન માં શ્રમકાર્ય કરવા માટેનું સૂચન આપ્યું. તાલીમાર્થીઓ જુદા - જુદા ઓજારો જેવા કે, કુહાડી , કરવત , સાવરણો , સાવરણી, સૂપડીઓ વગેરે જેવા ઓજારો લઈ શ્રમકાર્ય કરવાની શરૂઆત કરી. શ્રમકાર્ય માં ઘાસ નિંદવું, સફાઈ કરવી, કચરો એકઠો કરવો તેમજ કોલેજ માં સ્વચ્છતા જળવાય રહે તેવું શ્રમકાર્ય અલગ અલગ વિભાગમાં કરવામાં આવ્યું.







આ રીતે કોલેજના તમામ તાલીમાર્થીઓને સ્વચ્છતા તેમજ શ્રમકાર્યનું મહત્વ સમજાયું.



બધા તાલીમાર્થીઓએ પોત પોતાને મળેલ વિસ્તારને સાફ કર્યો અને તમામ કચરો એકઠો કરી કચરાનો નિકાલ કર્યો. દરેક તાલીમાર્થી ને આ શ્રમકાર્ય દ્વારા નવો સંદેશ પણ શીખવા મળ્યો કે, દરેક વ્યક્તિએ પોતાનો કચરો પોતે જ ઉઠાવવો જોઈએ. જેથી દરેક સ્થળો પર થતી ગંદકી અટકાવી શકાય છે. સ્વચ્છતા થી જ ભારત દેશને આદર્શ બનાવી શકાય છે.

***"સ્વચ્છતા હશે તો, મન હસે;***
***આપણા સૌ ના જીવન વસે"***







અગાઉના વર્ષોની જેમ સ્વચ્છતા પ્રવૃતિઓની ભાવના એ શ્રમદાન છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગે ના વિચરો ધ્યાન માં લઈ સૌ એ સ્વચ્છતા અભિયાનમાં જોડાય ને બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, પ્રવાસન સ્થળો, રાષ્ટ્રીય ઉદ્યોગો, ઐતિહસિક સ્મારકો, નદી તેમજ કેન્દ્ર શાસિત ગ્રામીણ અને શહેરી પ્રદેશોના જાહેર સ્થળો

પર સ્વચ્છતા જાળવવી જોઈએ અને સૌ દેશવાસીઓને શ્રમકાર્ય અને સ્વચ્છતાનું મહત્વ સમજાવવું જોઈએ.





"સ્વચ્છતા ત્યાં સુંદરતા,
સ્વચ્છતા ત્યાં પવિત્રતા,
સ્વચ્છતા ત્યાં દિવ્યતા,
સ્વચ્છતા ત્યાં પ્રભુતા..."

સંપૂર્ણ સ્વચ્છ ભારતનું મહત્વ ફેલાવવા માટે દરેક વ્યવસાય તરીકે સ્વચ્છતા ના ખ્યાલ ને પહેલા મજબૂત કરવા, અને રાષ્ટ્રવ્યાપી સહભાગિતા સાથે સ્વચ્છ ભારત દિવસ ( ૨ જી ઓક્ટોબર) તરીકે ઓળખાય છે. તે દેશવાસીઓને પહોંચાડવું જોઈએ.

**"आओ हम सब मिलकर, देश का ऊंचा नाम करे,**
**दूर करे गन्दगी सारी, स्वच्छ भारत का निर्माण करे ।"**

*"સ્વચ્છતા સેવા છે,*
*સ્વચ્છતા તહેવાર છે,*
*સ્વચ્છતા ધર્મ છે..."*

આમ , આચાર્યશ્રી, અધ્યાપકશ્રીઓ તેમજ દરેક તાલીમાર્થીઓ ના સાથ - સહકારથી અમારી કોલેજમાં શ્રમકાર્ય નો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ પૂર્વક સંપૂર્ણ થયો.

## સંદર્ભ

https://youtube.com/watch?v=qRCRjp5k9zc&si=pPTH2QBVmvhrk94y

## પ્રસ્તુત કર્તા



**ગૌસ્વામી વિશ્વા**

## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# શ્રમકાર્ય

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાની અંદર 5 ઓક્ટોબર 2023 ને શનિવારના રોજ શ્રમકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજનાં સમય અનુસાર બધા જ તાલીમાર્થીઓ ઉપસ્થિત



રહ્યા હતા. ત્યારબાદ પ્રાર્થના કરી અને શ્રમકાર્યના સંચાલક ડો. નિધીબેન અગ્રાવત દ્વારા મેથડ અનુસાર તાલીમાર્થીઓને અલગ-અલગ વિભાગમાં વિભાજિત કર્યા અને કોલેજ ના વિસ્તારમાં શ્રમ કાર્ય કરવાની નોંધ આપી. અલગ અલગ ભાગમાં તાલીમાર્થીઓ એ જુદાં-જુદાં ઓજારો જેવા કે કુહાડી, સાવરણી, સાવરણો,સુપડી,દાતરડું, પાવડો,ખપારી,વગેરે જેવા ઓજારો દ્વારા શ્રમ કાર્યની શરૂઆત કરી.





શ્રમ કાર્ય કરવાનો સમય સવારે 9:00 થી 12:00 સુધીનો હતો. જેમાં આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ તેમજ અધ્યાપક શ્રી ડૉ.આશાબેન, ડૉ. નિધીબેન, ડૉ.જીજ્ઞેશસર, ડૉ.પ્રશાંતસર પણ સહાયક બન્યા હતાં. બધા જ તાલીમાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક શ્રમકાર્ય કરવામાં આવ્યુ. શ્રમ કાર્યની સફાઈ કર્યા બાદ કચરાનો વ્યવસ્થિત રીતે નિકાલ કરવામાં આવ્યો. અને બધા જ તાલીમાર્થીઓએ ઓજારો એકઠા કરીને વ્યવસ્થિત રીતે તેમની જગ્યાએ મુકવામાં આવ્યા.



આમ, શ્રમકાર્યનો કાર્યક્રમ ઉત્સાહરૂપ શરૂ કર્યું અને, કોલેજના આચાર્ય શ્રી અધ્યાપકો, તેમજ તાલીમાર્થીઓના સાથ સહકાર દ્વારા શ્રમ કાર્ય વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવ્યો.





# પ્રસ્તુત કર્તા



વ્યાસ ખુશાલી

# માર્ગદર્શક

## ડૉ. નિધીબેન અગ્રાવત

# વન્ય જીવ પ્રાણી સપ્તાહ કાર્યક્રમ

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી

પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ.

- ઉમાશંકર જોશી




ખેતરમાં પેદા થતા અનાજમાં પશુ પક્ષીઓનો પણ ભાગ છે' ઋગ્વેદનાં આ કથનને સાર્થક કરતો ૬૯મો વન્ય પ્રાણી સપ્તાહનો કાર્યક્રમ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં તારીખ ૭ ઓક્ટોમ્બર ૨૦૨૩નાં દિવસે મહાવિદ્યાલયનાં અધ્યાપક ડોક્ટર નિધીબેન અગ્રાવત દ્વારા સંસ્થાના આચાર્ય ડોક્ટર રૂપલબેન માંકડનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું .

આ કાર્યક્રમમાં જામનગર વન વિભાગના અજીતસિંહ ઝાલા સાહેબ અને કમલેશભાઈ પિંડારિયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતાં.આ ઉપરાંત નિસર્ગ નેચર ક્લબના મેમ્બર કમલેશભાઈ રાવત, પ્રજ્ઞાબેન રાવત ,દિપાલીબેન શંખલપરા,ઈશાનભાઇ પરમાર અને જયભાઈ ભાયાણી પણ ઉપસ્થિત રહ્યા અને સંસ્થાનાં તમામ અધ્યાપકગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કમલેશભાઈ એ વિવિધ ઝેરી સાપો, તેના પ્રકારો તેની ફૂડ ચેઇન અને ફૂડ ચેઇનમાં તેના મહત્વ વિશે સમજાવ્યું. તેમણે સાપો વિશેની વિવિધ અને અવનવી વાતો કરી અને ppt ના માધ્યમથી તાલીમાર્થીઓને



અસરકારક રીતે સમજાવ્યું. ત્યારબાદ ઇશાનભાઇ પરમારે બિનઝેરી સાપો વિશેની માહિતી આપી, જેમાં વિવિધ પ્રકારના સાપોથી તાલીમાર્થીઓને અવગત કરવામાં આવ્યા.




આ ઉપરાંત ઈશાનભાઇ પરમાર સાહેબે બિન ઝેરી સાપોને કઈ રીતે ઓળખવા તેની જ પણ સ્પષ્ટતા કરી અને સાથોસાથ તેઓ કઈ રીતે સાપોના રેસ્ક્યુ કરે છે તેની પણ માહિતી આપી. આ માહિતી મેળવ્યા બાદ ઝાલા સાહેબે પતંગિયા વિશેની અનેક નાવીન્યપૂર્ણ માહિતી આપી હતી. માહિતીની સાથોસાથ વિદ્યાર્થીઓને પતંગિયાના જીવનચક્ર વિશે પણ ppt દ્વારા માહિતી આપવામાં આવી.




વધુમાં ઝાલા સાહેબે પતંગિયાના જીવન વિશેની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવી કે જે નેચર




ક્લબના મેમ્બર પ્રતિકભાઇ દ્વારા તૈયાર કરવામાં આવી હતી ,જેમાં તાલીમાર્થીઓ ને ખુબ જ રસ પડ્યો હતો. કાર્યક્રમમાં વન્ય જીવો અને માનવી તથા પ્રકૃતિ એકબીજા સાથે કંઈ રીતે જોડાયેલી છે તેની ચર્ચા , વન્ય જીવો સામેના પડકારો, લુપ્ત થઈ રહેલા વન્ય પ્રાણીઓ વિશેની પણ ચર્ચા થઈ. ત્યારબાદ તાલીમાર્થી પક્ષેથી અસરકારક પ્રશ્નોતરી પણ થયેલી જેથી ચર્ચા

વધુ સુગમ્ય બનેલી. કાર્યક્રમને અંત તરફ લઈ જતા ઝાલા સાહેબે સમગ્ર સંસ્થા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. ત્યારબાદ મહાવિદ્યાલયના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા ચૌહાણ દીપ્તિબેન દ્વારા સંસ્થા પરિવાર વતી સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી. આમ, ૬૯માં વન્યપ્રાણી સપ્તાહ નિમિતે યોજાયેલ કાર્યક્રમ સુખદ રીતે પૂર્ણ થયો.




## પ્રસ્તુત કર્તા



ચૌહાણ દીપ્તિબેન એ.

## માર્ગદર્શક

## ડૉ.નિધીબેન અગ્રાવત


# કલાકુંજ 2023 - 24



**કલાથી આર્થિક સંતોષ મળે કે ના મળે,**

**પણ આત્મીય સંતોષ જરૂર મળશે.**

IITE ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓમાં રહેલી કલાને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે કલાકુંજ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. તેમાં વિવિધ સ્પર્ધાઓ હોય છે. જેવી કે, ગરબા, શીઘ્ર વકૃત્વ, રંગોળી, ડિબેટ, પોસ્ટર મેકિંગ, કાર્ટૂનિંગ, મહેંદી, કોલાઝ, ઇન્સ્ટોલેશન, વેસ્ટ માંથી બેસ્ટ, ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન, સમૂહ ગાન, શાસ્ત્રીય સંગીત વાદન, પશ્ચિમી ગાયન વગેરે જેવી સ્પર્ધાઓ હોય છે. વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લઈને તેની અંદર રહેલી કલાને વિકસાવવા માટેનું એક માધ્યમ મેળવે છે.



દર વર્ષની જેમ આ વર્ષે પણ અમારી કોલેજ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. લગભગ 30થી પણ વધુ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો જેનો ખૂબ આનંદ હતો. અમે સૌ તારીખ 19/10/2023ના રોજ રાત્રે 9 વાગ્યે ગાંધીનગર જવા માટે

નીકળ્યા રસ્તામાં ખૂબ મોજ મજા કરતા કરતા લગભગ 20/10/2023 ના રોજ સવારે 9:00 વાગ્યે ગાંધીનગર પહોંચ્યા. રસ્તામાં બસ ખરાબ થઈ હોવાના કારણે સવારે પહોંચવામાં થોડી વાર લાગી હોવાથી ઘણી સ્પર્ધાઓ શરૂ થઈ ગઈ હતી. પણ આપણા તાલીમાર્થીઓ ક્યાં પાછા પડે તેમ છે! સૌ પોત પોતાની સ્પર્ધાઓની જગ્યા પર પહોંચીને પોત પોતાનું કામ ચાલુ કરી દીધું અને જે મિત્રોને સ્પર્ધા શરૂ થવામાં સમય હતો તેઓ તેમની મદદમાં જોડાયા અને સાથે સાથે ગરમા ગરમ ચા નાસ્તાની પણ મજા માણી. ત્યારપછી બપોરનું સરસ મજાનુ ભોજન લીધું જેમાં ગરમ ગરમ મગની દાળનો શીરો, શાક, પુરી, દાળ, ભાત, સલાડ અને છાશ







હતી. એ પછી ગરબાની તથા હળવા કંઠ્ય સંગીતની સ્પર્ધાઓ ચાલુ થઈ અને અમારી કૃતિ પૂર્ણ થઈ ત્યારબાદ અમે સૌ સાથે મળીને ત્યાંના મિત્રો સાથે ગરબાના તાલે ઝુમ્યા. રાત્રે 8 વાગ્યે રાત્રિ ભોજન લઈને અમે સૌ ઇનામ વિતરણના કાર્યક્રમમાં જોડાયા. ખૂબ ઉત્સાહથી નંબર આવવાની રાહ જોઈ રહ્યા હતા ત્યાંજ ઓન ધ સ્પોટ પેઇન્ટિંગમાં હર્ષાબેનનો પ્રથમ ક્રમ આવ્યો જેનો અમને ખૂબ આનંદ હતો. અન્ય સ્પર્ધાઓમાં નંબર ન આવ્યો, છતાં પણ અમે સૌ ખૂબ રાજીપા સાથે અને નવા અનુભવ સાથે રાત્રિના લગભગ 10:00 વાગ્યાની આસપાસ ગાંધીનગર થી જામનગર પરત આવવા માટે નીકળ્યા. સવારે 6:00 વાગ્યે આનંદ મંગલ સાથે સૌ ઘરે પહોંચ્યા.

## ભાગ લીધેલ વિદ્યાર્થીઓ અને સ્પર્ધા :-

ગરબા: - નિધિ, ધૃતિ, જાનવી, વૈશાલીબા, પાયલ, રીતુબા, દીપ્તિ, આરઝુ, ભક્તિ,પ્રિયંકા




સમૂહગાન :- ફોરમ, હિરલ, હેતલ, રૂપા, ભૂમિ, ઉર્વશી

ઇન્સ્ટોલેશન:-જતીન, સુમન, રુકશાર, ઋષિ

ક્વિઝ:- પારસ, રુપા, નીતા



વાદ- વિવાદ: - જતીન, કિશોર

કાર્ટૂનિંગ:- ઉર્વશીબેન

મહેંદી:- આરઝૂબેન

રંગોળી :- પ્રિયંકાબેન

ફોટોગ્રાફી :- ઋષિભાઈ

પાવરપોઇન્ટપ્રેઝન્ટેશન :- નિધીબેન

ડિજિટલપોસ્ટરમેકિંગ:-જતીનભાઈ

કોલાઝવર્ક :-ધારાબેન



શીઘ્રવક્તૃત્વ :- ધારાબેન

હળવુંકંઠ્યસંગીત :- દિપ્તીબેન

કાવ્યપઠન:-ભૂમિબેન

શાસ્ત્રીયવાદન:-સોહમભાઈ

પશ્ચિમીગાયન :- ભક્તિબેન

ઓનધસ્પોટપેઇન્ટિંગ:-હર્ષાબેન

નિબંધલેખન :- માનસીબેન

આમ આમ, આપણી કોલેજમાંથી કુલ 19 સ્પર્ધાઓમાં તાલીમાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. તેમાંથી ઓન ધ સ્પોટ પેન્ટિંગમાં **હર્ષાબેન પ્રથમક્રમે વિજેતા** બન્યા હતા. તેઓને પ્રમાણપત્ર તથા ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આસાથે સૌ તાલીમાર્થી મિત્રોએ કલાકુંજને ઉત્સાહ ભેર માણ્યો તથા ખૂબ નવા અનુભવો મેળવ્યા. ખૂબ ખૂબ આનંદ ઉત્સાહ સાથે અમે સૌ પાછા ફર્યા.

"કલા છે ભોજ્ય મીઠી તે, ભોક્તા વીણા કલા નહીં કલાવા, કલા સાથે ભોક્તા વીણ મળે નહીં!"

- કલાપી

## સંદર્ભ

https://youtu.be/0OQPcu9b1xk?si=dQ-

## પ્રસ્તુત કર્તા



રીતુબા

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# નવરાત્રી મહોત્સવ

તા :-23/10/2023

બુધવાર

અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ અને સંસ્થા પરિવાર દ્વારા એક દિવસ માટે નવરાત્રી મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગુજરાતીઓ માટે નવરાત્રીનો તહેવાર ખૂબ વિશેષ મહત્વ ધરાવે છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન શક્તિ, દેવી અને દુર્ગાનાં નવ રૂપોની આરાધના કરવામાં આવે છે.

**या देवी सर्वभूतेषु शक्तिरुपेण संस्थिता ।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः।।**

આથી અમે પણ અમારી કોલેજમાં નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતાજીની આરતી કરતા હતા, જેમા સંસ્થાના આચાર્ય, અધ્યાપક ગણ તેમજ પ્રથમ અને દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા તમામ તાલીમાર્થી મિત્રોએ લાભ લીધો હતો. માતાજીની આરતી દરમિયાન રોજની અલગ અલગ પ્રસાદિની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.



આચાર્યશ્રી, અધ્યાપક એવા નીધિબેન અગ્રાવત તેમજ આશાબેન પટેલ અને સૌ તાલીમાર્થીઓએ સાથે મળી ગરબાની રમઝટ

બોલાવી હતી. ત્યારબાદ સંસ્થા પરિવાર દ્વારા ઠંડા પીણા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.







ત્યારબાદ સંસ્થા પરિવાર અને સૌ તાલીમાર્થીઓએ ઠંડા પીણા અને નાસ્તાની મજા માણી હતી અને નવરાત્રી મહોત્સવ ની ઉજવણીનો કાર્યક્રમ પૂર્ણ કરી સૌ છુટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનો સંચાલન ડો.નીધિબેન અગ્રાવત અને પ્રથમ વર્ષના વિદ્યાર્થી પંચાયતના સભ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી રૂપલબેન માંકડનો પણ સાથ સહકાર મળ્યો હતો.

આમ સમગ્ર નવરાત્રી મહોત્સવ તાલીમાર્થીઓની ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે પૂર્ણ થયો હતો

# સંદર્ભ

https://www.instagram.com/reel/Cy-LYuDIeRu/?igshid=MTc4MmM1YmI

# પ્રસ્તુત કર્તા



વિરાણી જેનીસા



વ્યાસ આસ્થા

# માર્ગદર્શક

## ડૉ.નિધીબેન અગ્રાવત

# શ્રમકાર્ય



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડા, અંતર્ગત તા. ૨ ઓક્ટોબર ૨૦૨૩, મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે શ્રધાંજલિ રૂપે તા. ૨૩/૧૦/૨૦૨૩ થી તા.૨૮/૧૦/૨૦૨૩ સુધી અમારી કોલેજમાં "સ્વચ્છ ભારત"," સ્વચ્છતા હી સેવા" અંતર્ગત મહાવિદ્યાલયની સાફ સફાઈ કરવામાં આવી હતી.

કોલેજમાં સમય અનુસાર બધાજ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા. ત્યારબાદ સૌ પ્રથમ પ્રાર્થના કરી ત્યારબાદ શ્રમકાર્યના સંચાલક ડૉ. જીજ્ઞેશસરે તાલીમાર્થીઓને મેથડ અનુસાર વિભાગ બનાવી કોલેજના મેદાનમાં શ્રમકાર્ય કરવા માટેનું સૂચન આપ્યું.

તાલીમાર્થીઓ જુદા – જુદા ઓજારો જેવા કે, કુહાડી, કરવત, સાવરણો, સાવરણી, સૂપડીઓ વગેરે જેવા ઓજારો લઈ પ્રાથનાખંડ, વર્ગખંડ, મેદાન, પુસ્તકાલય, હોસ્ટેલ વગેરે જગ્યાએ સાફ – સફાઈ કરવામાં આવી હતી . ત્યારબાદ બધો કચરો એકઠો કરી કચરા પેટીમાં નાખવામાં આવ્યું હતું. આ રીતે કોલેજના તમામ તાલીમાર્થીઓને સ્વચ્છતા તેમજ શ્રમકાર્યનું મહત્વ સમજાયું. બધા તાલીમાર્થીઓએ પોત પોતાને મળેલ વિસ્તારને સાફ કર્યો અને તમામ કચરો એકઠો કરી કચરાનો નિકાલ કર્યો. દરેક તાલીમાર્થીને આ શ્રમ કાર્ય દ્વારા નવો સંદેશ પણ શીખવા મળ્યો કે, દરેક વ્યક્તિએ પોતાનો કચરો પોતે જ ઉઠાવવો જોઈએ. જેથીદરેક સ્થળો પર થતી ગંદકી અટકાવી શકાય છે. સ્વચ્છતાથી જ ભારત દેશને આદર્શ બનાવી શકાય છે.





**"સ્વચ્છતા હશે તો, મન હસે;**
**આપણાસૌ ના જીવન વસે"**



અગાઉના વર્ષોની જેમ સ્વચ્છતા પ્રવૃતિઓની ભાવના એ શ્રમ દાન છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચરો ધ્યાનમાં લઈ સૌએ સ્વચ્છતા અભિયાનમાં જોડાયને બસ સ્ટેન્ડ, રેલવેસ્ટેશન, પ્રવાસન સ્થળો, રાષ્ટ્રીય ઉદ્યોગો, ઐતિહસિક સ્મારકો, નદી તેમજ ગ્રામીણ અને શહેરી પ્રદેશોના જાહે રસ્થળો પર સ્વચ્છતા જાળવવી જોઈએ અને સૌ દેશવાસીઓને શ્રમકાર્ય અને સ્વચ્છતાનું મહત્વ સમજાવવું જોઈએ. સંપૂર્ણ સ્વચ્છ ભારતનું મહત્વ ફેલાવવા માટે દરેક વ્યવસાય તરીકે સ્વચ્છતાના ખ્યાલને પહેલા મજબૂત કરવા, અને રાષ્ટ્ર વ્યાપી સહભાગિતા સાથે સ્વચ્છ ભારત દિવસ (૨જી ઓક્ટોબર) તરીકે ઓળખાય છે. તે દેશવાસીઓને પહોંચાડવું જોઈએ.



આમ, આચાર્યશ્રી, અધ્યાપકશ્રીઓ તેમજ દરેક તાલીમાર્થીઓના સાથ – સહકારથી અમારી કોલેજમાં શ્રમકાર્યનો કાર્યક્રમ ખૂબજ ઉત્સાહપૂર્વક સંપૂર્ણ થયો.

# સંદર્ભ

https://youtube.com/watch?v=qRCRjp5k9zc&si=pPTH2QBVmvhrk94y

## પ્રસ્તુત કર્તા



ગૌસ્વામી વિશ્વા

## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઇ લિંબાચિયા

# ઈનોવેશન એક્ટિવિટી

## TELESCOPE KIT ACTIVITY

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાતા. **26/10/2023** નાં રોજ ઇનોવેશન ક્લબ અંતર્ગત ટેલિસ્કોપ કીટ એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને ટેલિસ્કોપ કીટમાં આવતા ટુલ્સ વિશેની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી અને એ ટુલ્સનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ પ્રવૃત્તિ કરી હતી. તેમજ ટેલિસ્કોપ કીટનાં વિવિધ સાધનોનાં ઉપયોગ અંગેની ક્વિઝમાં પણ ભાગ લીધો હતો. ટેલિસ્કોપ કીટ અંગેની પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



ઇનોવેશન કલબનાં કો-ઓર્ડીનેટર ડૉ.જિજ્ઞેશ સર લિંબાચિયા દ્વારા વિધાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીશ્રી દિલીપસિંહ આશર સાહેબ અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ.રૂપલબેન માંકડે વિધાર્થીઓની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.







## સંદર્ભ

https://youtube.com/watch?v=nZSTbW61DTw&si=2xEWI6zGptUIMuMxp

## પ્રસ્તુત કર્તા



બાવળિયા વિજય


## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# State educational achievement survey

MoE& PARAKH, National council of educational research and training, દ્વારા તેમજ Gujarat council of educational research and training -ગાંધીનગર દ્વારા આગામી તા. 02/11/2023 થી 03/11/2023 ના રોજ ધોરણ 3, 6 અને 9 માં સ્ટેટ એજ્યુકેશનલ એચીવમેન્ટ સર્વે (SEAS) રાજ્યના તમામ જિલ્લાની પસંદિત શાળાઓમાં યોજાયો હતો. જે માટે જિલ્લાના ડાયટ દ્વારા અને તાલુકા કક્ષાએ બી.આર.સી દ્વારા સમગ્ર કામગીરી થઇ હતી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) જામનગર દ્વારા જામનગર જિલ્લામાં આ કામગીરી કરવાની થઇ હતી. આ સર્વેમાં ફીલ્ડ ઇન્વેસ્ટિગેટર તરીકે સરકારી / ગ્રાન્ટેડ / ખાનગી કોલેજના ડી.એલ.એડ. તાલીમાર્થીઓ, બી.એડ./ એમ.એડ. ના તાલીમાર્થીઓ, એમ.એસ.ડબલ્યુ ના વિદ્યાર્થીઓ પસંદ કરીને કામગીરી કરી હતી.

આ કામગીરીમાં જે વિદ્યાર્થીઓ જોડાયા તેમને ભવિષ્યમાં એ કામ કર્યા બદલનો બેનિફિટ પણ મળશે. આ સર્વે માટે તાલીમ પણ આપવામાં આવી. સર્વેમાં જોડાનાર વિદ્યાર્થીઓને પ્રતિદિન માનદવેતન ₹300 તેમજ ટ્રાવેલિંગ એલાઉન્સ નિયમ અનુસાર આપવામાં પણ આવ્યું.



"The future depends on what we do in present."

- Mahatma Gandhi



Seas-2023 અંતર્ગત અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના F.Y અને S.Y ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

Seas ની ટ્રેનિંગનું આયોજન DIET- જામનગર અંતર્ગત યોજાયું હતું. આ ટ્રેનિંગ માટે બધા તાલીમાર્થીઓ અને અમારા પ્રોફેસર ડો.આશામેમ સવારે 9:00 AM વાગ્યે કોલેજેથી નીકળ્યા હતા અને 10:00 AM વાગ્યે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) જામનગરએ પહોંચ્યા ત્યાં ટ્રેનિંગ માટે અન્ય કોલેજના તાલીમાર્થીઓ પણ આવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત 10:30 AM વાગ્યે થઈ હતી.આ કાર્યક્રમ અંતર્ગત બે દિવસના કાર્યક્રમની માહિતી અમને DIET ના પ્રોફેસર ડૉ. સુરભીબેન પંડ્યા અને ડૉ.સંજયભાઈ ચોવટીયા એ સારી રીતે સમજાવી અને આ કાર્યક્રમ અંતર્ગત બધા તાલીમાર્થીઓને અલગ અલગ શાળાઓ ફાડળીઆ શાળાઓમાં ધોરણ 3,6 અને 9 માજ આ પરીક્ષા લેવાની હતી. તેની માહિતી આપી અને આ કાર્યક્રમ અહીં પૂર્ણ થયો ત્યારબાદ 2 PM વાગ્યે બધા ત્યાંથી નીકળ્યા.



અમારી શાળાના તાલીમાર્થીઓને કાલાવાડ અને ધ્રોલ તાલુકાની શાળાઓ ફાડળી આ માટે અમારા ડૉ.આશાબેન એ અમારું અલગ seas નું ગ્રુપ બનાવી જરૂરી માહિતી આપી અને મદદ કરી.



પહેલા દિવસે બધા તાલીમાર્થી ઓને પોતાની શાળાએ 10:00 AM વાગ્યે પહોંચવાનું હતું. 10:00 AM વાગ્યે પહોંચી શાળાના આચાર્યની મુલાકાત લઇ કવર એકની અંદર SQ, TQ અને PQ ની પ્રશ્નાવલી અને ફિલ્ડ નોટ હતી.

જેમાં આચાર્ય પાસેથી SQ ની માહિતી, શિક્ષકો પાસેથી TQ ની માહિતી ભરાવી આ પરીક્ષામાં field investigator ને જે ધોરણ આવ્યું હોય તેનું હાજરી પત્રક મેળવી ઓછામાં ઓછા ૩૦ વિદ્યાર્થીઓની પસંદ કરી વર્ગખંડ તપાસી અને બેઠક નંબર લખીને તૈયાર રાખવા. પહેલા દિવસનું અંતર્ગત એટલું જ કાર્ય કરવાનું હતું.


બીજા દિવસે બધા તાલીમાર્થીઓએ પોતાની શાળાએ 7:30 a.m.વાગ્યે પહોંચી જવાનો હતો. ત્યારબાદ ફિલ્ડ ઇન્વેસ્ટિગેટરે શાળાના આચાર્ય પાસેથી ટેસ્ટ બુકલેટ અને OMR પેકિંગ મેળવી ચકાસવું કે સીલબંધ છે કે નહીં તેની ખાતરી કરવા ની હતી.

આ પરીક્ષા ની શરૂઆત 10:30a.m. વાગ્યે કરવાની હતી. આ માટે ધોરણ 3 ની કસોટી નો સમયગાળો 60 મિનિટ ધોરણ 6 ની કસોટી નો સમયગાળો 75 મિનિટ અને ધોરણ 9 ની કસોટી નો સમય ગાળો 90 મિનિટ રાખવામાં આવ્યો હતો.

આ પરીક્ષા પૂર્ણ થયા બાદ બધાય ફિલ્ડ ઇન્વેસ્ટિગેટર સૂચના મુજબ કવર એક અને કવર બે બંધ કરી અને B.R.Cભવન ને જમા કરવાનું હતું. B.R.C ભવન એ કવર અને TA, DA નું ફોર્મ

જમા કરવાનું હતું. તાલુકાની બધી શાળાના ફિલ્ડ ઇન્વેસ્ટિગેટરે આ કવર અને ફોર્મ જમા કરાવ્યા બાદ બધા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી અને ત્યાંથી રજા આપી હતી.

આ કાર્યક્રમમાં અમારી કોલેજના તાલીમાર્થીઓને કાર્ય કરવાની ખૂબ મજા આવી હતી ,સારો અનુભવ પ્રાપ્ત થયો અને સફળતાપૂર્વક બધા તાલીમાર્થીઓએ આ કાર્ય પૂર્ણ કર્યું.



SEAS-2023 અંતર્ગત BLC દ્વારા ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરને આપવાનું પ્રમાણપત્ર

सत्यमेव जयते

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે SEAS-2023 અંતર્ગત ..........શાળામાં ધોરણ..........માં યોજાયેલ રાજ્ય શૈક્ષણિક સિદ્ધિ સર્વે-2023માં ..........ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરે એક દિવસીય તાલીમ મેળવીને તારીખ 2/11/2023 અને 3/11/2023 દરમિયાન સેવા આપેલ હતી. ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર દ્વારા ઉપરોક્ત સર્વેની કામગીરી પૂર્ણ કરીને સંપૂર્ણ ગોપનિયતા સાથે બ્લોક કો-ઓર્ડીનેટરને પ્રશ્નપત્ર બૂકલેટ, PQ, TQ, અને SQ માટેની OMR SHEETS તથા ફિલ્ડ નોટ બંધ કવરમાં સીલબંધ આપલે છે.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી

બ્લોક લેવલ કો-ઓર્ડીનેટરની સહી/સિક્કો
બી.આર.સી. કાલાવડ

તારીખ: 3/11/2023
સ્થળ:

પ્રસ્તુત કર્તા



વાળા હેતલ



ઝાલા ઉર્વશી

માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# રમતગમત

## खेलने कूदने का लो संकल्पस्वस्थ रहने का यही विकल्प।

અર્થાત આપણે આપણા શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે રમવાનો સંકલ્પ લેવો પડશે. કારણ કે રમવાથી શારીરિક અને માનસિક શાંતિ મળે છે માટે અમારી સંસ્થા દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના આચાર્યશ્રી તેમજ કૉઓર્ડીનેટર ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ તેમજ અધ્યાપક ગણનામાર્ગદર્શન હેઠળ **All India University West Zone માં સિલેક્શન માટે ગાંધીનગર ખાતે ગયા હતા.**

### કાર્યક્રમની શરૂઆત →

**IITE** ગાંધીનગર ખાતે **All India University West Zone** સિલેક્શન માટે તારીખ **2/11/2023** થી **4/11/ 2023** હતી. તેમાં અમારી કોલેજના સાત તાલીમાર્થી મિત્રો અલગ અલગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કબડ્ડી, ખોખો, ચેસ, ઉંચી કુદ જેવી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેમાં દરેક તાલીમાર્થી હોય પોતાના હુન્નર પ્રમાણે સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી અને **all India University West Zone** માં પોતાનું સ્થાન બનાવ્યું હતું.

### ચેસ

જેમાં ચેસમાં ઓડેદરા રૂપાબેન. જે સિલેક્શન થઈ મુંબઈ ખાતે **H N** યુનિવર્સિટીમાં નેશનલ રમવા ગયા હતા ત્યાં પણ તેનું પ્રદર્શન સારૂં હતું.



Selection in national level chess game
Odedara Roopa



### હાઈજમ્પ

કરમુર ખીમાભાઈજે હાઈ જમ્પમાં આઇઆઇટી ખાતે **all India University West zone** નેશનલમાં સિલેક્શન થયા હતા.

## કબડ્ડી



ઠાકર કિશોરભાઈ જે ટીમ ગેમ કબડ્ડીમાં ગયા હતા. જેમાં તેઓ ગાંધીનગર **All India University West Zone** માટે સિલેક્શન થઈ મધ્ય પ્રદેશ ખાતે ઈન્દોરમાં નેશનલ રમવા ગયા હતા. ત્યાં પણ તેનું પ્રદર્શન સારૂં હતું.




## ખો-ખો ભાઈઓ

પારસ બેરા જે પણ ખોખો ગેમમાં **all India University West** માં સિલેક્શન થયા હતા.

## ખોખો બહેનો




ખોખોમાં અમારી કોલેજના ત્રણ બહેનો સિલેક્શન થયા હતા જેમાં પંચાસરા ભક્તિબેન, જેઠવા વૈશાલીબા, રાઠોડ નીરુબેનએ ત્રણે બહેનો સિલેક્ટ થઈ મધ્યપ્રદેશ ખાતે સતનામાં રમવા ગયા હતા ત્યાં પણ તે લોકોનો સારુ પ્રદર્શન હતું. આમ અમારી કોલેજના કુલ સાત તાલીમાર્થીઓ નેશનલ લેવલની સ્પર્ધામાં સારું એવું પ્રદર્શન કરી કોલેજનું નામ આગળ વધાર્યું હતું.

# પ્રસ્તુત કર્તા



ઠાકર કિશોર

# માર્ગદર્શક

## ડો.પ્રશાંતભાઈ ચૌહાણ



# ગીતા જયંતિ



શ્રી વિદ્યામંડળ ગંગાજળા વિદ્યાપીઠ અલિયાબાડા સંચાલિત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ગીતા જયંતિની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧:30 વાગ્યે સૌ પ્રાર્થનાખંડમાં ભેગા થયા. ત્યારબાદ પ્રાર્થના કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ, સર્વ અધ્યાપક ગણ અને પ્રથમ તથા દ્વિતીય વર્ષના તાલીમાર્થી મિત્રોએ ભાગ લીધો હતો.



આકાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ.રૂપલબેનના માર્ગદર્શન હેઠળ ડૉ. નીધીબેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતુ. ડૉ. રૂપલબેન માંકડ દ્વારા ગીતાજીના મહત્વથી માંડીને વિવિધ ક્ષેત્રે ગીતાજીના વ્યવહારિક તેમજ સૈદ્ધાંતિક પાસાને વક્તવ્યોઅને લોકો દ્વારા સમજાવવામાં આવ્યું.

ત્યારબાદ પ્રથમ તથા દ્વિતીય વર્ષના તાલીમાર્થી દ્વારા ગીતાજીનો પરિચય, ગીતાજીનુ મહત્વ, ગીતાજીના શ્લોકની સમજ તેમજ વ્યવહારિક જીવનમાં ગીતાજીનું સ્થાન અને મહત્વની ઊંડાણપૂર્વકની સમજ આપવામાં આવી.


जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहिताः।

અર્થ - શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે વ્યક્તિ પોતાના ઉપર નિયંત્રણ મેળવીલે છે, તેના ઉપર સુખ-દુઃખ અને માન-અપમાનની અસર થતી નથી. આવા લોકોને જ ભગવાનની કૃપા મળે છે. સ્વયં ઉપર નિયંત્રણ મેળવવું એટલે ગુસ્સો, લાલચ, મોહ, અહંકાર જેવા અવગુણોથી દૂર રહેવું

.



જેમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થી લાંબા જતીન દ્વારા સમજ આપવામાં આવી કે દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણ એ અર્જુનને શ્રીમદ્ ભગવત ગીતા ઉપદેશ આપ્યોહતો. તેથી આ દિવસને ગીતા જયંતી તરીકે માનાવવામાં આવે છે. માન્યતા એવી છે કે ભગવદ્ગીતાનો જન્મ શ્રીકૃષ્ણના મુખેથી કુરુક્ષેત્રના મેદાનમાં થયો હતો.





**अव्श्रत्थः सर्ववृक्षाणा देवर्षीणा च नारदः।**
**गन्धवाणा चित्ररथः सिद्धानां कपिलो मुनिः।।**

ત્યારબાદ દ્વિતીય વર્ષના તાલીમાર્થી કેવલ દ્વારા ગીતાજીના અધ્યાયોની માહિતી આપી. ગીતાના અધ્યાયોમાં ૬ અધ્યાયમાંથી પ્રથમ 18 કર્મયોગ, પછીના ૬ અધ્યાયમાં જ્ઞાનયોગ, અને છેલ્લા ૬ અધ્યાયમાં ભક્તિયોગનો ઉપદેશ છે. ગીતા જયંતિના દિવસે મોક્ષદા એકાદશી પણ છે. માન્યતા એવી છે કે એકાદશીનુ વ્રત રાખવાથી મનુષ્યના મૃત પૂર્વજો માટે સવર્ગના દરવાજા ખુલે છે. કહેવામાં આવે છે કે જે પણ વ્યક્તિ મોક્ષ પામવાની ઈચ્છા રાખે છે તેને આ એકાદશીના પર્વે પરવ્રત રાખવું જોઈએ.





ત્યારબાદ દ્વિતીય વર્ષના તાલીમાર્થી દવે સોહમ દ્વારા ગીતાનું મહત્વ સમજાવ્યું કે શ્રીમદ્ભગવદ્ગીતા હિન્દુઓ માટે પવિત્ર ગ્રંથ છે. આ વિશ્વનો એક એવો ગ્રંથ છે જેની જ્યંતિ મનાવવામાં આવે છે. ગીતા મનુષ્યનો પરિચય જીવનની વાસ્તવિકતાથી કરાવ્યા વગર નિસ્વાર્થ કર્મ કરવા માટે પ્રેરીત કરે છે. ગીતા અજ્ઞાન, દુઃખ, મોહ, ક્રોધ, કામ અને લોભ જેવી સાંસારિક વસ્તુઓ માંથી મુક્તિનો માર્ગ બતાવે છે. તેના અભ્યાસ , શ્રવણ, ચિંતન દ્વારા જીવનમાં શ્રેષ્ઠતાની ભાવના આવે છે.





આમ, આ કાર્યક્રમની અંદર પ્રથમ તથા દ્વિતીયવર્ષના તાલીમાર્થી ઓડેદરા રૂપા, દતાણી ધારા, વાડા રિતુબા, પંચાસરા ભક્તિ, ભગત નિકિતા, પુરોહિત કુલદિપ, ચૌહાણ પ્રકાશ, વ્યાસ ઋષિકેશ, દવે સોહમ દ્વારા ગીતાજીની માહિતી અને તેમના મહિમાની જાણકારી આપવામાં આવી અને સહુની યાત્રા કૃષ્ણમય બની રહી. ડૉ. નીધીબેન અગ્રાવતના માર્ગદર્શનથી કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો.



## સંદર્ભ

https://youtube.com/@gyankhand-darbargopaldassh771?si=ZqxQ1YwRTxWsWAzj

## પ્રસ્તુત કર્તા



પાલિયા દેવયાનિ

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# NEP 2020 વર્કશોપ

**"Everything comes to us that belongs to us if we create the capacity to receive it.".**

**"જે કંઈ આપણું છે તે આપણા સુધી આવે જ છે પરંતુ આપણેતેને ગ્રહણ કરવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ."**

**-રવીન્દ્રનાથ ટાગોર**




ભારત એ સંસ્કૃતિ અને વારસાની દ્રષ્ટિએ દુનિયાનો સૌથી સમૃદ્ધ દેશ છે. જ્યારે હાલ ભારતીયલોકો પોતાની સંસ્કૃતિ છોડી અને બીજી સંસ્કૃતિ તરફ આંધળી દોટ મૂકી છે. આ સંસ્કૃતિ સાથે આપણું પ્રાચીન શિક્ષણ પણ પાછળ છૂટતું ગયું છે. હાલ ફરીથી ભારતવિશ્વની મહાસત્તા બનવા જઈ રહ્યું છે, ત્યારે ભારતના સાંસ્કૃતિક જ્ઞાન અને વારસાનું મહત્વ વધ્યું છે. ત્યારે આપણે આપણી સંસ્કૃતિનુંજ્ઞાન મેળવવા તત્પર બન્યા છીએ. આપણેજ્ઞાન ત્યારે જ મેળવી શકીએ છીએ, જ્યારેઆપણી પાસે ક્ષમતા હોય. આવી જ ક્ષમતાને પૂર્ણ કરવાતેમજ શિક્ષકો અને ભાવિ શિક્ષકો સુધી નવી શિક્ષણનીતિ અંગે તેમજ સાંસ્કૃતિક જ્ઞાન પહોંચાડવા, અમારી સંસ્થા દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં તારીખ 30/12/23 અને 31/12/23 ના રોજ ભારતીય શિક્ષણ સમુદાય સંઘ દ્વારા "NEP 2020" અંગે ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ અંગેની વિસ્તૃત માહિતી અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.



તારીખ 30/12/23ના રોજ આ કાર્યક્રમની શરૂઆત 11:00 કલાકેકરવામાં આવી હતી. સૌ પ્રથમ પધારેલા અતિથિશ્રીઓનું મહાવિદ્યાલયની બહેનો દ્વારા કુમકુમ ચોખા દ્વારા ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત સુંદર મજાની પ્રાર્થના તેમજ



દીપ પ્રાગટ્ય દ્વારા થઈ હતી. મહેમાનશ્રીઓનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત કર્યા બાદ, તેમનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ,તેમનું સુતરની આંટીની સૂત્રમાલા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ મહાવિદ્યાલયનો પરિચય આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા આપવામાં આવ્યો હતો. મહાવિદ્યાલય ના પરિચય બાદ ભારતીય શિક્ષણ સમુદાય સંઘ સંસ્થાનો પરિચય શ્રી દિપકભાઈ બક્ષી દ્વારા આપવામાં આવ્યો હતો. તેમજ નવી શિક્ષણનીતિ 2020 અંગેની ઓનલાઈન ક્વિઝ તેમજ સંસ્થા નું વિસ્તૃત પરિચય વિમળાબેન દ્વારા આપવામાં આવ્યો હતો.



આ સમગ્ર કાર્યક્રમની પૂર્વ ભૂમિકા બંધાયા બાદ મુખ્ય વક્તા રાજેન્દ્રભાઈ ચોટલીયા સાહેબે બે દિવસીય કાર્યક્રમનું મુખ્ય વિષય એટલે કે નવી શિક્ષણનીતિ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સૌપ્રથમ તેમને પોતાના



વક્તવ્ય ની શરૂઆતમાં તેમને વિવિધ ધાર્મિક તેમજ લૌકીક ઘટનાઓ અંગેના તથ્યો જણાવી અને અસરકારક શિક્ષણ કેમ આપી શકાય, તેમની માહિતી આપી હતી. તેમને બિલીપત્રના ઉદાહરણ દ્વારા what? Why? અનેHow? અંગેનો પરિચય આપ્યો હતો. આ વિવિધ ઘટનાઓને પરિચય દ્વારા તેમને અસરકારક શિક્ષણ કઈ રીતે આપી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સાથે તેમને વિવિધ શબ્દો તેમજ તેની વિશેષતા અંગે માહિતી આપી અને ભારતીય પ્રાચીન જ્ઞાનઅને માતૃભાષાના જ્ઞાન અંગેનું મહત્વ સમજાવ્યું હતું. આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે, શિક્ષણનું કામ "otherness માંથી ownness તરફ જવાનું છે." તેમજ શિક્ષણની સાથે સંવેદના જોડાયેલી હોય છે તેમ કહી શિક્ષણના ત્રણ H અંગે માહિતી આપી હતી.

1) **Hand (કલાત્મક)**
2) **Heart (સંવેદના)**
3) **Head (અહીં બૌદ્ધિક અર્થમાં why?)**

આ રીતે વિવિધ માહિતી આપતાની સાથે પ્રથમ સેશનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી .પ્રથમ સેશનની અંતે ભોજન માટેનો અડધી કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન સંસ્થાના તાલીમાર્થી મિત્રો તેમજ વિવિધ સંસ્થા માંથી પધારેલા શિક્ષકોએ NEP 2020 અંગે તૈયાર કરવામાં આવેલી ઓનલાઇન ક્વિઝ માં પણ ભાગ લીધો હતો. તમામ તાલીમાર્થી મિત્રો તેમજ વિવિધ સંસ્થા માંથી પધારેલા શિક્ષકો અને અતિથિઓએ ભોજનનો લાભ લીધો હતો. ભોજન સમારંભ પૂર્ણ થયા બાદ ફરીથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.






આ સેશન દરમિયાન NEP 2020 અનુસાર શિક્ષકોએ કયા કયા પગલાંઓને અનુસરી અને શિક્ષણ કાર્ય કરવું જોઈએ તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમને શિક્ષણ કાર્યને અસરકારક બનાવવા માટે કુલ છ પગલાઓ સૂચવ્યા હતા. જેમાં પ્રત્યયન, સહકાર, તાર્કિક વિચારણા, સમસ્યા નિવારણ, સર્જનાત્મકતા અને સંશોધન નો સમાવેશ થતો હતો. ત્યારબાદ તેમને તમામ તાલીમાર્થીઓને તેમજ શિક્ષકોને જોડણીની કસોટી માટેનું પત્રક આપ્યું હતું. આ પત્રકની મદદથી તેમને તમામ શિક્ષકો અને તાલીમાર્થીઓને સાચી જોડણી અંગેનું જ્ઞાન આપી શિક્ષણમાં ભાષાના મહત્વ અંગે પરિચિત કરાવ્યા હતા. તેમજ વિવિધ વિષયોના વિવિધ શબ્દકોષો અંગે પરિચિત કરાવ્યા હતા. આ ઉપરાંત બીજા દિવસે ડિબેટનું આયોજન કરવામાં માટે તેમને કુલ ૫ ગ્રુપ બનાવી અને તેમને વિવિધ વિષયો આપી તેમના ઉપર ડિબેટ કરી અને પોતાના વિચારો રજૂ કરવા માટે જણાવ્યું હતું.






આ સાથે જ પ્રથમ દિવસનાં સેશનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રથમ દિવસનું સમાપન દ્વિતીય વર્ષનાં તાલીમાર્થી પંચાસરા ભક્તિબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આ

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થી વ્યાસ આસ્થાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં વિમલાબેન દ્વારા અગાઉના દિવસ એટલેકે તારીખ ૩૦/૧૨/૨૦૨૩ વિશે થોડી વાત કરવામાં આવી ત્યારબાદ રાજેન્દ્રભાઈએ મોટી વેશનલ થોટ દ્વારા કાર્યક્રમને આગળ વધાર્યો. તેમણે કહ્યું કે, **'વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર વીણા વગાડે છે, પરંતુ વીણાની ક્ષમતા અનુસાર તેને વગાડી શકતો નથી.'**

NEP – 2020ની વાત કરતા તેમણે જૂની શિક્ષણ નીતિની ખામીઓ પણ સ્પષ્ટ કરી. તેમણે નવી શિક્ષણ નીતિમાં 'અનુભવ દ્વારા અભિવ્યક્તિનો વિચાર સ્પષ્ટ કર્યો. તેમજ અર્થ ગ્રહણનું મહત્વ સમજાવ્યું. જૂની શિક્ષણનીતિમાં ફક્ત 'What' ને એટલેકે વિષય વસ્તુને જ મહત્વ અપાતું પરંતુ નવી શિક્ષણનીતિ માટે આટલું પૂરતું નથી. તેથી નવી શિક્ષણનીતિમાં What તો છે જ પરંતુ તેની સાથે 'Why' એટલે 'શામાટે' અને 'How' એટલે 'કેવી રીતે' વિષય વસ્તુ છે તેનો પણ સમાવેશ થયેલ છે. આને સમજાવવા માટે રાજેન્દ્રભાઈએ 'વૈશાખનંદ', 'વકીલ' , 'જરાસંધ' જેવા શબ્દોનો અર્થ તો આપ્યો જ પરંતુ તેનું શા માટે અને કેવી રીતે અર્થ સ્પષ્ટ થાય છે તે પણ સમજાવ્યું. આ સમજણ એટલી ઊંડાણ પૂર્વક આપી કે એ તેમના જ્ઞાન રૂપી કુવાના જળ સમાન હતી.




તારીખ ૩૦/૧૨ના રોજ શિક્ષકોના પાંચ ગ્રુપ પડાયા હતા. જેમાં તેમને અલગ અલગ વિષયો સોપાયા હતા. અને તેને આધારે ૩૧/૧૨એ સમૂહ ચર્ચા યોજી હતી.

જેમાં ગ્રુપ-૧ ને અઘરા શબ્દોની યાદી તૈયાર કરવાનું કાર્ય સોંપાયેલ હતું. તેથી તે ગ્રુપએ ગુજરાતી ભાષા ના 30 શબ્દો શોધીને યાદી તૈયાર કરેલ હતી. ગ્રુપ-૨ને પહેલાના અને હાલના શિક્ષણ વચ્ચેના તફાવતનો વિષય સોંપાયો હતો. જેમાં તેમણે ખૂબ સ્પષ્ટતાથી મુદ્દાઓ રજૂ કર્યા હતા. ગ્રુપ-૩ને શિક્ષણનું માધ્યમ ક્યુ અને શા માટે રાખવું જોઈએ એવો વિષય સોંપાયો હતો. જેમાં તે ગ્રુપના પ્રતિનિધિ એ શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી હોવું જોઈએ એવો જવાબ આપેલ હતો. ગ્રુપ-૪ને પ્રવૃત્તિમય શિક્ષણ એટલે શું અને કેવી રીતે કરાવી શકાય એવો વિષય સોંપાયો હતો. તેના જવાબમાં તેમણે જણાવ્યું કે 'પ્રવૃત્ત કરે તે શિક્ષણ' અને અનુભવ દ્વારા શિક્ષણ થવું જોઈએ એવું જણાવેલું. જેમાં શિક્ષક વાતાવરણના ઘટકોનો ઉપયોગ કરી સરળ રજૂઆત દ્વારા બાળકને સમજાવી શકે છે અને બાળકો પણ રુચિની સાથે સમજી શકે છે.

બધા શિક્ષકોએ પોતાને સોંપાયેલ વિષયો પર યોગ્ય રીતે ચર્ચા કરી. ત્યારબાદ તેમાંથી એક શિક્ષિકાએ પોતાનો અનુભવ બધા સમક્ષ રજૂ કર્યો જેમાં તેમણે હાલની પરિસ્થિતિ અંતર્ગત અંગ્રેજી ભાષાની અને AIની મહત્વતા દર્શાવી. સંસ્થાના ટ્રસ્ટી દિલીપસિંહ આશર સાહેબ દ્વારા આ કાર્યક્રમ યોજવા બદલ 'ભારતીય સમુદાય શિક્ષણસંઘ' અને રાજેન્દ્રભાઈનો આભાર વ્યક્ત કર્યો અને સંસ્થાનો પ્રતિભાવ રજૂ કર્યો. તેમણે જણાવ્યું કે પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ જીવન ક્ષેત્ર માટે વિદ્યાર્થીઓ તૈયાર થાય તેવું શિક્ષણ હોવું જોઈએ. તેમણે અન્ય શાળામાંથી આવેલા શિક્ષકોને પોતાનો અનુભવ રજૂ કરવા માટે બોલાવ્યા. તેથી નવોદય વિદ્યાલયના એક શિક્ષકે આકાર્યક્રમ અંગે પોતાનો અનુભવ રજૂ કર્યો. તેમજ રાજેન્દ્રભાઈ અને કોલેજનો આભાર માન્યો હતો. રાજેન્દ્રભાઈ ચોટલીયા દ્વારા બૃહદકોષ, સંસ્કૃતિ – હિન્દીકોષ, અમરકોષ જેવા પુસ્તકો વાંચવાની સલાહ અપાઇ તેમજ શિક્ષકોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમણે પ્રશ્નોત્તરીયોજી. જેમાં શિક્ષકોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા. અંતે રાજેન્દ્રભાઈએ એક પંક્તિ દ્વારા પોતાની વાણીને વિરામ આપ્યો. **"અમે તો અહીંથી જઈશું, પરંતુ ગુલાલ રહેશે, શું કર્યું એ ખબર નથી, પરંતુ જે કર્યું તે કમાલ રહેશે."**

કોલેજના આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડે સૌ મહેમાનો, શિક્ષકો અને રાજેન્દ્રભાઈનો આભારમાની કાર્યક્રમનું સમાપન કર્યુ. ત્યારબાદ બંને વર્ષના તાલીમાર્થીઓ, તમામ અધ્યાપકો, આમંત્રિત પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ગ્રુપ ફોટો લેવાયો. બધા માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. તેથી સૌ એ સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો અને જમીને સૌ છુટા પડ્યા હતા.

# સંદર્ભ

https://youtu.be/W-x57oG5ofw?si=cJQW4u6SDEn64OpD

# પ્રસ્તુત કર્તા



ધારા દતાણી



દિલસાદ બાબવાણી



પ્રિયંકા કરમુર



# માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ

## powered by

## knowledge Consortium of Gujarat.

ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા કૌશલ્યવર્ધક "ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ"નો પ્રારંભ કેસીજી કચેરી, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ હતો. ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ દ્વારા વિદ્યાર્થીને કુલ 80 કલાકની કૌશલ્ય વર્ધક તાલીમ આપીને વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા દ્વારા કરવામાં આવ્યો. SET/Module A&C LIFE & EMPLOYABILITY SKILLS 1&2 ની 40 કલાકની તાલીમ તારીખ 1/1/2024 થી 12/1/2024 સુધી શ્રી. મોહિત જિંદલ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી આપવામાં આવી.SET B & D FUNCTIONAL ENGLISH SKILLS 3&4 ની 40 કલાકની તાલીમ તારીખ 13/1/2024 થી





23/1/2024 સુધી શ્રી મનિષાબેન ગાંધી દ્વારા વિવિધ માધ્યમથી આપવામાં આવી. ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પની તાલીમનું

આયોજન મહાવિદ્યાલયના આચાર્ય ડો. રૂપલબેન એસ. માંકડના માર્ગદર્શન હેઠળ ફિનિશિંગ સ્કૂલના કો-ઓર્ડીનેટર ડો. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ

પ્રથમ દિવસે મોહિત સરે ઇન્ટરવ્યૂમાં પોતાનો પરિચય આપવા અને જવાબ આપતી વખતે સાચી ભાષાનો ઉપયોગ કરવા માટે કેટલીક ટિપ્સ આપી હતી. તેમણે અમને જીવન કૌશલ્ય શું છે તે વિશે વાકેફ કર્યા:

- જીવનને

૧.વ્યક્તિગત,

૨. સામાજિક

૩. ઇન્ટરવ્યૂમાં



ત્રણ ભાગોમાં વહેંચવામાં આવે છે. "જીવનના વિવિધ તબક્કામાં અનુકૂલનશીલ બનવાને જીવન કૌશલ્ય કહેવાય છે". પછી તેણે અમને સ્વોટ વિશ્લેષણ વિશે જાગૃત કર્યા strength, weakness, opportunities and threats છેતે શીખવાડયું કે તે જીવનની સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે.



બીજા દિવસે અમને શીખવાડયું કે આત્મસન્માન અને આત્મવિશ્વાસ કેવી રીતે વિકસાવવો તે આત્મવિશ્વાસ વધારવાના ત્રણ 'C' છે.

1. Consistency
2. Courage
3. Curiosity

તેમજ self-discipline, self-awareness અને self-awareness વિષય શીખવાડયું.

મોહિત સરે અમને Sympathy અને Empathy વિશે સમજૂતી આપી અને તેને પ્રવૃત્તિ સાથે સમજાવ્યું તેમણે 4 જુદા જુદા જૂથોને 4 જુદા જુદા વિષયો આપ્યા અન Sympathy અનેEmpathy પર અમારી સમીક્ષાઓ પૂછી કે બંને કઈ પરિસ્થિતિ પર લાગુ થાય છે. Empathy પર અમારી સમીક્ષાઓ પૂછી કે બન્ને પર લાગુ થાય છે.





પછી તેમણે અમને ટીમ વર્ક વિશે સમજાવ્યું કે “Together Everyone achieves more “તેમજ ટીમ વર્ક નું મહત્વ અને તેના ઘટકો વિષય સમજૂતી આપી.




ત્યાર પછી સર એ પ્લાનિંગ ટેકનિક વિષય સમજાવ્યું કે કોઈ પણ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્લાનિંગ એ આવશ્યક છે. તેમણે પ્લાનિંગ કરવાના સ્ટેપ્સ જણાવ્યા :-

S - Survey

A - Analysis

P - plan

E – Execute

E – Evaluation.



પાંચમા દિવસે સરે ઇન્ટરવ્યૂ સ્કીલ શિખવાડી, કોઈ પણ વ્યવસાયિક ક્ષેત્રે જોડાવા વ્યક્તિ ની પસંદગી કરવામાં આવે છે  તે માટે યોગ્ય લાયકાત



અને કૌશલ્ય ધરાવતા ઉમેદવાર ને તેના જવાબો ના આધારે પસંદ કરવામાં આવે છે સરે તે બાબતે કેટલીક માહિતી આપતા જણાવ્યું કે ઇન્ટરવ્યૂમાં જવાબ આપતી વખતે કેવો વર્તન કરવો, આત્મવિશ્વાસ થી જવાબ આપવો, વિનમ્રતા થી ઉત્તર આપવા અને મોઢાના હાવભાવ તથા ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

ત્યાર બાદ મોહિત સરએ બોડી લેન્ગવેજ વિષય સમજાવતા કે બોડી લેન્ગવેજ એ વ્યક્તિત્વને પ્રદર્શિત કરે છે . તેથી વિવિધ ઉઠવાની બેસવાની તથા ચાલવાની, બોલવાની અને ત્રણ પ્રકારોના હેન્ડશેક વિષય માહિતી આપી.




છઠ્ઠા દિવસે સરએ ટાઈમ મેનેજમેન્ટનું મહત્વ અને વિવિધ તકનીક વિષય માહિતગાર કર્યા તેમાંની એક જાપાનીઝની પોમોડોરો ટેકનીક સમજાવી ત્યાર બાદ રમત દ્વારા પ્રવૃતિ કરાવી.

સાતમા દિવસે સર એ વ્યક્તિત્વના વિકાસ માટે ના કૌશલ્યો વિષય જણાવ્યું તેમનો એક કૌશલ્ય છે.



- આંતરવૈયક્તિક કુશળતા
- કાર્યક્ષમતા અને અસરકારકતા વચ્ચેનો તફાવત
- અવલોકન અને એકાગ્રતા વ્યક્તિત્વ નો વિકાસ કરવા ઘણા બધા ઉપાયો જણાવ્યા.

ત્યાર બાદ સર એ વ્યક્તિત્વ ને નિખારવા વિવિધ કલાઓ વિષય જણાવ્યું જેમાં વિવિધ કૌશલ્ય નો સમાવેશ કર્યું હતું જેમકે:-


- ડ્રેસિંગસેન્સ
- સ્વચ્છતા
- પહેરવેશ શિષ્ટાચાર,જમવા સમયના શિષ્ટાચાર, ઇન્ટરવ્યૂ સમય નાશિષ્ટાચાર જણાવ્યા.
- વાટાઘાટકૌશલ્ય (Negotiation skills)






નવમાં દિવસે સર એ વ્યવસાયિક બાબતો વિષય જાણકારી આપતા જણાવ્યું કે જીવન માં વ્યવસાયિક લક્ષ્ય નક્કી કરવું એ કેટલું મહત્વપૂર્ણ છે . જે જીવન ને એક દિશા તરફ દોરી જવા માં ખુબજ મહત્વ ધરાવે છે તેમજ પ્રેરણા સ્રોત છે. તેમજ રોજગારી મેળવવા માટે વ્યવસાયનું શું મહત્વ છે.

તેમજ નેતૃત્વના કૌશલ્ય વિષય માહિતી આપી અને નેતૃત્વના લક્ષણો સમજાવ્યા.




- ત્યાર બાદ સરે વ્યવસાયિક નીતિઓ અને મૂલ્યો વિષય જાણકારી આપી અને તેમનું મહત્વ સમજાવ્યું મૂલ્યો જેમકે :-
- પ્રમાણિકતા
- નેતૃત્વ

- જવાબદારી
- નિષ્પક્ષતા
- વિશ્વાસપાત્રતા
- સામાન્ય નીતિશાસ્ત્ર




ત્યાર બાદ બધા તાલીમાર્થઓએ ૪૦ ગુણની પરીક્ષા આપી જેમ વિવિધ લાઈફ સ્કીલ ના પ્રશ્નો આપેલા હતા . પછી બધા તાલીમાર્થીઓએ પોતપોતાના પ્રતિસાદ આપ્યાં અને મહાવિદ્યાલય ના આચાર્ય

શ્રી ડૉ રૂપલબેન માંકડ તેમજ અધ્યાપક શ્રી તથા ફિનિશિંગ




સ્કૂલ ના કો- ઓર્ડીનેટર ડૉ આશાબેન પટેલ દ્વારા પ્રતિસાદ અને આભાર દર્શન થયું.



લાઈફ સ્કીલ ની ટ્રેનિંગ લીધા બાદ ત્રીજા મોડ્યુલ ની શરૂઆત થઈ જેમાં બીજા




ઇન્સ્ટ્રક્ટર શ્રી મનીષાબેન ગાંધી ઇંગ્લિશ વિષય માં કેટલીક વ્યાકરણ તથા સ્પોકન ઇંગ્લિશ વિષય શીખવાડયું પેહલા દિવસે તેમને

Functional and spoken Englishથી શરૂઆત કરતા સ્વપરિચય ઇંગ્લિશમાં ક્યાં

મુદ્દાઓને ધ્યાનમાં રાખી ને આપવુંએ શીખવાડયું.

બીજા દિવસે તેમણે Noun , pronoun સજાવ્યાં અને તેનો વાક્ય માં પ્રયોગ કરતા શીખવાડ્યું ત્યાર બાદ વિવિધ પ્રકાર ના verbs વિષય જણાવ્યું.




ત્રીજા દિવસે વિવિધ પ્રેપોસિશન્સ વિષય શીખવાડયું અને ઉધાહરણ આપ્યાં જેમકે:- beside, across , between, on, out, inside, outside etc.... અને રમત દ્વારા પ્રવૃતિ કરાવી.




મનીષાબેન એ અંગ્રેજી બોલતા તથા શબ્દ પ્રયોગ અને વ્યાકરણ ના મુદ્દા સમજાવતા વિવિધ પ્રકાર ના helping verbs. અને conjunctions વિષય સમજાવ્યું.

પંદરમાં દિવસે ફકરો બનાવતા શીખવાડ્યું અને ફકરા લખતા દરમ્યાન ક્યાં સોપાન ધ્યાન માં રાખી ને લખવું તે જણાવ્યું.

સોળમા દિવસે મનીષાબેન એ વિવિધ શબ્દો થતા વાક્યો ને જોડવા માટે વપરાતા કનેક્ટર શબ્દો વિષય માહિતી આપી અને તેનો ઉપયોગ કરીને વાક્યો ની રચના કઈ રીતે થાય તે સમજાવ્યું.



સતરમાં દિવસે અમે વાક્ય ને ક્રમ માં ગોઠવવાનું શિખ્યા અને વાક્યો ના પ્રકારો વિષય જાણ્યું. જેમકે,




- Assertive
- Interrogative
- Exclamatory

- Imperative






અઢારમાં દિવસે મનીષાબેને અંગ્રેજી મા ફકરો લખવાની સમજૂતી આપી તેમાં કઈ કઈ બાબતો ને ધ્યાન માં રાખી ને લખવું જોઈએ તે શીખવાડયું તથા હેલ્પિંગ વરબ્સ સમજાવ્યા પ્રવૃતિ અને રમત દ્વારા.

ઓગણીસમાં દિવસે અમે રેસુમે કેમ લખવું તે શીખ્યું અને તેમાં આવતા વિવિધ સોપાનો તથા વ્યવસાયિક કારકિર્દી અંગે કઈ બાબતોનો સમાવેશ કરવો અને કઈ રીતે ઇન્ટરવ્યુ માં પૂછાયેલા પ્રશ્નો ના ઉત્તર આપવા તે મનીષાબેન એ સમજાવ્યું.





KCG/FS/2024-2025/01/SP065/4752

KNOWLEDGE CONSORTIUM OF GUJARAT
EDUCATION DEPARTMENT, GOVERNMENT OF GUJARAT
FINISHING SCHOOL PROGRAMME

COMPLETION CERTIFICATE

This is to certify that, Mansi Mav
of Darbar Gopaldas Shikshan Mahavidhyalaya, Aliabada
from Semester Sem 4 Roll No. 221430030050 has successfully participated in 80 hours of Life Skills, Employability Skills and Functional English Training Programme in the year of 2024-2025 under Finishing School an Initiative of K.C.G. Education Department, Government of Gujarat.
He/She has achieved 86 out of 100 marks Examination with A Grade.

Dr Mahesh Patel
Officer On Special Duty,
Finishing School KCG

P B Pandya (IAS)
COMMISSIONER OF HIGHER EDUCATION,
CEO KCG

।। कौशल्येन फलति विद्या ।।

[A+ (90%) | A (80% >) | B+ (70%) | B(60%) | C+ (50%) | C (40% >)]

પ્રથમ સ્થાન : ઋષિકુમાર રાઈઠઠા ૯૮%

દ્વિતીય સ્થાન : ધારા દત્તાણી ૯૬%, સુનેહરા ધુમરા ૯૬%

તૃતીય સ્થાન : નિધી ભુંડિયા ૯૪%, ભવ્યેશકુમાર વાછાણી ૯૪%





ચોથા મોડ્યુલ ના છેલ્લા દિવસે મનીષાબેન એ Direct અને indirect speech વિષય પ્રવૃતિ દ્વારા સમજાવ્યું અને બધા તાલીમાર્થીઓ ના પ્રતિસાદ લીધા અને ત્યારબાદ પરીક્ષા લીધી.



ફીનીશિંગ સ્કૂલ એ ગુજરાત સરકાર દ્વારા કરેલ એક મહાન પહેલ છે જેના અંતર્ગત લાઈફ સ્કીલનો મોડ્યુલ વ્યવહારિક તથા વ્યવસાયિક ક્ષેત્રો માં ખુબજ ઉપયોગી થાય તેમજ અંગ્રેજી મોડ્યુલ તાલીમાર્થીઓના અંગ્રેજી ભાષાના કૌશલ્યો જેમકે વાંચન, લેખન, ગણનનો વિકાસ થાય છે.

**સંદર્ભ** ⇨ https://youtube.com/shorts/SOwgckTIXQM?si=sKurpsBCjlGVoo8b

**પ્રસ્તુત કર્તા**



માવ માનસી

**માર્ગદર્શક**

ડૉ. આશાબેન પટેલ

# મહિલા સ્વરક્ષણ તાલીમ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થી બહેનોને કરાટે એસોસિએશન ગીર સોમનાથ દ્વારા શ્રી આશાબેન ચુડાસમાએ તારીખ 9/1/2024 થી તારીખ 23/1/2024 સુધી અસરકારક સ્વરક્ષણ તાલીમ આપી . આ તાલીમ મહાવિદ્યાલય ની સમગ્ર બહેનોને ઉપયોગી નીવડશે. સ્વરક્ષણ તાલીમનું આયોજન મહાવિદ્યાલયના આચાર્ય ડો. રૂપલબેન એસ. માંકડના માર્ગદર્શન હેઠળ મહિલા સેલના કો-ઓર્ડીનેટર ડો. આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં, કેળવણી અને અનૌપચારિક શિક્ષણના ભાગરૂપે 15 દિવસ સુધી પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થીઓએ સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં તમામ તાલીમાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધો હતો.



આત્મ રક્ષણની ઝુબેશ 15 દિવસ ચાલે જેમાં તાલીમાર્થી હોય એ સમય આવતા પોતાની જાતનું રક્ષણ કરી શકે તે માટે અનેક તકનીકોની તાલીમ અપાય જેમાં પહેલા દિવસે સામાન્ય કસરતની સાથે અપર પંચ, મિડલ પંચ અનેલોવરપંચ શીખવવામાં આવ્યા બીજા દિવસે હાથના દાવની તકલીફમાં અપર બ્લોક, મિડલ બ્લોક અને લોવર બ્લોકથી પરિચિત થયા.

"આજે એક નારીને મેં સમયને હાથે મજબુર થતા જોય

પોતાની જાત સાથે આજ એને પોતાને મેં લડતા જોઈ"

તાલીમ આપવા આવેલી બે તાલીમ માસ્ટર આત્મ રક્ષણના ઉચિત દાવોથી હુબહુ હતી. તાલીમમાં

માત્ર તાલીમાર્થીઓ જ નહીં. અમારી સાથે આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન એસ .માંકડ,ડૉ. આશાબહેન એમ .પટેલ, ડૉ. નિધીબેન ડી. અગ્રાવત અને હેતાબેન પી. પટેલ પણ જોશ પૂર્વક જોડાયા.





ત્રીજા દિવસે ફાઇટ પોઝીશનમાં પંચ કેવી રીતે મારવો તેની તાલીમ એક કલાક આપવામાં આવી ચોથા દિવસે એક કલાક અને ૩૦ મિનિટ સુધી હાથમાં બોક્સિંગ પંચની તાલીમ અપાય પાંચમા દિવસથી નવમા દિવસ સુધી અનુક્રમે ડ્રોપ ટ્રીક્રીક સ્ટમક ટ્રીક ફ્રેશ ક્રીક પુષ્ટિક જેવા પગના દાવ શીખવા માં આવ્યાદસમાં અને અગિયારમાં દિવસે ઓશો પંચ અને કોમ્બિનેશન પંચની તાલીમ અપાય કોમ્બિનેશન પંચ ને સુસંગત બ્લોક કોમ્બિનેશનની તાલીમ બારમા દિવસે અપાયતેરમાં દિવસે બે કલાક માટે કરાટે શીખવવામાં આવ્યા કરાટેમાં કાકા અને તારીખે સુદાન નામના બે પ્રકારોની માહિતી અને તકનીકી તાલીમ અપાય અને સેલ્ફ ડિફેન્સની તાલીમ ચૌદ અને પંદરમાં દિવસે અપાય.



દરબાર ગોપળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન એસ. માંકડ, અધ્યાપિકા બહેનો ડૉ. આશાબેન એમ. પટેલ, ડૉ. નિધીબેન ડી. અગ્રાવત, હેતબેન પી. પટેલ તેમજ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થી બહેનોએ મહિલા સ્વરક્ષણની તાલીમ કૌશલ્ય પૂર્ણ અને નિપુણતાથી પ્રાપ્ત કરેલ હતી.











## સંદર્ભ

https://youtu.be/FWiTAXq1mf8?si=2nl8vu8yv3Og2FFB

## પ્રસ્તુત કર્તા



ચાવડા દર્શના | પરમાર નિમિષા

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# શૈક્ષણિક શિબિર

**"મારે ફરીથી કરવો છે બાળપણનો પ્રવાસ, મિત્રોના નિ:સ્વાર્થ પ્રેમનો પહેરણનો પ્રવાસ**
**સ્વાર્થી દુનિયાના મારને ભૂલી જીવવાનું, બચપનના એ માસુમ શાણપણનો પ્રવાસ"**

અમારી કોલેજ શ્રી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડાદ્વારા તા:-૧૯/૦૧/૨૦૨૪ અને તા:-૨૦/૦૧/૨૦૨૪ ના રોજ શૈક્ષણિક પ્રાકૃતિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક શિબિર પોશીત્રા મરીનલાઇન્સ ખાતે કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૫૦ જેટલા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ જોડાયા હતા. આ બે દિવસના કેમ્પ દરમિયાન વિવિધ દેવ દર્શન પણ થયા હતા. જેમાં સૌપ્રથમ જામનગર થી દ્વારકા જવા માટે નીકળ્યા હતા. ત્યાં સવારે૧૦:૦૦ વાગે પહોંચી દ્વારકા ની બી.એડ કોલેજ ના અધ્યાપક શ્રી ડૉ.વિપુલાબેન વાઘેલા દ્વારા અમને ચા અપાયો હતો. ત્યારબાદ ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન માટે નીકળ્યા હતા. ભગવાન શ્રી દ્વારકાધીશ દર્શન માટે તાલીમાર્થીઓ માટે ખૂબ ઉત્સુક હતા. ત્યારબાદ ત્યાંથી દર્શન કરી બધા તાલીમાર્થીઓ દ્વારકામાં ફર્યા હતા.




ત્યારબાદ ત્યાંથી બપોરે ૧૧:૩૦ વાગે ભડકેશ્વર મહાદેવ મંદિર જવા માટે નીકળ્યા હતા. ત્યાં મહાદેવના દર્શન કરીને ત્યાંથી રવાના થયા.





ત્યાંથી બપોરે ૧:30 વાગે  ભીમરાણા મુકામે મોગલ ધામ જવા રવાના થયા હતા. તે માતાજીના દર્શન કરી અને સહુ એ પ્રસાદ લીધો હતો. ત્યારબાદ ત્યાંથી રવાના થઈને પોશીત્ર જવા માટે નીકળ્યા હતા. તેનું પ્રાકૃતિક વાતાવરણ જોઈ બધા તાલીમાર્થીઓ ખુશ થઈ ગયા હતા. ત્યાં અમને રહેવા માટે બે અલગ અલગ ટેન્ટની વ્યવસ્થા આપવામાં આવી હતી. તેમજ ચા નાસ્તો અને જમવા વગેરેની વ્યવસ્થા પણ હતી.



ત્યારબાદ ત્યાંથી સાંજે 5:00 વાગ્યે ત્યાંના ગાઈડ અશલમભાઇ સાથે બધા ટ્રેકિંગ માટે નીકળ્યા હતા. તેમાં વિવિધ રસ્તાઓમાંથી લઈને ચેરના વૃક્ષો, મોતીચીપ વગેરે વિશે માહિતી આપી હતી. ત્યારબાદ બધાએ સાંજે સનસેટ નો પણ આનંદ માણ્યો હતો.

ત્યારબાદ સાંજનું ભોજન લઈ અને પ્રોજેક્ટર દ્વારા દરિયાઈ જીવસૃષ્ટિ ની ક્લિપ બતાવવામાં આવી હતી. અત્યારે વન




વિભાગના RFO શ્રી બેલા સાહેબ પણ હાજર રહ્યા હતા. અને તેઓએ મરીન લાઇન્સ વિશે વિવિધ ખાસિયતો કહી હતી. ત્યારબાદ ત્યાં સ્ટાફમાં ડી.જી.એસ.એમ. ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ચિરાગભાઈ સોલંકી જેવો એ વિવિધ પક્ષીઓ અને તેના અવાજો વિશેની જાણકારી આપી હતી.

ત્યારબાદ તા:- ૨૦/૦૧/૨૦૨૪ના સૂર્યના પ્રથમ કિરણે ઉઠતા વેત જ સવારે દરિયાના દર્શન થતાં અને પ્રકૃતિના દર્શન થતા જ બધા તાલીમાર્થીઓમાં આનંદ છવાઈ ગયો. ત્યારબાદ બધાએ ફોટા પાડ્યા અને ચા





નાસ્તો કર્યો. ત્યારબાદ એક બીજા મહિલા ગાઈડ દ્વારા વિવિધ કાચબાઓ ની માહિતી આપવામાં આવી.

ત્યારબાદ જમીને અમને દરિયાઈ જીવ સૃષ્ટિ ની નજીક લઈ ગયા. જેમાં વિવિધ દરિયાઈ જીવસૃષ્ટિ જેમ કે કરચલો, સ્ટાર ફિશ, દરિયાઈ કાકડી, ઓક્ટોપસ, પરવાળા,





સમુદ્ર દ્રાક્ષ વગેરે જેવા વિવિધ દરિયાઈ જીવોને જોયા, નિહાળ્યા અને સમજ્યા. ત્યારબાદ ત્યાંથી નીકળી અને સાંજે 3:30 વાગે બાર જ્યોતિલિંગમાનું એક જ્યોતિર્લિંગ ભગવાન શ્રી નાગેશ્વર મહાદેવના દર્શન કરવા ગયા. મહાદેવના દર્શન કર્યા.



ત્યારબાદ સાંજે ૬:૦૦ વાગે શિવરાજપુર બીચ પર ગયા અને ખૂબ જ આનંદ કર્યો અને ત્યાં સનસેટ જોયો. ત્યારબાદ ત્યાંથી નીકળીને દ્વારકામાં જમ્યા અને જમીને રાત્રે ૯:૦૦ વાગે ત્યાંથી નીકળ્યા અને રાત્રે ૧:૦૦ વાગ્યા આસપાસ જામનગર પહોંચ્યા.

આ સમગ્ર શૈક્ષણિક કેમ્પમાં આચાર્યશ્રી, અધ્યાપકો, સાથી મિત્રો તેમજ તાલીમાર્થીઓનો ખૂબ સાથ સહકાર રહ્યો હતો. આ ઉપરાંત વન વિભાગના અધિકાર શ્રી બેલાસર તેમજ સમગ્ર ટીમને ખુબ આભારી છીએ.

આ સમગ્ર શૈક્ષણિક શિબિર નું આયોજન આચાર્યશ્રી રૂપલબેન માંકડ ના નિદર્શન હેઠળ તેમજ ડૉ. પ્રશાંત સરના માર્ગદર્શન હેઠળ આયોજન થયું હતું.



# સંદર્ભ

https://youtube.com/watch?v=NoKhZ_CGqDA&si=WD0GvCmt91gI1JcV

## પ્રસ્તુત કર્તા



ગોસાઈ ઋત્વી

## માર્ગદર્શક

ડો.પ્રશાંતભાઈ ચૌહાણ

# પ્રજાસત્તાક દિવસ




ભારતના ઈતિહાસ માટે સુવર્ણ અક્ષરોનો દિવસ હતો. પ્રજાસતાક દિનના મૂળ બ્રિટિશ શાસનથી આઝાદીની લડત સાથે જોડાયેલા છે. શા માટે આપણે પ્રજાસત્તાક દિવસ ઉજવીએ છીએ? ૨૬જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે પસંદ કરવામાં આવ્યો કારણ કે, આ દિવસ ૧૯૨૯ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ બ્રિટિશ શાસનના વર્ચસ્વનો વિરોધ કરતી ભારતીય સ્વતંત્રતાની ઘોષણા (પૂર્ણ સ્વરાજ) બહાર પાડી હતી.

દર વખતની જેમ આ વખતે પણ અમારી કૉલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ૨૬ જાન્યુઆરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમારી કોલેજના અધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓ, જે.એચ.એમ.વી શાળાના શિક્ષકો, વિદ્યાતીર્થ શાળાના શિક્ષકો,આશ્રમશાળાના શિક્ષકો,બાળમંદિરના બહેનો, બધા જ વિદ્યાર્થીઓ,કોલેજના ટ્રસ્ટી આશર સાહેબ,શાળાના ટ્રસ્ટી તેમજ અન્ય મહેમાનો અલિયા ગામના ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ભિન્ન છે ભાષા, ધર્મ ને જાત,
પ્રાત, વેશ અને પરિવેશ.
પણ આપણા સૌનું ગૌરવ એક
આપણો રાષ્ટ્રધ્વજ તિરંગો શ્રેષ્ઠ.
પ્રજાસતાક દિવસની રંગીન શુભેચ્છાઓ.





આ કાર્યક્રમ બી.એડ કોલેજના આચાર્ય ડો. રૂપલબેન માંકડ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન પ્રથમ સત્રની વિદ્યાર્થીની નિમાવત વિશ્વા દ્વારા કરવામાં આવ્યું હતું.

ધ્વજારોહણ માટે વિદ્યાતીર્થ શાળાના વિદ્યાર્થી યશરાજસિંહ જાડેજા દ્વારા કમાન્ડો અપાયા અને મુખ્ય મહેમાન કે જેવો ૨૦ વર્ષ સુધી શ્રી વિદ્યામંડળ ગૌ શાળા સંભાળતા હતા એવા શ્રી લખમણભાઇ મકવાણા દ્વારા ધધ્વજવંદન વિધિ કરવામાં આવી. કાર્યક્રમને આગળ વધારતા સૌપ્રથમ જે.એચ.એમ.વી શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સરસ ડાન્સ રજૂ થયો, ત્યારબાદ બાળમંદિરના ભૂલકાઓ દ્વારા હમ બચ્ચે હિન્દુસ્તાન કે... પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી.





સાંસ્કૃતિક કાર્યક્રમને આગળ વધારતા આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જય હો...ગીત પર પ્રસ્તુતિ કરવામાં આવી.

મેરા ભારત મહાન તે દર્શાવવા માંઈમ જે.એચ.એમ.વી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતુ.










ત્યારબાદ વિદ્યાતીર્થ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દિલ્હે હિન્દુસ્તાની... પ્રસ્તુત કરવામાં આવ્યું.

ત્યારબાદ જે.એચ.એમ.વી શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ભારત કી બેટી... ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાની તાલીમાર્થીઓ દ્વારા ગુજરાતનું










મહિમાગાન દર્શાવતું જયતુ ... જયતુ... ગુજરાતમ.. ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમના અંત ભાગમાં ગામના મુખ્ય અતિથિ શ્રી મનોજભાઈ પ્રજાસત્તાક વિશે બે શબ્દો રજૂ કર્યા. ત્યારબાદ ગાંધીનગર પ્રાથમિક શાળાના પૂર્વ આચાર્ય શ્રી બાબુભાઈ પરમારે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમાપન કોલેજના ટ્રસ્ટી દ્વારા કરવામાં આવ્યું. છેલ્લે એક ગ્રુપ ફોટો લઇ આનંદપૂર્વક કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો .



## સંદર્ભ

https://youtu.be/VTq0_mw9ADI?si=3mneLXMw-g9suDZc

## પ્રસ્તુત કર્તા



જાડેજા શ્રેયાબા

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# જોશ ખેલ મહોત્સવ

અર્થાત તમે હારી જાઓ તો પણ વાંધો નહીં તમે ચિંતા ના કરો પાછા રમો પણ તમારી અંદર રહેલો હોંસલો ઓછો ના થવો જોઈએ. માટે અમારી કોલેજ દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના આચાર્યશ્રી તેમજ કોર્ડીનેટર પ્રશાંત સર ચૌહાણ તેમજ શિક્ષક ગણના માર્ગદર્શન હેઠળ અમારી કોલેજના પાંચ તાલીમાર્થી યુનિવર્સિટી લેવલે યોજાયેલ 12 josh રમત મહોત્સવમાં ભાગ લીધો હતો જેનો અહેવાલ નીચે મુજબ છે.




તારીખ 1 2 2024 ના રોજ યોજાયેલ 12 josh રમત મહોત્સવમાં પંચાસરા ભક્તિબેન, જેઠવા વૈશાલીબા, નાગર નીતાબેન, કરમુર ખીમાભાઈ, ઠાકર કિશોર આ તાલીમાર્થીઓ એ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લીધેલ છે. જેમકે ચક્ર ફેક,20 મીટર દોડ,ગોળા ફેંક, ચેસઆટલી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધાઓમાંથી અમારી કોલેજમાં બે સિલ્વર મેડલ એક ગોલ્ડન મેડલ મેળવ્યા હતા.

ચક્ર ફેક જેમાં નાગર નીતાબેન, કિશોરભાઈ ઠાકર હું પણ તેમાં પ્રદર્શન સારું હતું. ચશ્મા પણ ઠાકર કિશોરભાઈ ભાગ લીધો હતો જેમાં તેનું પ્રદર્શન સરહની હતું.

400 મીટર દોડમાં જેઠવા વૈશાલીબા નું પ્રદર્શન પણ ખૂબ જ સારું હતું. પંચાસરા ભકતીબેન જે લાંબી કુદ અને ગોળાફેક ની અંદર ભાગ લઈને કોલેજ નું નામ આગળ વધાર્યું હતું. હાય જંપ અને 1600 મીટર દોડમાં કરમુર ખીમાભાઈ ભાગ લઈને સારું એવું પ્રદર્શન કર્યું હતું.

## પ્રસ્તુત કર્તા



ઠાકર કિશોર

## માર્ગદર્શક

ડો.પ્રશાંતભાઈ ચૌહાણ




# ટ્રાફિક શિક્ષણ અને જાગૃતિ સેમિનાર

સડક સુરક્ષા અને સડક નિયમોનું અનુસરણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ નિયમો વાહન ચાલક, યાત્રીઓ, પદયાત્રીઓ, અને સાયકલ ચાલક વગેરેના રક્ષણ માટે બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં સિગ્નલ, ઝડપની મર્યાદા, વાહન પાર્કિંગ વગેરે જેવા નિયમોની સૂચના અપાયેલ છે. આ બધા જ નિયમો જાણવા ખૂબ જ મહત્વના છે. તેથી અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિના 2024 અંતર્ગત ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને જામનગર જિલ્લા માર્ગ સલામતી સમિતિના માધ્યમથી સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો. જેનો વિષય માર્ગ સલામતી અને તેના નિયમો જણાવવાનો હતો. આ કાર્યક્રમ અમારી કોલેજ ના અધ્યાપક હેતાબેન પટેલના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ અતિથિ તેમજ કોલેજના આચાર્ય અને સ્ટાફનો સ્વાગત કર્યા બાદ પ્રાર્થનાથી આ સેમિનારની શરૂઆત કરાઈ હતી.







માર્ગ સલામતી અને માર્ગ નિયમો પર સેમિનાર:

સબ ઇન્સ્પેક્ટર એસ. વી. રૂપાણીએ વિવિધ ફોટો, વિડિયો અને પીપીટી  સ્લાઇડના માધ્યમથી માર્ગ સલામતી અને માર્ગ નિયમો વિશે જાણકારી આપી હતી. તેમણે વાસ્તવિક જીવનના ઉદાહરણ પૂરા પાડીને માહિતીનું અંતઃકરણ કરી વધુ સરસ રીતે વ્યાખ્યાયિત કર્યું.

ટ્રાફિક સુરક્ષા:

સબ ઇન્સ્પેક્ટ ઇન્સ્પેક્ટર એસ. વી. રૂપાણી દ્વારા સીટ બેલ્ટના વપરાશની મહત્વતા સમજાવવામાં આવી હતી. જે એકસીડન્ટ દરમિયાન જોખમ ઘટાડવામાં મદદરૂપ બને છે. તેમને વાહન ચલાવતી વખતે ઝડપ ની મર્યાદા વિશે પણ ચર્ચા કરી હતી અને તેની ગંભીરતા ની પણ ચર્ચા કરી હતી આમ વિવિધ નિયમો જે વાહન ચલાવતી વખતે જોખમ ઓછું કરે છે તે વિશે જરૂરી માહિતી તેમના દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

ટ્રાફિક સિગ્નલનું સમજન:




સબ ઇન્સ્પેક્ટર એસ. વી. રૂપાણીએ વિવિધ ટ્રાફિક સિગ્નલો અને તેના નિયમોની વ્યાપક સમજૂતી આપી તેમણે વિવિધ વિડિયો અને વાસ્તવિક જીવનના ઉદાહરણો દ્વારા રાહદારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે સિગ્નલોના સંકેતો કેવી રીતે ઉપયોગમાં લેવા તેની સ્પષ્ટતા કરી. તેમણે વાહન ચલાવતી વખતે લેન શિસ્ત જાળવવાની મહત્વતા

**પર ભાર મૂક્યો હતો. આમ તેમને નિયુક્ત લેન માં રહેવાના અને અચાનક લેન ફેરફારો ને ટાળવાના ફાયદા સમજાવ્યા.**




સેમિનારના અંત સુધીમાં વિદ્યાર્થીઓએ જવાબદાર ડ્રાઇવિંગ વર્તણૂકનું મહત્વ અને રસ્તા પર બેદરકારીના સંભવિત પરિણામો વિશે મહત્વની જાણકારી મેળવી. સબ ઇન્સ્પેક્ટર ની રજૂઆતથી ઉપસ્થિત લોકોમાં માર્ગ સલામતીની જાગૃતિ જ નહીં પરંતુ સલામતીની જવાબદારીની ભાવના પણ જાગી. એકંદર સબ ઇન્સ્પેક્ટરની મુલાકાત અને આ સેમિનાર જ્ઞાનવર્ધક અને પ્રભાવશાળી સાબિત થયો. જેણે આ સેમિનારમાં ઉપસ્થિત દરેક પર કાયમી છાપ છોડી.





# સંદર્ભ

https://youtube.com/watch?v=RkgipoO1jsc&si=VOxKmTrUFHtWwya-i

## પ્રસ્તુત કર્તા



જય મકવાણા

## માર્ગદર્શક

હેતાબેન પટેલ

# સ્વયંપાક

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા કોલેજમાં તા. 8/2/2024 નાં રોજ સ્વયંપાક કાર્યક્રમનું આયોજન યોજવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. સ્વયંપાક કાર્યક્રમ આચાર્ય શ્રી રૂપલબેન માંકડની સહાનુમતીથી અધ્યાપક ડૉ. નિધીબેન અગ્રાવતનાં માર્ગદર્શન હેઠળ તેમજ પ્રથમ વર્ષનાં સહુ તાલીમાર્થીઓના સાથ – સહકાર દ્વારા સૌની પ્રસન્નતા સાથે યોજાયો હતો.





**"ઝાઝા હાથ રળિયામણા"**

ઉપરોક્ત પંક્તિની ભાવનાને સાકાર કરતાંસંસ્થાનાં તાલીમાર્થી ભાઈઓ તથા બહેનોએ એક-એક ઇંટો તેમજ લાકડાંઓ ભેગા કરી 7/2/24 નાં રોજ ચુલાઓ તૈયાર કર્યા. તથા સ્વયંપાકને લગતાં તમામ વાસણો તેમજ શાકભાજી એકઠું કર્યું.

તા.8/2/24નાં રોજ સૌ તાલીમાર્થી મિત્રો સમયસર કોલેજ આવ્યા અને પ્રાર્થના કાર્યક્રમ બાદ સ્વયંપાકનાં ભોજનની તૈયારીઓનું કાર્ય હાથ ધર્યું.અને બધી ચર્ચા – વિચારણા બાદ અંતે રીંગણાનો ઓળો અને રોટલાનો સ્વયંપાક કરવાનું નક્કી કર્યું.


ત્યારબાદ બહેનોએ શાકભાજી સમારી અને ભાઇઓ દ્વારા રીંગણા શેકવામાં આવ્યાં. તથા હાસ્ય સાથે તે રીંગણાની છાલો ઉતારી તેનો ઓળો બનાવવામાં આવ્યો. તથા બીજી બાજુ બહેનો દ્વારા રોટલા બનાવવામાં આવ્યા હતાં. ત્યારબાદ પાપડ શેકાયા અને કોબી, ગાજરનું સલાડ બનાવાયું હતું.

અંતે ટ્રસ્ટી શ્રી આશર સર , આચાર્ય શ્રી રૂપલમેમ, અને અધ્યાપકો આશામેમ, પ્રશાંત સર, જીજ્ઞેશ સર, નિધિમેમતથા હેતામેમ અને સૌ પ્રથમ વર્ષનાં તાલીમાર્થી ભાઈઓ તથા બહેનોએ ગરમ –ગરમ રોટલા અને ઓળો સાથે ઠંડી –ઠંડી છાસ અને સલાડ , પાપડ તથા મીઠા ગોળ સાથે જમવાની મીઠી શરૂઆત કરી. અને અંતે જમ્યા બાદ વાસણો સાફ કરી બધા છૂટા પડ્યા હતા.તથા સંપૂર્ણ સ્વંયપાકના દાતા શ્રી ડૉ. રૂપલબેન માંકડના સહયોગથી કાર્યક્રમ ખૂબ જ સફળતા પૂર્વક પૂર્ણ થયો.









# સંદર્ભ

https://youtu.be/r0l1qgX7P_E?si=CNmwDknsGQuiSCMU

## પ્રસ્તુત કર્તા



જોગીયા સ્વાતિ



કાંબરિયા જસ્મિતા

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી



*અમને વહાલી ગુજરાતી છે, માબોલી ગુજરાતી..*

*અમને વહાલી ગુજરાતી, હેમચંદ્રની ગુજરાતી..*

*નરસિંહ મીરાંની ગુજરાતી, વીર નર્મદની ગુજરાતી..*

*ગાંધીગીરા છે ગુજરાતી,સહુ કોઇની ગુજરાતી...*

*ધન્ય ધન્ય છે ગુજરાતી...*



અમારી કોલેજ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય,અલિયાબાડામાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી,૨૦૨૪ બુધવારના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં અતિથિ રૂપે શ્રી શૈલેષભાઈ પંડ્યા,શ્રી રાજેશભાઈ બારોટ,શ્રી કિરીટભાઈ ગોસ્વામી,શ્રી મુકેશભાઈ દવે તથા શ્રી પિયુષભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વિદ્યાતીર્થ ઉચ્ચતર માધ્યમિક શાળા,અલિયાબાડાના વિદ્યાર્થીઓ અને અમારી કોલેજના આચાર્યશ્રી,અધ્યાપકોશ્રી તથા પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થી મિત્રો હાજર રહ્યા હતા.



સૌપ્રથમ પધારેલા અતિથિઓનું મહાવિદ્યાલયની બહેનો દ્વારા કુમકુમ ચોખાથી ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી.

**“You speak a word and I tell you who you are”**

માતૃભાષાનો શાબ્દિક અર્થ “માંપાસેથી પ્રાપ્ત થયેલી ભાષા” એવો કરી શકાય. માતૃભાષા એટલે માતા સમાન ભાષા માતૃભાષા એ સંસ્કૃતિનું માધ્યમ છે. જે કલા સાહિત્ય સંગીત વગેરે દ્વારા વિકાસ પામે છે માતૃભાષા બાળકના હૃદયના ધબકારાની સાથે ગુંથાતી હોય છે.






ત્યારબાદ પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થી પરમાર ભાવેશભાઈએ પોતાની રચના ની રજૂઆત કરી હતી જેના શબ્દો હતા, **(1) દહાડો આખો તોફાન કરતું નગર...(2) પૃથ્વીની ધરી પર 23.5 ડિગ્રી નમેલી છે કે...**

ત્યારબાદ પધારેલા માધ્યમિક શાળા, કાંકચના નિવૃત્ત આચાર્ય અને કવિતાનું સર્જન કરનાર કવિશ્રી મુકેશભાઈ દવે દ્વારા પોતાની કવિતાની તેમજ ગઝલની રજૂઆત કરવામાં આવી હતી.

અંગ્રેજી ભાષાના શિક્ષક પરંતુ માતૃભાષામા લખનાર, જામનગર તેમજ ગુજરાતના ગૌરવ એવા પ્રણામી સ્કૂલના શિક્ષકશ્રી શૈલેષભાઈ પંડ્યા એ ગઝલ થી શરૂઆત કરી જેના શબ્દો હતા...

તદ્ઉપરાંત ટોપી વાળીમાં તરીકે ઓળખાણ પામનાર, ઉત્તમ ગઝલકાર, ગીતકાર, બાળ સાહિત્યકાર અને મ્યુનિસિપલ હાઇસ્કુલ જામનગરના શિક્ષક તેમજ દરબાર ગોપાળદાસના ભૂતપૂર્વ વિદ્યાર્થી



કાર્યક્રમનું સંચાલન શ્રી શાપર કન્યા શાળા આચાર્યશ્રી તેમજ અમારી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા ડૉ.પિયુષભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને બે.

પ્રથમ તબક્કામાં નવોદિત કવિ તરીકે ઊગી રહેલા દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થી ઠાકર કિશોરભાઈએ પોતાની રચના રજૂ કરી હતી જેના શબ્દો હતા **"મારી મહેનતનો રંગ કેવો હશે?"**

એવાશ્રીકિરીટભાઈ ગોસ્વામી દ્વારા પોતાની ગઝલ રજૂ કરાઇ .

દ્વિતીય તબક્કાની શરૂઆતમાં મુકેશભાઈ દવે દ્વારા પોતાના પ્રખ્યાત એવા ગીત નામનું ગીત સૌની સમક્ષ "ભમરીઓ કુવો" પ્રસ્તુત કરાયું, જેના મુખ્ય શબ્દો આ હતા.

**"છોકરીઓની આખમાં ભમ્મરિયો કૂવો,**
**એમાં સરપંચનો છોકરો ડૂબી મુવો."**

કાલ ઊઠીને કોઈ પૂછે કે આસુના એક બુંદની અંદર તળિયા લગની ડૂબકી દેતા ફાવે છે? તો. શું કહેશો?

તદુપરાંત શ્રી શૈલેષભાઈ પંડ્યા દ્વારા રસપ્રદ એવું ગીત રજૂ કરાયું.

**કાનજીએ રાધા ને પ્રપોઝ કર્યું છે..**
**વાંસળીના સૂરનો ગુચ્છો બનાવીને એને રોઝ કર્યું છે...**



શ્રી કિરીટભાઈ ગોસ્વામી દ્વારા બાળકની મનોવ્યથા રજૂ કરતું બાળગીત પ્રસ્તુત કરાયું.

**રોજ રોજ આપું છું ટેસ્ટ,**
**પપ્પા કહે એમ નંબર લાવીને,**
**રહેવા બેસ્ટમ બેસ્ટ**
**રોજ રોજ આપું છું ટેસ્ટ ...**
**ર નદી નિશાળે જાય નહીં**
**મમ્મી તોય ખીજાય નહીં**
**આ નદી કેમ નિશાળે જાય નહીં?**




સરવૈયા દ્વારા યાદશક્તિ વધારતું એવું **"જયપુરના રાજા ની વાહ રે વાહ"** નામનું મેમરી ગીત ગવડાવવામાં આવ્યું . કાર્યક્રમના અંત ભાગમાં પિયુષભાઈ



**"ભાષા મારી ગુજરાતી છે"** પંડ્યા એ એ ગીત સંભળાવ્યું હતું.

તેમજ દ્વિતીય વર્ષની તાલીમાર્થી દત્તાણી ધારા દ્વારા તમામ અતિથિઓ, અધ્યાપકો તેમજ પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થી મિત્રોની ઉપસ્થિતિ બદલ આભારદર્શન કરવામાં આવ્યું.





કાર્યક્રમ પૂર્ણ થયાબાદ બધા કવિઓ તથા સંસ્થાના આચાર્યશ્રી તથા અધ્યાપકગણ અને સર્વે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા માતૃભાષામાં હસ્તાક્ષરો કરવામાં આવ્યા.



## સંદર્ભ

https://youtu.be/oXTHjZrHZXk?si=UAYjOuhUnkJChivi

## પ્રસ્તુત કર્તા



સોલંકી ધર્મિષ્ઠા



કણઝારીયા કૃણાલ

## માર્ગદર્શક

# ડૉ. આશાબેન પટેલ

# વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તબક્કો 2

અમારી કોલેજ શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય- અલિયાબાડામાં તારીખ 21મી ફેબ્રુઆરી 2024ને બુધવારના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહાવિદ્યાલયના આચાર્ય શ્રી ડૉ. રૂપલબેન માંકડ તેમજ અધ્યાપકગણ તથા પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થી મિત્રો હાજર રહ્યા હતા. વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ દ્વારા માતૃભાષાને અનુરૂપ એક વીડિયોક્લિપ મોકલવામાં આવેલ, જે બધા દર્શકો દ્વારા શાંતિથી નિહાળવામાં આવી હતી.



આ વીડિયોની શરૂઆતમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ સમિતિ સભ્ય એવા હાર્દી ભટ્ટ દ્વારા બધા દર્શકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદ વિશેની માહિતી અને માતૃભાષાનું મહત્વ જણાવ્યું હતું.





વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના કાર્યક્રમનું સંચાલન ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રીશ્રી સમીરભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જેમણે પોતાની વાણીમાં માતૃભાષાનો મહિમા દર્શાવ્યો હતો અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા માતૃભાષાની જુદા જ પ્રકારની ગુજરાતી સાહિત્યની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.



જેમાં સૌ પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખશ્રી હર્ષદભાઈ ત્રિવેદી દ્વારા પોતાની ગઝલ રજૂ કરવામાં આવી હતી.

જેના શબ્દો હતા...

"લાલ ચટક રંગ મહેંદીનો છે મારા હાથમાં,
કે પછી કોઈ એ મુક્યો છે હાથ મારા હાથમાં..."

હર્ષદભાઈના ઉદબોધન પછી ગુજરાતના ઉત્તમ ગાયિકા એવા નિધિબેન ધોળકિયા દ્વારા નરસિંહ મહેતાનું પદ ગાયન દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમનું સંચાલન કરી રહેલા સમીરભાઈ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદનો વર્ચ્યુઅલ પ્રવાસ કરાવામાં આવ્યો હતો. જેમાં તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના તેની સમૃદ્ધિ અને તેની આંતરિક અને બાહ્ય દેખાવ વિષેની વાત કરી હતી તેમજ પરિષદમાં થઈ રહેલી પ્રવૃત્તિઓ જેવીકે બુધ સભા, સેમિનાર, કાવ્ય ચર્ચા વગેરેની જાણકારી આપી હતી. આમાં વધારે ઉમેરો કરતા તેમણે પરિષદમાં આવેલા ખંડો જેવાકે ક.લા. સ્વાધ્યાય મંદિર, ચી.મં.ગ્રંથાલય, રા.વિ.પાઠક સભાગૃહ, ગોવર્ધન સ્મૃતિ મંદિર અને મેઘાણી પ્રાંગણ બતાવ્યું અને તેના વિશેની માહિતી આપી હતી.



ત્યારબાદ ગુજરાતના એવા ઉત્તમ વક્તાને હલબેન ગઢવી દ્વારા હૃદયની ભાષા સમજાવતો એક કિસ્સો કહેવામાં આવ્યો હતો. તેમજ ગાંધીમાર્ગ પર કેમ ચાલવું એ જણાવ્યું, આપણી અંદર રહેલી મનની ભાષાને સમજવી જોઈએ એવી માહિતી આપી. ભાષાને ઉજવવાની અને હૃદયની ભાષાને સમૃદ્ધ કરવાની વાત કરી હતી.

કાર્યક્રમને આગળ વધારતા ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ ઉપપ્રમુખ કવિશ્રી માધવ રામાનુજ દ્વારા પોતાની કવિતા પ્રસ્તુત કરવામાં આવી હતી જેના શબ્દો હતા.



**"મૂળતો ભીનું ભીનું ખસે,**

**પાણી પવન અને મન જેવુંએ**

**ધસમસના ધસે.**

**મૂળતો ભીનું ભીનું ખસે...."**



ત્યારબાદ વિશ્વ પ્રવાસી હૃદયથી એવા ખુલ્લા માણસ અને વિશ્વમાં પ્રસિદ્ધ એવા જય વસાવડા દ્વારા ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી ભાષા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું કે "વિશ્વભરમાં બધીજ ભાષાનું પોત પોતાનું મહત્વ છે." તેમજ ભાષાને સંગીતથી સંબોધીને વાત કરી હતી.

જય વસાવડાના સંવાદ બાદ યુવાન પત્રકાર તેમજ લેખક એવા માસુંગ ચૌધરી દ્વારા માતૃભાષા વિશેના પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં તેમણે જણાવ્યું કે માતૃભાષા ગુજરાતીની ચિંતા

કોઈએ કરવાની નથી, માતૃભાષા હંમેશા જીવંત રહેવાની છે.... હેમચંદ્રાચાર્યથી શરૂ થયેલ માતૃભાષાની વહેતી નદી આજ આપણા બધા સુધી પહોંચી છે અને હંમેશા વહેતી રહેશે...એવી વાત કરી હતી.

ત્યારબાદ ગુજરાતી સાહિત્યના લેખક તેમજ પત્રકાર જે ગુજરાતી ભાષાને માહિતી, જ્ઞાન અને સાહિત્યના સ્તરે એમ ત્રણ રીતે ખેડતા એવા લલિત ખંભાયતા દ્વારા તેમની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી, જેમાં તેમણે સોની સબ ચેનલ પર આવતો એક શો' તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' વિશેની માહિતી આપી, કે આ સિરીયલ ગુજરાતી લેખમાળા' દુનિયાના ઊંધા ચશ્મા' પરથી બનેલી છે તેમણે આ પુસ્તક વિશેની માહિતી પૂરી પાડી, આ પુસ્તકના લેખક તારક મહેતાના જીવન વિશેની વાત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલના પાત્રો સિરીયલના લેખક તારક મહેતાના જીવન સાથે સંકળાયેલા છે. તેમનો પાત્રો પસંદ કરવા નો હેતુ, પુસ્તકના શીર્ષક પાછળનું કારણ, તેમજ પુસ્તક અને સીરીયલ વચ્ચેનો તફાવત રજૂ કરવામાં આવ્યો હતો.

"ભાષાની સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ એટલે કવિતા,
ભાષાની સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ એટલે સાહિત્ય."



આગળ વધતા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ, સાહિત્યકાર તેમજ ઊર્મિલ કવિ એવા શ્રી યોગેશભાઈ જોશી દ્વારા પોતાની કવિતા જે વૃદ્ધાવસ્થા પરની રચના છે તે રજૂ કરવામાં આવી,





ત્યારબાદ ગુજરાતી સુગમ સંગીતના અત્યારના ઉત્તમ ગાયકોમાના એક એવા શ્રી અમરભટ્ટના કંઠે કવિ સુરેશ દલાલના કાવ્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેના શબ્દો હતા...

'ફૂલ પાંદડી જેવી કોમળ મત પવનની આંગળી એથી નદીના પટ પર તારું નામ લખી લવ...'

તેમજ તેમના દ્વારા જ બીજું પ્રશ્ન સ્વરૂપે ગીત ગાયન કરવામાં આવ્યું હતું જેના શબ્દો હતા...

'આટલું બધું વહાલ તે કદી હોતું હશે?

કોઈ પારેવું વાદળ ભરી રોતું હશે?

આટલું બધું વહાલ તે કદી હોતું હશે?'

આ વીડિયોના અંતમાં સંચાલકશ્રી સમીરભાઈ ભટ્ટ દ્વારા બધા દર્શકો તેમજ પ્રસ્તુત કર્તાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સંસ્થાના આચાર્યશ્રી તેમજ અધ્યાપકગણના સહયોગથી સફળ બન્યો હતો.

## સંદર્ભ

https://youtu.be/EEDDU7SwiBA?si=gZd7qrSABEu_UUCn

## પ્રસ્તુત કર્તા




સોલંકી ધર્મિષ્ઠા

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# સાંસ્કૃતિક કાર્યક્રમ

“જય શિક્ષક” જણાવતાં ગર્વની લાગણી અનુભવું છું કે, અમુલ ફેડરેશનને 50 વર્ષ પૂર્ણ સુવર્ણ જયંતિ ઉજવણી તારીખ 22 /02 /2024 ના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અમદાવાદ ખાતે કરવામાં આવી હતી.




જે કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને મુખ્યમંત્રી શ્રી. ભુપેન્દ્ર પટેલ તેમજ એક લાખથી પણ વધુ લોકો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં અમુલ ફેડરેશનુ અમુલ મંથન ગીત પર 500 થી વધુ બહેનો દ્વારા ગરબા પર્ફોર્મન્સ કરવામાં આવ્યું હતું.

જે કાર્યક્રમમાં સામેલ થવા માટે સંસ્થાના આચાર્ય ડો. રૂપલબેન માંકડની અનુમતિ તેમજ માર્ગદર્શન હેઠળ કોલેજના આધ્યાપિકા ડો.નિધીબેન અગ્રાવત દ્વારા સંચાલિત કરવામાં આવ્યું. જેમાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયની F.Y. તેમજ S.Y.ની કુલ 23 તાલીમાર્થીનીઓએ ભાગ લઈને કોલેજ નું નામ રોશન કર્યું હતું.



અમુલ ફેડરેશન કાર્યક્રમ અંતર્ગત જુદા-જુદા શહેરોની શાળા તેમજ કોલેજો માંથી વિદ્યાર્થીનીઓએ ગરબા કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. જેથી અમુલ ફેડરેશન તરફથી પોતાના શહેરોથી અમદાવાદ પહોંચવા માટે બસોની ની સુવિધાઓ પણ આપવામાં આવેલ હતી. અમારી કોલેજની તાલીમાર્થી બહેનો તારીખ 19/01/2024 ના રોજ જામનગર મુકામેથી રાત્રિના 8:00 વાગ્યે સોપાયેલ બસમાં અમદાવાદ જવા રવાના થયા હતા. સવારે 5:00 વાગ્યે અમદાવાદમાં ત્રિમંદિર ખાતે અમારી

રહેવાનીસગવડો કરવામાં આવી હતી. રહેવાની સગવડ ખૂબ જ યોગ્ય, સુંદર અને ચોકસાઈયુક્ત હતી. સવારે 8:00 વાગ્યે સૌ બહેનો માટે ચા નાસ્તાની વ્યવસ્થા પણ યોગ્ય હતી.

કાર્યક્રમ દરમિયાન નરેન્દ્ર મોદીજી ને નજીકથી નિહાળવાનો લાહવો અમારી કોલેજની તાલીમાર્થી બહેનોને મળ્યો હતો. કાર્યક્રમમાં લાઈવ ગાયક તેમજ ગાયીકા તરીકે કિર્તીદાન ગઢવી, કિંજલ દવે, તેમજ ગીતા રબારી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમમાં અમારી કોલેજ તરફથી ગરબામાં તાલીમાર્થીનીઓને આમંત્રિત કરવા બદલ તેમજ પ્રતસાહિત કરવા બદલ હું લતીપુર રાસ મંડળીના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ અણદાણી તેમજ તેમની ટીમનો એ બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું.




આમ, સમસ્ત કાર્યક્રમ સૌના સાથ સહકાર દ્વારા તેમજ હર્ષોલ્લાસ સાથે તારીખ 22/2/2024ના રોજ બપોરે પૂર્ણ થયો હતો અને અમે જામનગર જવા બસમાં રવાના  થયા હતા.



# સંદર્ભ

https://www.youtube.com/live/MyFVnyA9NAU?si=A8HlHx4Utbt1zFTi

## પ્રસ્તુત કર્તા



ડગરા જ્યોતિ


## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

"Science is the engine of development; it has the power of transform societies."

-Raghunath Anant Moshelkar




28 ફેબ્રુઆરી ના દિવસ ને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ના રૂપમાં મનાવવામાં આવે છે. 28 ફેબ્રુઆરી ના રોજ મહાન વૈજ્ઞાનિક સી.વી. રામન એ 'રામન ઇફેક્ટ' ની શોધ કરી હતી અને આ શોધ માટે તેમને નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શોધ ના સન્માનમાં ૧૯૮૬થી આ દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. વિજ્ઞાન દિવસ લોકોમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે તેમ જ વિજ્ઞાન વિષય બાળકોને તેમની કારકિર્દી પસંદ કરવા માટે પણ પ્રોત્સાહન પૂરું પાડે છે .જેથી આવનારી પેઢી વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપી શકે. 28 ફેબ્રુઆરી 2024 ની થીમ "લાંબા ગાળાના ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સંકલિત અભિગમો છે".

"દરેક કણ માં છુપાયેલ વિજ્ઞાન
માનવ પ્રાણી કે વાનસ્પતિક વિજ્ઞાન
ખગોળ ભૂગોળ કે ગાણિતિક વિજ્ઞાન
ભૌતિક તાર્કિક કે રાસાયણિક વિજ્ઞાન"
નરી આંખે દેખાતું કે અદ્રશ્ય વિજ્ઞાન
જળ બળ ને મળ માં વસેલું વિજ્ઞાન
કલામ થોમસ કે હોમિભાભા નું વિજ્ઞાન

ન્યુટન ગેલેલિયો કે રાહમિહિર નું વિજ્ઞાન
હકીકત કે વાસ્તવિકતામાં ગુથાયેલું વિજ્ઞાન
મંગળયાન ચંદ્રયાનની ગરિમાંનું વિજ્ઞાન
ઈસરોની કોશિ ને સિદ્ધિનું વિજ્ઞાન
1987થી એમના માનમાં ઉજવાતું વિજ્ઞાન
વિજ્ઞાન દિવસ ની શુભેચ્છા
પાઠવતું આજનું આ વિજ્ઞાન

28 ફેબ્રુઆરી, 2024 રાષ્ટ્રીયવિજ્ઞાન દિવસ અંતર્ગત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં હોમ કમ્પોસ્ટિંગ પ્રક્રિયાકરવામાં આવી. ખાડા પદ્ધતિથી ખાતર બનાવવા માટે સૌપ્રથમ 3 મીટર લાંબો, 2 મીટર પહોળો અને 1 મીટર ઊંડો ખાડો તૈયાર કર્યો.



ચારેબાજુ પાણીનો છંટકાવ કરીને ખાડાને ભીનો બનાવ્યો. હવે પાંદડા,પાકના અવશેષો, ડિગ્રેડેબલ રસોડાનો કચરો ઉમેર્યો. તેના પર ગાયના છાણનો એક સ્તર ફેલાવ્યો અને પાણીનો છંટકાવ કર્યો.ત્યારબાદ બગીચાની સૂકી માટી, સૂકા પાંદડા, ખાટી છાશ, રસોડાનો કચરો,ગાયનું ગોબર, ગૌમૂત્ર અને પાણીનો છંટકાવ કરવામાં આવ્યો.પર્યાવરણ જાગૃતિ અંતર્ગત કમ્પોસ્ટ ખાતર બનાવવાની પ્રક્રિયા કરવામાં આવી. શ્રી વિદ્યામંડળ, અલિયાબાડાની ગૌશાળાની મુલાકાત લઈને નિયામક શ્રી રમેશભાઈ મુંગરા સાહેબનું માર્ગદર્શન લેવામાં આવ્યું. કમ્પોસ્ટિંગ પ્રક્રિયાનો હેતુ મેદાનમાં રહેલા વૃક્ષો અને છોડની વૃદ્ધિ કરીને સૂકા કચરાને ઉપયોગમાં લેવાનો











હતો. સમગ્ર કમ્પોસ્ટિંગ પ્રક્રિયા આચાર્ય ડૉ.રૂપલબેન એસ. માંકડના દિશાસૂચન હેઠળ વિજ્ઞાનના અધ્યાપક ડૉ.આશાબેન એમ.પટેલ અને ગણિત ના અધ્યાપક શ્રી.હેતાબેન પટેલના નેતૃત્વ હેઠળ મહાવિદ્યાલય પરિવારના સહયોગથી કરવામાં આવી.



## સંદર્ભ

https://youtu.be/AmMLXp3RPXY?si=UVeEEGdq6cEc-7N2

## પ્રસ્તુત કર્તા



જાની આયુષી



નકુમ હેમાંગી

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# વાર્ષિકોત્સવ



શ્રી વિદ્યામંડળ ગંગાજળા વિદ્યાપીઠમાં બધી સંસ્થાઓ પરિવારની જેમ રહે છે. ત્યાં બધા તહેવારોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ બધી સંસ્થાઓ દર વર્ષે ભેગા મળી ઉત્સવ ઉજવે છે. જેને વાર્ષિકોત્સવ તરીકે ઓળખવામાં આવે છે.

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડામાં ૨જી માર્ચ, ૨૦૨૪નાં રોજ શ્રી વિદ્યામંડળ-ગંગાજળા વિદ્યાપીઠનો શૈક્ષણિક સંસ્થાઓનો સંયુક્ત કાર્યક્રમ "ઉડાન ૨૦૨૪" કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી આશર સાહેબ, અતિથિ વિશેષ, બધી સંસ્થાના આચાર્યશ્રીઓ,અધ્યાપક ગણ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ હાજર રહ્યા હતા. અતિથિ વિશેષમાં નીચેના વ્યક્તિઓ હાજર રહ્યાં હતા.



શ્રી વિદ્યામંડળ
ગંગાજળા વિદ્યાપીઠ - અલિયાબાડા
ઉડાન 2024
શૈક્ષણિક સંસ્થાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ
વાલીશ્રીને ખાસ નિમંત્રણ

1. શ્રી બી.એન. વીડજા જામનગર જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી

2.શ્રી વિપુલભાઈ મહેતા જામનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી

3.શ્રી સી.એમ. મહેતા જામનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી

4.શ્રી ડી.ડી. ભેંસદડીયા જામનગર જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી



"તેજસ્વી તપથી જન્મ્યાં ભ્રાત ને સત્ય આ જગે"
શ્રી વિદ્યામંડળ
ગંગાજળા વિદ્યાપીઠ - અલિયાબાડા
રજૂ કરે છે...
ઉડાન
2024
શૈક્ષણિક સંસ્થાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ

સ્નેહીશ્રી ____________

સહર્ષ જણાવવાનું કે, સંસ્થા સંચાલિત બાલમંદિરના બાળપુષ્પો, પ્રાથમિક અને, સેકન્ડરી-હાયર સેકન્ડરી વિભાગના તરૂણો અને કોલેજ કક્ષાના યુવાનોની અનેરી શક્તિને પોંખવાનો અને આવનારા સમયમાં તેઓની 'ઉડાન'ને પ્રોત્સાહિત કરવા આયોજિત વાર્ષિકોત્સવ પ્રસંગે આપશ્રીને પધારવા નિમંત્રણ પાઠવીએ છીએ.

મુખ્ય અતિથિશ્રીઓ

શ્રી બી. એન. વીડજા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

શ્રી વિપુલભાઈ મહેતા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જામનગર

અતિથિ વિશેષશ્રી

શ્રી સી. એમ. મહેતા, ઈ.આઈ.શ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

શ્રી ડી. ડી. ભેંસદડીયા, ઈ.આઈ.શ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

તારીખ: ૦૨ માર્ચ, ૨૦૨૪ - શનિવાર ● સમય: બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
સ્થળ: શ્રી ડોલરરાય માંકડ સ્મૃતિભવન, અલિયાબાડા

નિમંત્રક
ડી. એસ. આશર
ટ્રસ્ટી, શ્રી વિદ્યામંડળ, અલિયાબાડા
તથા સંસ્થા પરિવાર

**"લાગણીનું એક ફુલ ખીલ્યું,**
**એ જ તો અમારો આધાર છે.**
**ઉત્સવો ની રાહ અમે કદી જોતા નથી.**
**તમે મળો એ જ અમારા માટે તહેવાર છે"**






આ કાર્યક્રમ સ્મૃતિભવનમાં રાખવામાં આવ્યો હતો. દત્તાણી ધારા અને લાંબા જતીન દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતુ.સારા કાર્યક્રમની શરૂઆત ભગવાન વિધ્નહર્તા ને યાદ કરીને કરવામાં આવે છે તેવી રીતે આ વિદ્યાલક્ષી કાર્યક્રમની શરૂઆત પણ બી. એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા સરસ્વતી વંદના રજૂ કરી કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી અને મહેમાન દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ ડી.ઇ.ઓ.નું સુતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું.



જીવનની શરૂઆત બાળપણથી થાય છે તેમ કાર્યક્રમની પહેલી કૃતિ બાલમંદિર દ્વારા રજૂ કરવામાં આવી. બાલમંદિરના વિદ્યાર્થીઓએ બધાનું બાળપણ તાજુ કરાવવા સરસ અભિનય ગીત રજૂ કર્યું હતું. તેના શબ્દ "અમે ભાઈ બહેન ભેરા ભણવા જવાના" એ હતા. બધાને પોતાનું બાળપણ યાદ આવી ગયું હતું.

**"નથી જોઈતું મને આ શાણપણ,**
**પાછું આપી દો મને મારુ બાળપણ,**
**જવાબદારીના બોજા લઈને થાક્યા,**
**મને તો ચાલશે મારા દફતરનો ભાર પણ,**
**પાછું આપી દો મને મારું બાળપણ."**

**"गोकुल में जो करें निवास,**
**गोपियों के संग जो रचाए रास।**
**देवकी यशोदा जिनकी मैया,**
**ऐसे हमारे कृष्ण कन्हैया।।"**

ત્યારબાદ આશ્રમશાળાની ધોરણ ૮ બાળાઓએ શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓ દર્શાવતી સુંદર કૃતિ રજૂ કરીને બધા ઉપસ્થિત સૌનું મન મોહી દીધું હતું.





શિવરાત્રી તહેવારને ધ્યાનમાં લઈને આશ્રમ શાળાની બાળાઓએ દેવોના દેવ મહાદેવનું "બમ્બ બમ્બ ભોલે" ગીત રજૂ કરીને સ્મૃતિભવનને ગૂંજવી નાખ્યું હતું. લોકો આધ્યાત્મિક બની ગયા હતા. ઉપસ્થિત સૌ બધી કૃતિઓ ઉત્સાહપૂર્વક નિહાળી રહ્યા હતા.



નાના ભૂલકાઓ બાળપણની યાદ કરાવવા ખૂબ સરસ અભિનય ગીત રજૂ કર્યું હતું. અભિનય ગીત જોઈને બધા લોકોનું મન પ્રફુલ્લિત થઈ ગયું હતું.



આધુનિક યુગમાં જાગૃતતા લાવવી ખૂબ જ જરૂરી છે. ગુજરાતી કહેવત છે કે "ચેતતા નર સદા સુખી" તો ટેકનોલોજી દ્વારા ઘેરાયેલા આ વિશ્વમાં જાગૃતતા લાવવા માટે એક નાટક રજૂ કર્યું હતું.

ગુજરાતને જેનાથી વિશ્વભરમાં ગૌરવવંતુ સ્થાન મળ્યું છે તેવા ગરબા જે.એચ.એમ.વી. શાળાની કન્યાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ગરબા ખૂબ સુંદર રીતે રજૂ કર્યા હતા.



વિદ્યામંડળ ગંગાજળા વિદ્યાપીઠની ત્રણ સંસ્થાઓમા બાલમંદિર, આશ્રમશાળા અને જે.એચ.એમ.વી. કન્યાશાળામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ઇનામ વિતરણ દ્વારા બધા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ બધા ઇનામો ટ્રસ્ટી તેમજ આચાર્યશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા.



બાળપણની નાની નાની આશાઓ જ જીવનને આનંદમય બનાવે છે. આશા વગરનું જીવન અપૂર્ણ છે. આવું જ આશામય ગીત "દિલ હે છોટા સા" નાના નાના ભૂલકાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. બધી કૃતિઓ ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવી રહી હતી.



બી. એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા શ્રી કૃષ્ણ જેના પ્યારા છે તેવી ગોપીઓનો ગોપીરાસ રજૂ કર્યો હતો.બધા કૃષ્ણમય બની ગયા હતા.



જેમ પશુની ઓળખ પૂંછડા અને શિંગડાથી થાય છે, તેમ માણસની ઓળખ તેની કલાથી થાય છે. આવી સરસ કલાની ઓળખ બી.એડ.ના પ્રથમ વર્ષના તાલીમાર્થી કુલદીપભાઈએ તબલા વગાડી પોતાની કલાનું સરસ પ્રદર્શન કર્યું હતું.

બાલમંદિરના નાનાં ભૂલકાઓ બાળપણની વાતો યાદ કરાવા માટે "કિલ કિલાટ કરતાં કલ બલાટ કરતાં..." અભિનય ગીત રજૂ કર્યું હતું. .

**"શ્રધ્ધા એક્સપાયર થાય તો અંધશ્રધ્ધા બને છે."** આમ, શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી ભેદરેખાને સમજાવવા જે.એચ.એમ.વી. શાળાની વિધ્યાર્થીનીઓ દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

**"જયાં બાવન ગજની ધજા ફરકતી,**

**નમતા હજારો શીશ,**

**છપ્પન પગથિયે સ્વર્ગ મળે,**

**અને મળે દ્વારકાધીશ."**



વિદ્યાતીર્થ શાળાની વિદ્યાર્થીનીઓએ બધાને દ્વારકાધીશનો સુંદર ગરબો "રણછોડ રંગીલા" રજૂ કરી શ્રી કૃષ્ણના રંગે રંગાવી દીધા હતાં.





ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા ધોરણ 10 અને 12 તથા બી.એડ.ના વિદ્યાર્થીઓને જેમનો પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આવ્યો હોય તેમને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શ્વેત ક્રાંતિ માટે 22/02/2024ના જે ગરબો રજૂ

કરવામાં આવ્યો હતો તેનો લાભ બી.એડ.ની તાલીમાર્થી બહેનોએ મેળવ્યો હતો. તે ગરબો અહી રજૂ કરવામાં આવ્યો હતો.



વાર્ષિકોત્સવની છેલ્લી કૃતિ વિવિધતામાં એકતા અને અખંડિતતા પ્રદર્શિત કરતુ પિરામિડ રજૂ કરવામાં આવ્યું હતું. તે આશ્રમ શાળાના વિદ્યાર્થીઓએ રજૂ કર્યું હતું.



બી.એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા સમૂહગાન રજૂ કરવામાં આવ્યું હતું. "ભલા ભણેજડા" ગુજરાતી ભાષાનો ગરબો અને એક સંસ્કૃત ભાષામાં ગીત ગાયું હતું તેના શબ્દો હતા "ભારતમાતા બુધ જન ગીતા".



સંપૂર્ણ કાર્યક્રમનું આભારદર્શન જે.એચ.એમ.વી. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. આમ, અંતે ગ્રુપ ફોટો લઈને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## સંદર્ભ

https://youtu.be/_qTNi4mSM4E?si=eVzhyXaQaZDNkqrO

## પ્રસ્તુત કર્તા



યશા દુબલ


## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# ઇનોવેશન એક્ટિવિટી




દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય કોલેજ ખાતે ઇનોવેશન ક્લબે તા. ૪ અને ૫ માર્ચ ૨૦૨૪ના રોજશિક્ષણ વિભાગના સહયોગ થી બે દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું. વર્કશોપનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વિવિધ નવીન તકનીકો અને સાધનોનો પરિચય કરાવવાનો અને તેમના વ્યવહારુ ઉપયોગોનું નિદર્શન કરવાનો હતો. વર્કશોપની શરૂઆત પરંપરાગત 'દીપ પ્રાગટ્ય' સમારોહ સાથે થઈ હતી, જે જ્ઞાનના પ્રબુદ્ધતાનું પ્રતીક છે.કલ્યાણ પોલીટેકનિક કોલેજના પ્રતિનિધિઓએ વર્કશોપ માટે આયોજિત કરીને નવીનતાનો સમજદાર પરિચય આપ્યો. ટેક્નોલોજી અને વિજ્ઞાનના વિવિધ પાસાઓને અન્વેષણ કરવા માટે ડિઝાઇન કરવામાં આવેલી દસ નવીન કીટ રજૂ કરવામાં આવી હતી.






- પ્રદર્શિત કિટ્સમાં શામેલ છે:



➢ **3D પેન**: દરેક સાધન વ્યક્તિગત રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેમાં પ્રતિનિધિઓ તેમની કાર્યક્ષમતા અને સંભવિત ઉપયોગોની વિગતવાર સમજૂતી પૂરી પાડે છે .3D પેન પ્રદર્શનમાં ઝડપી પ્રોટોટાઇપિંગ અને કલાત્મક અભિવ્યક્તિમાં તેની એપ્લિકેશન પર ભાર મૂકતા, ત્રિ પરિમાણીય મોડલ બનાવવાની તેની ક્ષમતા દર્શાવવામાં આવી-.હતી

➢ **ટેલિસ્કોપકિટ** ટેલિસ્કોપ નિદર્શન વિદ્યાર્થીઓને અવકાશી પદાર્થો જેમ કે : ગ્રહો, તારાઓ અને આકાશગંગાઓનું અવલોકન કરવાની તક પૂરી પાડે છે . પ્રતિનિધિઓએ ખગોળશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો અને બ્રહ્માંડનું અન્વેષણ .કરવા માટે ટેલિસ્કોપનો ઉપયોગ કેવી રીતે થાય છે તે સમજાવ્યું



## અલિયાબાડાની ગોપાળદાસ મહાવિદ્યાલયમાં તાલીમાર્થીને પ્રબોધ લેવલની ટ્રેનિંગ અપાઈ



અલિયાબાડામાં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે ઇનોવેશન ક્લબ હેઠળ બે દિવસની પ્રોબોધ લેવલની ટ્રેનિંગ યોજવામાં આવી હતી. જેમાં ગુજકોટમાંથી ટ્રેનર દ્વારા DIY kitfu ટ્રેનિંગ આપવામાં આવી હતી. ટ્રેનિંગમાં મિકેનિકલ કિટ, બેઝિક ઇલેક્ટ્રોનિક કિટ, એડવાન્ટેડ ઇલેક્ટ્રીક કિટ, થ્રીડી પેન, ટેલિસ્કોપ, ડ્રોન, VR ગ્લોબ, સાયન્સ કિટ વગેરે અંગે પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમાં સહુ વિદ્યાર્થીઓએ ઇનોવેટરની પણ ભૂમિકા અદા કરેલી. સમગ્ર ટ્રેનિંગનું સંચાલન ઇનોવેશન કોર્ડિનેટર ડો.જીજ્ઞેશ એચ.લીંબાચિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



- ડ્રોનકિટ: ડ્રોન પ્રદર્શન એરિયલ ફોટોગ્રાફી, સર્વેલન્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તેની ક્ષમતાઓને પ્રકાશિત કરે છે ડ્રોનની ફ્લાઇટ . ક્ષમતાઓનું જીવંત પ્રદર્શન વિવિધ પરિસ્થિતિઓમાં તેની ચપળતા અને સ્થિરતા દર્શાવે .છેટ્રેનર દ્વારા ડ્રોનની ઉપયોગીતા અને તેનું વર્ક કાર્ય કઈ રીતે કરી શકાય તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- PH મીટર: pH મીટરનું પ્રદર્શન કૃષિ, પર્યાવરણીય વિજ્ઞાન અને ખાદ્ય ઉત્પાદન જેવા વિવિધ ક્ષેત્રોમાં તેના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે વિદ્યાર્થીઓને .pH મીટરનું માપન કેવી રીતે કરવું અને સરળ pH માપન કેવી રીતે કરવું તે બતાવવામાં આવ્યું હતું.
- VR ગ્લોબ: ગ્લોબ ડેમોન્સ્ટ્રેશનમાં એક વિશિષ્ટ ગ્લોબનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું જે વિવિધ પ્રદેશોના વન્યજીવન અને ઇકોસિસ્ટમ વિશે માહિતી પ્રદાન કરે છે વિદ્યાર્થીઓએ વિવિધ વસવાટોનું અન્વેષણ કરવા અને દરેક . પ્રદેશની વિશિષ્ટ લાક્ષણિકતાઓને સમજવા માટે ગ્લોબનો ઉપયોગ શીખ્યા.

સહભાગીઓ પ્રથમ દિવસે આમાંથી પાંચ કીટ સાથે જોડાયા, પ્રવૃત્તિઓ અને પ્રયોગો કે જેણે તેમની જિજ્ઞાસા અને સર્જનાત્મકતાને વેગ આપ્યો.

- વર્કશોપનો બીજો દિવસ B.Ed.ની વિવિધ રુચિઓ અને પૃષ્ઠભૂમિને પૂરી કરવા માટે તૈયાર કરવામાં આવેલા આકર્ષક સત્રો સાથે ચાલુ રહ્યો.

- સહભાગીઓએ વિવિધ ક્ષેત્રોમાં નવીન વિભાવનાઓના વ્યવહારુ ઉપયોગો પર ધ્યાન કેન્દ્રિત કરતી અરસપરસ પ્રસ્તુતિઓ અને ચર્ચાઓનો આનંદ માણ્યો.

બેઝિક ઈલેક્ટ્રોનિક્સ કિટ-: પરના સત્રમાં સહભાગીઓને સરળ અને સંબંધિત ઉદાહરણો દ્વારા મૂળભૂત ઈલેક્ટ્રોનિક ઘટકો અને તેમના કાર્યોનો પરિચય કરાવ્યો સર્કિટ અને વાહકતા જેવાખ્યાલો સ્પષ્ટ અને .

એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિક્સ કિટ-:સત્રમાં,સહભાગીઓએ ડિજિટલ ઉપકરણો અને તેમની રોજિંદી એપ્લિકેશન્સ જેવા વધુ અદ્યતન વિષયોની શોધ કરી વિવિધ સંદર્ભોમાં ઇલેક્ટ્રોનિક્સની સુસંગતતાને સમજાવવા માટે . .સૈદ્ધાંતિક ચર્ચાઓને વાસ્તવિક જીવનના ઉદાહરણો સાથે પૂરક કરવામાં આવી હતી

મેકાટ્રોનિક્સ કિટ -:સત્રમાં સહભાગીઓને મેકાટ્રોનિક્સના આંતર શાખાકીય ક્ષેત્રનો પરિચય પ્રદાન કર્યો, રોજિંદા જીવનમાં તેના ઉપયોગ પર ભાર મૂક્યો . ઓટોમેશન, રોબોટિક્સ અને પ્રોગ્રામિંગ જેવા ખ્યાલો મૈત્રીપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યા હતા.

એડવાન્સ્ડ સાયન્સ કિટ  સત્રનો હેતુ રસપ્રદ વૈજ્ઞાનિક ઘટનાઓ અને પ્રયોગોની ચર્ચા કરીને વિજ્ઞાનમાં -: રુચિને વેગ આપવાનો હતો સહભાગીઓએ મનોરંજક અને ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો દ્વારા મૂળભૂત વૈજ્ઞાનિક . .સિદ્ધાંતો વિશે શીખ્યા

એનર્જી કન્ઝર્વેશન કિટ સત્રએ વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિના સહભાગીઓ સાથે પડઘો પાડે તે રીતે ઊર્જા -: સંરક્ષણ અને ટકાઉપણુંના મહત્વને પ્રકાશિત કર્યું ઊર્જા બચત પ્રેક્ટિસ માટેની પ્રાયોગિક .શેર કરવામાં આવી હતી, જે સહભાગીઓને પર્યાવરણને અનુકૂળ ટેવો અપનાવવા પ્રોત્સાહિત કરે છે.

- સમગ્ર દિવસ દરમિયાન, અરસપરસ ચર્ચાઓ, જૂથ પ્રવૃત્તિઓ અને હાથથી પ્રદર્શન દ્વારા સહભાગીઓને જોડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વર્કશોપનો હેતુ સહભાગીઓમાં તેમની શૈક્ષણિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના સર્જનાત્મકતા અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રેરિત કરવાનો હતો.- પ્રતિબિંબ સત્ર સાથે દિવસ સમાપ્ત થયો, જેમાં સહભાગીઓને તેમની આંતર દૃષ્ટિ શેર કરવા, પ્રશ્નો પૂછવા અને વર્કશોપ દરમિયાન મેળવેલા જ્ઞાનના સંભવિત કાર્યક્રમોની ચર્ચા કરવાની મંજૂરી આપી.

## સંદર્ભ

https://youtu.be/euz9mVXi740?si=dvGoXJGrKJmswh6F

## પ્રસ્તુત કર્તા



નિધિ પરમાર



વિશ્વરાજસિંહ ઝાલા

## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# જોબ પ્લેસમેંટ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય શિક્ષણ મહાવિદ્યાલય ગુજરાતની સૌથી પ્રાચીન શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓમાંની એક સંસ્થા છે દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય એટલે 1963થી સ્થપાયેલ શિક્ષકોને તૈયાર કરનારી શિક્ષણ પ્રશિક્ષણની સંસ્થા જે એક ઉત્તમ શિક્ષકો ઘડવાનો હંમેશા પ્રયત્ન કરેં છે અને શિક્ષણ સાથે પ્રવૃતિને પણ સમાવે છે. DGSM દ્વારા અભ્યાસક્રમ અને સહ– અભ્યાસિક પ્રવૃતિમાં નોંધપાત્ર કામ થયું છે. આ સંસ્થામાં વિવિધ કાર્યક્રમો દ્વારા તાલીમાર્થીઓના જ્ઞાનમાં




વધારો કરવામાં આવે છે. તેમજ અહીં થતાં સમગ્ર કાર્યક્રમનું આયોજન પણ તાલીમાર્થીઓ જ તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ખૂબજ ઉત્સાહ પૂર્વક કરે છે. આ મહાવિદ્યાલયની દરેક ક્ષેત્રમાં સિદ્ધિઓના ઘણા પીંછા છે.

DGSMમાં તાલીમાર્થીઓ માટે સુદ્દઢ અને સારી કારકિર્દી માટે પ્લેસમેન્ટ કેમ્પ પણ યોજવામાં આવે છે. આ વખતે જામનગર અને દેવભૂમિ દ્વારકામાં જોબ પ્લેસમેન્ટ ફેર યોજવામાં આવેલો હતો. તારીખ ૬, માર્ચ ૨૦૨૪, બુધવારના રોજ D.K.V. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ જામનગર ખાતે DGSM નો મેગા પ્લેસમેન્ટ ફેર યોજવામાં આવેલો હતો. સવારે ૦૮:30 વાગ્યે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં DGSM કોલેજના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ, પ્લેસમેન્ટ ફેરના






સંચાલક એવા ડૉ. જીગ્નેશભાઈ લિમ્બાચિયા, ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ, DGSM કોલેજના સેમ-૪ના તાલીમાર્થીઓ તેમજ જુદા જુદા કોલેજના આચાર્ય અને બીજી ૨૨ જેટલી શાળાઓએ પોતાની હાજરી આપી હતી. સૌ પ્રથમ આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને પછી પધારેલા મહેમાનોને પુષ્પ ગુચ્છ આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી ત્યાં ઉપસ્થિત મહેમાનોનુ પરિચય આપવામાં આવ્યો હતો. તેમની કૉલેજ અને તેમના આચાર્ય વિશે સૌને પરિચય કરાવ્યું હતું. ત્યારબાદ ઇન્ટરવ્યૂ આપવા આવેલા તાલીમાર્થીઓ માટે નાસ્તાની વ્યવસ્થા હતી. નાસ્તાનું કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઇન્ટરવ્યૂની શરૂઆત કરવામાં આવી હતી.

અમારી કોલેજના સેમ. 4 નાં 46 તાલીમાર્થીઓ નોંધાયા હતા જેમાંથી 45 તાલીમાર્થીઓ હાજર રહ્યા. જિલ્લાની વિવિધ 25 શાળાઓમાંથી આવેલ ઇન્ટરવ્યૂ કમિટી સામે ઇન્ટરવ્યૂ આપ્યા. જેમાં અમારી કોલેજના સૌથી વધુ 430 ઇન્ટરવ્યૂ અપાયા. તેમજ તેમાંથી 176 તાલીમાર્થીઓની પસંદગી કરવમાં આવી.



ઇન્ટરવ્યૂ લેનાર શાળાઓની યાદી આ મુજબ છે:

1.જી.બી.ટી. હાઇ સ્કૂલ, અલિયાબાડા

2.વિધ્યાનિકેતન સ્કૂલ, અલિયાબાડા



3.આશ્રમ શાળા, અલિયાબાડા

4.વિઝન સ્કૂલ, અલિયાબાડા

5.માધવકુંજ સ્કૂલ, નાના થાવરિયા

6.જી.ડી. શાહ સ્કૂલ, જામનગર

7. રોઝી સ્કૂલ, જામનગર



8. શ્રી જેકુરબેન સોની કન્યાવિદ્યાલય, જામનગર

9. મોદી સ્કૂલ્સ, જામનગર

10.બુદ્ધિસાગર શાળા, જામનગર

11.શ્રી એમ.ડી. મહેતા પ્રાથમિક શાળા, ધ્રોલ

12.એમ.ડી.મહેતા વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલ

13.નૂરી હાઈસ્કૂલ અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ધ્રોલ

14.પટેલ એજ્યુકેશન સિસ્ટમ, ધ્રોલ



15.ગણેશ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ધ્રોલ

16.ધોડકીયા શાળા, જેતપુર

17.ધવલ ઈન્ટરનનલ સ્કૂલ, જેતપુર

18.સેફ્રોન વિદ્યા સંકુલ-જસાપર (કાલાવડ)

19.શ્રી સરસ્વતી વિદ્યા મંદિર ઇંગ્લીશ સ્કૂલ, જામનગર

20.શ્રી એલ જી હરિયા સ્કૂલ, જામનગર



21.પુરોહિત સાયન્સ સ્કૂલ, જામનગર

22. મીનાક્ષી સ્કૂલ, જામનગર

23. શ્રી જ્ઞાનગંગા સ્કૂલ, જામનગર

24. શ્રી વિદ્યાદીપ શૈક્ષણિક સંકૂલ, લાલપુર



આ તકે ઝોનની નોડલ કોલેજ ડી.કે.વી. કોમેર્સ કોલેજના આચાર્ય તેમજ જામનગરની વિવિધ કોલેજના આચાર્યશ્રી જોડાયા. ડો. રૂપલબેન માંકડ તેમજ અન્ય આચાર્યોએ શાળાઓની મુલાકાત લીધી. સમગ્ર જિલ્લામાં સુંદર કામગીરી માટે મહાવિદ્યાલયનાં પ્લેસમેન્ટ ઓફિસરને બિરદાવવામાં આવ્યા આ તકે સંસ્થા પણ તેમને શ્રેષ્ઠ કામગીરી માટે અભિનદન પાઠવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. જીજ્ઞેશ લીંબાચીયાએ કરેલ હતું.

## સંદર્ભ

https://youtu.be/VI1QLIbZYxE?si=CS8tyCEWmPGJo9oX

## પ્રસ્તુત કર્તા



નિકિતા ભગત



રીના સોલંકી

## માર્ગદર્શક

ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# યુવા મતદાર મહોત્સવ

"Voting is the Expression of our Commitment to Ourselves, one Another, this country, And this world."



આગામી લોકસભા ચૂંટણીમાં યુવા મતદારોની સહભાગીદારી વધારવા માટે ભારતના ચૂંટણી પંચ **Department of Higher Education, Government of India** સાથે **MoU** કરવામાં આવેલ છે. જે અંતર્ગત ફેબ્રુઆરી માસમાં રાજ્યની તમામ કોલેજમાં, ચૂંટણી પંચની સૂચના અનુસાર યુવા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવાના હોય છે. ચૂંટણી પંચનો પત્ર આ સાથે સામેલ રાખેલ હતું. જે અંતર્ગત રાજ્યની તમામ કોલેજમાં આ સાથે સામેલ કાર્યક્રમની રૂપરેખા મુજબ કેમ્પસ એમ્બેસેડર્સની આગેવાનીમાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



તારીખ**13-3-2024.** ના રોજ અમારા મહાવિદ્યાલય દરબાર ગોપાળદાસશિક્ષણ મહાવિદ્યાલયમાં યુવા મતદાર જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગતકાર્યક્રમની શરૂઆત કેમ્પસ એમ્બેસેડર ભવ્યેશ વાછાણી સ્વાગત પ્રવચન થી શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદદ્વિતીય વર્ષનાતાલીમાર્થી નાગર નીતાબેન દ્વારા લોકશાહીમાં મતદાન કેમ અગત્યનું છે તેની સમજઉદાહરણ દ્વારા આપવામાં આવી હતી.



- વ્યાખ્યાન ખંડમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીનેપ્રોજેક્ટર દ્વારા

  1. અવસર થી વિડિયો
  2. એથીકલ વોટિંગ
  3. સર્ચ યોર નેમ - ફિલ્મ
  4. હું ભારત છું – સોંગ
  5. વોટિંગ પ્રોસેસ - ફિલ્મ



- વગેરે નિહાળવામાં આવી. મહાશાળાના આચાર્ય ડો.રૂપલબેનમાકડ દ્વારા મતદાન મથકે મોબાઇલ પ્રતિબંધિત તેમજ મતદાન માટે ઓળખના વૈકલ્પિક પુરાવા તરીકેઆધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ વગેરે વિશે માહિતી આપવામાંઆવી .નોડલ ઓફિસર ડૉ. આશાબેન એમ પટેલ દ્વારા સહપરિવારતાની અગત્યતા સમજાવવામાં આવી તેમજ પ્રત્યેક મતનોમહત્વ નાગરિક તરીકે લોકશાહીમાં સમજાવવામાં આવ્યું. પ્રથમ વર્ષના તાલીમાર્થી જાની આયુષીવોટર હેલ્પલાઇન નંબર11001 તેમજ આચાર સંહિતાના લાગુ થયા બાદ જો કોઈ વ્યક્તિ દ્વારા તેનો વિરોધ થાય તે માટેc-vigil ,keys , voter turn out app વગેરેવિશે માહિતી આપવામાં આવી.



•કેમ્પસ એમ્બેસેડર દ્વારા CEO ની વેબસાઇટ, સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ બાબતે માહિતી આપી તેમજ તે વેબસાઈટ ના કાર્યો વિષે સમજણ આપી.

•દ્વિતીય વર્ષના તલીમાર્થી દંતાણી ધારબેન દ્વારા પ્રશ્નોતરીકરવામાં આવી જેમાં પ્રથમ અનેદ્વિતીય વર્ષના તાલીમાર્થીએ ઉત્સાહ ભેર રસ કેળવ્યો. કાર્યક્રમના સમાપનમાં નોડલ ઓફિસર ડૉ. આશાબેન એમ પટેલ તેમજ આચાર્ય ડૉ રૂપલબેન માંકડ, પ્રાધ્યાપકડૉ પ્રશાંતભાઈ ચૌહાણ ,ડૉ જીગ્નેશભાઈ લિંબાચિયા, ડૉ નિધિ બેન અગ્રાવત, તેમજ શ્રી હેતા બેન ઉપસ્થિતિમાં પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થી પાસે મતદાન શપથ લેવડાવવામાં આવ્યો.

# સંદર્ભ

https://youtube.com/shorts/LVGwgl3kK7U?si=SY20v8LS4UKqAr82

# પ્રસ્તુત કર્તા



જાની આયુષી

# માર્ગદર્શક

## ડૉ. આશાબેન પટેલ

# વિશ્વ ચકલી દિવસ

ફળિયા માંથી ફ્લેટની સવારી, માળામાં ખરે કોકરિટની કાકરી,
ચકલીઓ કઈ રીતે કરે ચિચીયારી.



આજના આધુનિક સમયમાં શહેર હોય કે ગામડું હોય તમામ સ્થળોએ પાકા સિમેન્ટના મકાનો જોવા મળે છે. વૃક્ષો કાપી અને મોટી-મોટી ઈમારત બનાવવામાં આવે છે. ત્યારે આ ચકલીઓ પોતાના નિવાસ માટે વિવિધ સ્થાનોએ ભટક્યા કરે છે. તેની પ્રસ્તુતિ ઉપરોક્ત પંક્તિ દ્વારા આપણે સમજી શકીએ છીએ.આજના સમયમાં ટેકનોલોજી નો ઉપયોગ વધતો ગયો છે. અને વિવિધ ક્ષેત્રે આધુનિકતા આવતી ગઈ છે. ત્યારે માનવ જાતિ એ અન્ય વિવિધ જાતિઓને નુકસાન પહોંચાડતી જાય છે. આ નુકસાન એટલી હદ સુધી વધી ગયું છે, કે કેટલીક જાતિઓ પોતાની નાશ ને આરે આવીને ઊભી છે. આવી જાતિઓને બચાવવા માટે તેમજ તેનું સંરક્ષણ કરવા માટે અને લોકોમાં તેમના પ્રત્યે જાગૃતિ લાવવા માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. જે પૈકી 20 માર્ચના રોજ દર વર્ષે વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે લોકો ચકલીઓના રહેઠાણ માટે વિવિધ માળાઓ તેમજ કુત્રિમ રહેઠાણની વ્યવસ્થા કરે છે. વિશ્વ ચકલી દિવસની ઉજવણી અમારી સંસ્થા દરબાર ગોપાળદા શિક્ષણ મહાવિદ્યાલયમાં પણ કરવામાં આવી હતી. આ દિવસે પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તેમજ સંસ્થાના તમામ અધ્યાપકશ્રીઓ પણ








પોતાનામાં જાગૃતતા લાવી અને ચકલીઓને બચાવવા માટેના પગલાંઓ લીધા હતા. જેમની વિસ્તૃત માહિતી અહીં નીચે મુજબ રજૂ કરવામાં આવેલી છે.

તારીખ 20 માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસની ઉજવણી ના ભાગરૂપે અમારી સંસ્થામાં નાના સ્વરૂપે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.આ આયોજનના ભાગરૂપે સૌ પ્રથમ પ્રાર્થના કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી દ્વારા વિશ્વ ચકલી દિવસ અંગે તમામ તાલીમાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અધ્યાપક્ષીઓ દ્વારા ચકલીઓને સંરક્ષણ આપવા માટેની વિવિધ પદ્ધતિઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ દિવસે અમારી સંસ્થામાં પણ ચકલીઓના સંરક્ષણ માટેની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે અમારી સંસ્થાના આચાર્યશ્રી તેમજ વિદ્યાર્થીઓ અને સહ અધ્યાપકો સાથે મળી અને સંસ્થાના કેમ્પસમાં વિવિધ સ્થળોએ ચકલીઓના માળાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.




આ દિવસે દરમ્યાન સંસ્થાના આચાર્યશ્રી તેમજ અધ્યાપક શ્રી દ્વારા તમામ તાલીમાર્થીઓને ચકલી માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. એની સાથે સાથે વિદ્યાર્થી મિત્રો ઇકો ફ્રેન્ડલી મટીરીયલ દ્વારા નિર્મિત ચકલીનો માળો પણ બનાવીને લાવ્યા હતા. આ તમામ તાલીમાર્થી તેમજ અધ્યાપકશ્રીઓ સાથે મળી અને તેને સંસ્થાના કેમ્પસમાં વિવિધ સ્થળે લગાવ્યા હતા. આ તમામ માળાઓ અન્ય પ્રાણીઓથી સુરક્ષિત રહે તેનું ધ્યાન રાખી અને તેની ગોઠવણી કરવામાં આવી હતી.

તેમજ વિદ્યાર્થીઓને અધ્યાપકશ્રી તેમજ આચાર્યશ્રી દ્વારા માર્ગદર્શન આપી અને પોતાના ઘરની આસપાસ પણ ચકલીઓના રહેઠાણ માટેની વ્યવસ્થા કરવા માટે ચકલીના માળા

આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ નિર્ણય કર્યો હતો કે તેઓ શક્ય તેટલા વધુ માળાઓ પોતાના ઘરની આસપાસ લગાવી અને ચકલીના સંરક્ષણમાં પોતાનો ફાળો આપશે. આ રીતે અમારી સંસ્થામાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી જાગૃતતા ભેર કરવામાં આવી હતી. જેમાં અમારી સંસ્થાના તમામ અધ્યાપકશ્રીઓ, આચાર્યશ્રી તેમજ પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ પણ જોડાયા હતા, અને તેઓ સૌએ ચકલીના સંરક્ષણ અંગેની માહિતી મેળવી અને તેના જતન કરવાનું મજબૂત નિર્ણય કર્યો હતો.

## સંદર્ભ

https://youtube.com/shorts/iSOFvOqWmus?si=R4OPbwAq02D16hID

## પ્રસ્તુત કર્તા






દત્તાણી ધારા પુરોહિત કુલદિપ

## માર્ગદર્શક

ડૉ.નિધીબેન અગ્રાવત

# મેન્ટલ હેલ્થ વર્કશોપ

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં માત્ર ઔપચારિક શિક્ષણ જ નહિ, પણ તેની સાથે અનૌપચારિક શિક્ષણ પણ આપવામાં આવે છે. મહાવિદ્યાલયમાં વ્યાખ્યાનો, મણકાઓ અને વ્યાવ્હારિક જ્ઞાન માટે અનેક તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવે છે. કેળવણીના ભાગ રૂપે અમારી મહાવિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્યનો એક દિવસનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. કલકત્તાથી પધારેલ મહેમાન શ્રી સુમિત દત્તાજીએ માનસિક સ્વાસ્થ્ય વિશે માહિતી આપી.



સૌપ્રથમ બધાજ અધ્યાપકો અને તાલીમાર્થીઓ દ્વારા સર્વધર્મ પ્રાર્થના કરી અને કોલકતાથી પધારેલ મહેમાન શ્રી સુમિત દત્તાજી તથા કૉલેજના આચાર્ય ડૉ.રૂપલબેન માંકડ તથા સ્ટાફ પરિવાર ડૉ.આશાબેન પટેલ, ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ, ડૉ. જિજ્ઞેશભાઈ લીંમ્બાચિયા, ડૉ.નિધીબેન અગ્રાવત તથા હેતાબેન પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને આગળ વધાવ્યો હતો.





**જે લોકો સ્વસ્થ છે એ જ ખરા અમીર છે.**

**જો તમારે જીવનનો આનંદ માણવો હોય તો તમારે શરીરનું ધ્યાન રાખવું જોઈએ.**

સુમિત દત્તાજીએ અંગ્રેજી ભાષાના માધ્યમથી મગજ સંબંધી બીમારીઓથી અવગત કરાવ્યા જેમાં તણાવ, બેચેની, માનસિક બીમારી, એકાંત પણું

અનેક બાબતોથી મગજને થતા નુકશાન વિશે અમે માહિતી મેળવી અને જૂથ ચર્ચા દ્વારા અનેક પ્રશ્નોનું સમાધાન થયું.

માનસિક સ્વાસ્થ્ય એ વ્યક્તિની ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સુખાકારીનો સંદર્ભ આપે છે. તે વ્યક્તિઓ કેવી રીતે વિચારે છે, અનુભવે છે અને વર્તન કરે છે. તેના પર અસર કરે છે અને તે કેવી રીતે તણાવને હેન્ડલ કરે છે, અન્ય લોકો સાથે સંબંધ રાખે છે અને પસંદગીઓ કરે છે .તે પણ પ્રભાવિત કરે છે. જીવનના દરેક તબક્કે, બાળપણ અને કિશોરાવસ્થાથી લઈને પુખ્તાવસ્થા સુધી માનસિક સ્વાસ્થ્ય મહત્વપૂર્ણ છે.



સારું માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે વિવિધ પરિબળોનો સમાવેશ થાય છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

1. ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા: જીવનના પડકારોનો સામનો કરવાની અને પ્રતિકૂળતામાંથી પાછા આવવાની ક્ષમતા.
2. સ્વસ્થ સંબંધો: કુટુંબ, મિત્રો અને સમુદાયના સભ્યો સાથે સહાયક સંબંધોને પોષવું.
3. સ્વ-સંભાળ: શારીરિક, ભાવનાત્મક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓમાં સામેલ થવું, જેમ કે વ્યાયામ, શોખ અને આરામની તકનીકો.
4. જ્યારે જરૂર પડે ત્યારે મદદ લેવી: જ્યારે સહાય જરૂરી હોય ત્યારે ઓળખવું અને માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો અથવા સહાયક જૂથો સુધી પહોંચવું.
5. સંતુલિત જીવનશૈલી: કાર્ય, સામાજિક જીવન અને વ્યક્તિગત સમય વચ્ચે સંતુલન જાળવવું.

નાનકડા નાટક દ્વારા માનસિક બીમારી કોને કહેવાય તેની સ્પષ્ટતા કરી આવી બીમારીઓનો જ્યારે આપણે શિકાર બનીએ છીએ ત્યારે ઉદ્ભવતા લક્ષણોની ચર્ચા પણ કરવામાં આવી. ક્યારે પણ તણાવ યુક્ત લાગે જ્યારે મિત્રો, અધ્યાપક, પરિવારજનોની સલાહ લેવી તથા જો સમાધાન ન મળે તો મનોસિકિત્સક પાસે નિદાન કરાવવું.

1:30 જમ્યા બાદ દત્તાજીએ એક પ્રવૃત્તિ કરાવી બધા તાલીમાર્થીઓએ ચિઠ્ઠીમાં સ્ટ્રેસ થવાના કારણો લખ્યા અને તેને દૂર ભગાડવા શું કરી શકાય તે પણ લખ્યું, ત્યારબાદ પાંચ આઠ વિદ્યાર્થીઓના જૂથ પાડીને પોતાના શ્રેષ્ઠ વિશે માહિતી એકઠી કરવાની હતી, ટ્રેસ ને દૂર કરવા માટે શું કરવું તેની પણ માહિતી તૈયાર કરવાની હતી. દસ મિનિટ બાદ વર્ગમાં એકઠા થઈને ગ્રુપના કોઈ એક સદસ્ય પોતાની નોંધ ને વર્ગ સમક્ષ રજૂ કરી અને તેનો સમાધાન કરવામાં આવ્યું.





આ સેમિનારમાં ડૉ. રૂપલબેન માંકડે પણ માનસિક સ્વાસ્થ્ય પર માહિતી આપી હતી તથા તમામ અધ્યાપક અને તાલીમાર્થીઓએ સેમિનારમાં ઉત્સાહ-ભેર જ્ઞાન મેળવવા બેઠા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઝાલા વિશ્વરાજ દ્વારા કરવામાં આવ્યું હતું.






## સંદર્ભ

https://youtu.be/Ylw8PgMxxwU?si=kQNScL-HtOApr0VQ

## પ્રસ્તુત કર્તા



આંબલિયા કુલદીપ



સત્રોલા ધ્વનિ

## માર્ગદર્શક

ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ

# યોગ જાગૃતિ

અમારી કોલેજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં, અનેક શૈક્ષણિક કાર્યક્રમ અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તાલીમાર્થીઓને શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે. આ અંતર્ગત અમારી કોલેજમાં તારીખ 22 માર્ચ, 2024 ને શુક્રવારના રોજ ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત યોગ માર્ગદર્શન આપતો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય ઘર-ઘર સુધી યોગનું મહત્વ સમજાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.



આ કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિ શ્રી હર્ષિતા મહેતા ટ્રસ્ટી શ્રી આશર સાહેબ, આચાર્ય શ્રી તેમજ અધ્યાપકો ને કુમકુમ તિલક કરી તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



કોલેજના આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા અતિથિ નો પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ કોલેજ નો પરિચય આપવામાં આવ્યો હતો.તાલીમાર્થીઓને યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા મળેલી અમૂલ્ય ભેટ છે. એક શિક્ષક તરીકે તાલીમાર્થીઓ દ્વારા લોકોના ઘર-ઘર સુધી યોગનું મહત્વ સમજાવવા માટે પ્રેરણા આપી હતી.



ત્યાર પછી સરકાર દ્વારા નિયુક્ત કરેલ યોગ જિલ્લા કૉ- ઓડીનેટર પોતાનું કાર્ય અને યોગનું શારીરિક મહત્વ સમજાવી તથા સરકારશ્રી દ્વારા ચાલી રહેલ યોગ જાગૃતિ વિશે માહિતી આપવામાં આવી હતી. યોગ આપણો સાંસ્કૃતિક વારસો છે. આપણે તેને જાળવી તેનું મહત્વ સમજી આવનાર પેઢીને યોગથી જાગૃત કરવાની વાત પણ કરી હતી. યોગ શરીર અને મન વચ્ચે સુમેળ સ્થાપિત કરવા માટે આ બંને ને જોડવાનો શ્રેષ્ઠ

અભ્યાસ છે. તે શારીરિક ,માનસિક, સામાજિક અને બૌદ્ધિક સ્તરો જેવા તમામ પરિણામો ને નિયંત્રિત કરી વ્યક્તિને ઊંચ સ્તરે સંવેદનશીલતા પ્રદાન કરે છે.



આ તકે કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી આશર સાહેબ આચાર્ય શ્રી ડૉ રૂપલબેન માંકડ તેમજ ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત કરેલ યોગ જિલ્લા કો-ઓર્ડીનેટર હર્ષિતા મહેતા તથા કોલેજના અધ્યાપક ગણ અને કોલેજના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થી ઉપસ્થિત રહ્યા હતા. અંતે બધા એ યોગ માં જોડાવાની સહમતી આપી હતી.

## સંદર્ભ

https://youtu.be/ur9V68OGETA?si=vqf84qLD_xbr_Gr_

## પ્રસ્તુત કર્તા




ડેર નીતિન

## માર્ગદર્શક


ડૉ. આશાબેન પટેલ

# I.C.T. ઈન રીસર્ચ

આજ રોજ તારીખ 22/3/2024 ના રોજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડાનાં સંયુક્ત ઉપક્રમે એક દિવસીય ઓનલાઇન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તજજ્ઞ તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરનાં એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ અસોસીએટ એવા ડૉ. જીગ્નેશ પટેલે સેવા આપી જેમણે સંશોધન માં ICT નાં વિનિયોગ વિષે રજૂઆત કરી.



આ ઓનલાઇન વર્કશોપની શરૂઆત ત્રણ વાગ્યે કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ડાયરેક્ટ ડૉ. રૂપલબેન માંકડ તેમજ કન્વીનર ડૉ. આશાબેન પટેલ તેમજ કો. ઓર્ડીનેટર ડૉ. જીગ્નેશભાઈ લીમ્બાચીયા અને અધ્યાપકો ડૉ.પ્રશાંતભાઈ ચૌહાણ, ડૉ. નિધીબેન અગ્રાવત અને હેતાબેન પટેલ જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષના તાલીમાર્થી ધારાબેન દત્તાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ઓનલાઇન વર્કશોપમાં કન્વીનર ડૉ. આશાબેન પટેલ દ્વારા કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી ડૉ.











જીગ્નેશ પટેલ નું આવકાર પરિચય આપવામાં આવ્યું હતું. ડૉ. જીગ્નેશભાઈ પટેલ દ્વારા વર્કશોપનો presentation દ્વારા આરંભ કરવામાં આવ્યો, જેમાં તેમને ICTના વિવિધ ક્ષેત્રોની માહિતી આપી.




જેમાં તેમણે ઈ-શોધ ગંગોત્રી, ઈ-શોધસિંધુ, ઈ-શોધચક્ર અને શોધગંગા જેવા પ્લેટફોર્મ વિશે માહિતી આપી. આ પ્લેટફોર્મ ડિજિટલ રિપોઝીટરીઝ અને સંશોધન પોર્ટલના અગ્રણી ઉદાહરણો છે જે શૈક્ષણિક થીસીસ, નિબંધો, સંશોધન પત્રો અને વિદ્વતાપૂર્ણ પ્રકાશનોની ઍક્સેસ પ્રદાન કરે છે. તેઓ સંશોધકો માટે અમૂલ્ય સંસાધનો તરીકે સેવા આપે છે જે તેમના સંબંધિત ક્ષેત્રોમાં અસ્તિત્વમાં રહેલા જ્ઞાનનું અન્વેષણ કરવા અને તેનું નિર્માણ કરવા માંગતા હોય છે. જેમાં તેમને પ્લેગ્યારીઝમ સોફ્ટવેરની માહિતી આપી.


ત્યારબાદ ICTના અસરકારક ઉપયોગ માટે જરૂરી ક્ષમતાઓ અને કૌશલ્યો પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ડૉ. જીગ્નેશભાઈ બી. પટેલ દ્વારા વી.આર.ઈ ની સંક્ષેપ્ત ઝાંખી અને આધુનિક સંશોધનના વાતાવરણમાં તેની સુસંગતમાં પ્રદાન કરવામાં આવી. ત્યારબાદ વિવિધ સેટિંગ્સમાં ગુગલ કોર્સની કાર્યક્ષમતાઓ અને એપ્લિકેશન પર ચર્ચા, તેના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

વર્કશોપના અંતે ચર્ચા અને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. જેમાં ડૉ. જીગ્નેશભાઈ બી. પટેલ દ્વારા વિવિધ પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ શાળાના આચાર્યો, શિક્ષકો અને જુદી જુદી કોલેજના, એમ.એડ. તથા બી.એડ. કોલેજના આચાર્યો તેમજ પ્રશિક્ષણાર્થીઓ તેમજ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ જોડાયા હતા.





ત્યારબાદ કાર્યક્રમના અંતે કો.ઓર્ડીનેટર ડૉ. જીગ્નેશભાઈ લીમ્બાચીયા દ્વારા કાર્યક્રમ નું આભાર દર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. રૂપલબેન માંકડ ના માર્ગદર્શન હેઠળ કન્વીનર ડૉ. આશાબેન પટેલ તેમજ કો.ઓર્ડીનેટર ડૉ. જીગ્નેશભાઈ લીમ્બાચીયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વર્કશોપના અંતે ફીડબેક ફોર્મ ભરવામાં આવ્યું હતું. તેમજ ઓનલાઇન સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.
















# સંદર્ભ

https://youtu.be/DlbpAUPJ4cM?si=sJlcSYLVtQxwqKCX

# પ્રસ્તુત કર્તા



રીના સોલંકી



રિદ્ધીબા વાઘેલા

# માર્ગદર્શક

## ડૉ. આશાબેન પટેલ

## ડૉ. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

# ઈનોવેટીવ પેડાગોજી



"જય શિક્ષક" જણાવતા આનંદ થાય છે કે અમારી કોલેજમાં તારીખ 23 માર્ચ 2024 ના રોજ કોલેજના આચાર્યશ્રી દ્વારા "innovative pedagogy" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય વક્તા શ્રી દિલીપભાઈ વ્યાસ હતા. આ કાર્યક્રમમાં બી.એડ ના પ્રથમ વર્ષ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકો શ્રોતા તરીકે ઉપસ્થિત હતા. યોગ્ય કાર્ય સૂચિ દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.




કોઈપણ શુભ કાર્યક્રમ આપણે શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરીએ છીએ. તેમ ઉપરોક્ત પંક્તિ અનુસાર સર્વ દ્વારા ઈશ્વરમાં શ્રદ્ધા પૂર્વક "સર્વ ધર્મ સમભાવ" પ્રાર્થના કરવામાં આવી અને ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો.

"પાસે અંધારું રાખીને, અજવાળું આપવાની દિવ્ય વાત છે. મેં ક્યાં કીધું તમને કે સૂરજ બનો. આ તો એક નાનકડો અમથો પ્રગટેલો દીવો બનવાની વાત છે..."



કાર્યક્રમની શરૂઆત પહેલા મહેમાનશ્રી તેમજ સર્વ અધ્યાપકો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું અને કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો.



અમારી કોલેજના અધ્યાપકશ્રી ડો. આશાબેન પટેલ દ્વારા કોલેજમાં પધારેલ મહેમાનશ્રી દિલીપભાઈ વ્યાસનું હૃદયપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ડૉ.આશાબેન પટેલ દ્વારા "આજની ઘડી



રળિયામણી" પંક્તિ દ્વારા ડૉ. દિલીપભાઈ વ્યાસ સાહેબનો ભાવપૂર્વક આવકાર પરિચય આપીને આનંદની અનુભૂતિ કરાવી હતી. તેમનો પરિચય આપ્યો. તેઓ અલિયાબાડા P.T.C. કોલેજના ભૂતપૂર્વ આચાર્ય હતા. તેમજ તેમની શૈક્ષણિક લાયકાતો પણ સર્વ સમક્ષ રજૂ કરી. ત્યારબાદ વક્તા શ્રી દિલીપભાઈ વ્યાસ દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યાં હતા.

ડો. દિલીપભાઈ વ્યાસ એ ભૂતકાળમાં ગંગાજળા વિદ્યાપીઠ અને આ સંસ્થા સાથે બહોળો અનુભવ ધરાવતા હતા. તેથી સંસ્થા સાથેના પોતાના અનુભવોની રજૂઆત કરી. તેઓએ લોકભારતી વિશેની માહિતી આપી. ત્યારબાદ તેઓએ એક શિક્ષક કેવો ક્રિએટિવ હોવો જોઈએ. તેના વિશેની તાલીમાર્થીઓ સાથે ચર્ચા કરી.



તેઓએ એક પ્રવૃત્તિ કરાવી. જેમાં તાલીમાર્થી પોતાના પરિચય આપતા પહેલા એક સુવિચાર બોલવો. આમ તેઓ વક્તવ્યની સાથે સાથે પ્રવૃત્તિઓ પણ કરાવતા હતા અને તેમણે વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાના પ્રેમનું વર્ણન કર્યું હતું.

તેમને પોતાના અનુભવો અને વાંચનની વાતોમાં પોતાના અનુભવવાની વાતો વધારે કરી. તેમને કોઈનું સ્વાગત કરવા માટે તાળીઓની રજૂઆત કરતા તાલીમાર્થીઓને શીખવ્યું. તેઓ બાળકોને ખૂબ જ પ્રિય છે. તેથી તેમને બાળકો તરફથી એક શાયરીની પણ રજૂઆત કરી હતી.

**"કિસ કિસ કો દેખુ હર આંખ મે રહેતા હું,**

**કિસ્મતઐસી પાઈ હે સારે દિન શિક્ષા મે રહેતા હું"**





ઉપરોક્ત પંક્તિ શ્રી દિલીપભાઈ વ્યાસ દ્વારા કહેવામાં આવી હતી. અને તેના દ્વારા બાળકોનો શિક્ષક પ્રત્યે પ્રેમ કેવો હોય તેની માહિતી આપી હતી.

શિક્ષકનું મહત્વ અને શિક્ષક બાળકનો સંબંધ સ્પષ્ટ કર્યો. તેમને બાળકની અવસ્થાઓની માહિતી આપી. જેમાં ચાર અવસ્થા તેમણે કહી હતી.

- ગર્ભથી ત્રણ વર્ષ સુધી બાળક ભગવાન છે.

- ચાર વર્ષથી સાત વર્ષ સુધી બાળક રાજા છે.
- આઠ વર્ષથી 17 વર્ષ સુધી બાળક ગુલામ છે.
- 18 વર્ષ પછી બાળક મિત્ર બને છે.



જુદી જુદી અવસ્થાઓ પ્રમાણે બાળકને કેવી રીતે કેળવવું તેની માહિતી આપી ત્યારબાદ વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે કેમ વધારે ઉત્સાહિત કરવા. તેની ઉપયોગીતા સમજાવી તેમજ સમજ આપી.

વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષય પ્રિય બનાવવા અથવા તો શીખવવા પ્રથમ અંગ્રેજી પાઠ્યપુસ્તકનો સ્પર્શ કરાવો ત્યારબાદ ચિત્રો બતાવવા અને ત્યારબાદ તે ચિત્રોના અંગ્રેજી નામ કહીને વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાની શરૂઆત કરાવી શકાય તેવી માહિતી આપી.

તેમણે એક નાનકડી વાર્તા કહી :

" જીવણલાલ ગુજરી ગયા. શું જીવણલાલ જીવતા હતા? "

ઉપરોક્ત વાર્તાના સંદર્ભમાં તેમણે શિક્ષકોને હંમેશા માનસિક રીતે જીવતા રહેવું તેમ જ શિક્ષકને હંમેશા ક્રિએટિવ રહેવું અપડેટ રહેવું. તેવો સંદેશો સર્વ તાલીમાર્થી મિત્રોને પાઠવ્યો હતો.

અંતમાં દિલીપભાઈ વ્યાસ દ્વારા સર્વ તાલીમાર્થીઓને એક પ્રવૃત્તિ દ્વારા હાલરડું ગવડાવ્યું. અને ત્યારબાદ પોતાની વાણીને વિરામ આપ્યો.




"કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત,
આજ આ આભાર વશ થઈ જાય છે આભાર માન"

ઉપરોક્ત પંક્તિ મુજબ શ્રી દિલીપભાઈતેમજ કાર્યક્રમમાં સમગ્ર ઉપસ્થિત અધ્યાપકોશ્રી તેમજ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ સર્વશ્રોતાઓનો આભાર વ્યક્ત કરવા. પ્રથમ વર્ષના તાલીમાર્થી ભંડેરી ગોપીબેનદ્વારા વક્તાશ્રી અને સમગ્ર શ્રોતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

કાર્યક્રમના અંતે અધ્યાપકશ્રી ડો. આશાબેન દ્વારા મહેમાનશ્રીને કોલેજ પરિવારવતી નાનકડી ભેટ આપવામાં આવી અને ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયો.

વક્તાશ્રી દિલીપભાઈ વ્યાસ દ્વારા તાલીમાર્થીઓને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

શ્રી દિલીપભાઈ દ્વારા તાલીમાર્થીઓને હાલરડુ અભિનય દ્વારા ગવડાવવામાં આવ્યું.

અંગ્રેજી ગ્રામરમાં પ્રથમ પુરુષ દ્વિતીય પુરુષ અને ત્રીજો પુરુષ વિદ્યાર્થીઓને કેમ શીખવવા અને કેમ યાદ રહે તે અભિનય દ્વારા તાલીમાર્થીઓને શીખવ્યું.

તેમજ દિલીપભાઈ દ્વારા હાસ્ય સાથે અન્ય પ્રવૃત્તિઓ તાલીમાર્થીઓને કરાવવામાં આવી. અંતે સ્વાગત તાળીઓ પણ શીખવવામાં આવી.

## સંદર્ભ

https://youtu.be/0EKOOjJO6ks?si=ajyDOhjEtz9Oc-tH

## પ્રસ્તુત કર્તા



**જયેશ ભારવાડીયા**

## માર્ગદર્શક

**હેતાબેન પટેલ**

# જ્ઞાનગુરુ ક્વિઝ

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ ૨.૦ (G3Q ૨.૦) ના સફળ અમલીકરણ માટે કો.ઓર્ડીનેટર ડૉ.આશાબેન એમ. પટેલ દ્વારા તા:-૨૪/૧૨/૨૦૨૩ ના રોજ ઓનલાઈન ક્વિઝ માં રજિસ્ટ્રેશન કરવાની માહિતી આપવામાં આવી. દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડાનાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના કુલ ૯૪ તાલીમાર્થીઓ એ ૧૨ વીક સુધી જામનગર મહાનગરપાલિકા કક્ષાની ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો.. આચાર્ય શ્રી,ડો.રૂપલબેન માંકડ કો-ઓડીનેટર ડૉ.આશાબેન એમ. પટેલના તેમજ ડો, પ્રશાંત સર, ડો, જીગ્નેશ સર, ડો નિધિબેન અગ્રાવત અને શ્રી હેતાબેન પટેલ નાં માર્ગદર્શન હેઠળ પ્રથમ અને દ્વિતીય વર્ષ નાં તમામ તાલીમાર્થીઓએ G3Q ૨.૦ ક્વીઝ નું રજિસ્ટ્રેશન કર્યું અને ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.




G3Q QUIZ ૨.૦ નાં કો-ઓર્ડીનેટર ડૉ. આશાબેન એમ. પટેલ દ્વારા જ્ઞાન ગુરુ ક્વિઝમાં 12 વીકના રાઉન્ડની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષ નાં તમામ તાલીમાર્થીઓનું ૧૦૦% રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું અને તમામ તાલીમાર્થીઓને તેમનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું . તાલીમાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ચાલતી યોજનાઓથી માહિતગાર થયાં.

ડૉ. આશાબેન એમ. પટેલ દ્વારા તાલીમાર્થીઓના પ્રમાણપત્ર તેમ જ ક્વિઝ રમવામાં આવતી સમસ્યાઓ અને પ્રશ્નોના સમાધાન લાવવાના કાર્યમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી.





ગુજરાત સરકાર દ્વારા “ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ **(G3Q 2.0)** પરિપત્ર મુજબ શરૂ કરી હતી.આ સ્પર્ધા દ્વારા ગુજરાત સરકારનો એક ધ્યેય મંત્ર નક્કી કરવામાં આવ્યો હતો. ધ્યેય મંત્ર હતો “જાણશે ગુજરાત, જીતશે ગુજરાત”. તેની શરૂઆત સ્વામિનારાયણ મંદિર રાજકોટ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાતમાં અભ્યાસ કરતા શાળા અને કોલેજ કક્ષાના તમામ વિધાર્થીઓ આ ક્વિઝનો લાભ લઈ શકે છે, અને તેમની જાણકારી અનુસાર પ્રશ્નોના જવાબ આપીને ઈનામો જીતીને જ્ઞાનમાં વધારો કરી શકે. આ ક્વિઝ ૩ કેટેગરી માં હતી જે નીચે મુજબ છે .

(૧) ધોરણ ૯ થી ૧૨ શાળા કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી

(૨) કોલેજ અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓની કેટેગરી

(3) અન્ય પ્રજાજન કેટેગરી (૧૮ અને ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિક)

તદુપરાંત આચાર્ય શ્રી ડો. રૂપલબેન માંકડ અને ડો. આશાબેન પટેલ દ્વારા bumper quiz વિશેની યોગ્ય સમજૂતી આપવામા આવી હતી અને તમામ તાલીમાર્થીઓને bumper ક્વિઝ રમવા અંગે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું તમામ તાલીમાર્થીઓએ આ bumper ક્વિઝ માં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના જ્ઞાન માં વધારો કર્યો અને વિવિધ યોજના થી માહિતગાર થયા હતા





પ્રથમ વર્ષનાં અને દ્વિતીય વર્ષનાં કુલ ૯૫ તાલીમાર્થીઓએ નીચે મુજબના પ્રમાણપત્રો દર વિકલી ક્વિઝમાં મેળવ્યું હતું જેનો નમૂનો નીચે મુજબ છે.

આમ, G3Q QUIZ 2.0 ક્વિઝ અંતર્ગત પ્રમાણપત્રો તમામ તાલીમાર્થીઓએ પ્રાપ્ત કર્યાં હતા અને જેમાં પ્રથમ વર્ષનાં ૪૯ તાલીમાર્થીઓ એ અને દ્વિતીય વર્ષનાં કુલ ૪૫ તાલીમાર્થીઓ એ ભાગ લઈ  શિક્ષણ, જ્ઞાન અને ગમ્મત સાથે ઉત્સાહપૂર્વક quiz રમી નીતનાવિન્ય પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ડો. આશાબેન પટેલ નો ખૂબ જ ફાળો રહેલો હતો વિધાર્થીઓના રજિસ્ટ્રેશન થી લઈને પ્રમાણપત્ર તમામ બાબતો વિશેની સમજૂતી આપતા હતા અને વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિવારણ પણ લાવતા હતા. દર વિકલી ક્વિઝ તેમજ bumper





Shri Narendra Modi
Hon'ble Prime Minister

Shri Bhupendrabhai Patel
Hon'ble Chief Minister, Gujarat

G3Q GUJARAT GYAN GURU QUIZ 2.0
જાણશે ગુજરાત જીતશે ગુજરાત

Education Department, Government of Gujarat

Vibrant GUJARAT 2024

WEEK: 12
G3Q ID: GJF0003968

**Certificate of Participation**

(College/University Category)

This is to certify that Shri Goswami Keval Bhupatgiri
of Darbar Gopldas Shikshan Mahavidhyalaya-aliabada (i College/University
has participated in the 'College/University category' for the online weekly quiz conducted as part of 'Gujarat Gyan Guru Quiz (G3Q) 2.0' organized by the Education Department, Government of Gujarat

Dr. Kuberbhai M. Dindor
Hon'ble Minister &
Chairman, G3Q 2.0 Apex Committee

ક્વિઝ અંગે વિદ્યાર્થીઓને યાદ અપાવી અને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડતા હતા.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ગાંધીનગર G3Q ક્વિઝની જિલ્લા પ્રમાણેની ઓનલાઇન મીટીંગમાં હાજર રહીને આચાર્ય ડૉ.રૂપલબેન માંકડ અને કો- ઓર્ડીનેટર

ડૉ.આશાબેન પટેલ દ્વારા  સૂચનાનું યોગ્ય પાલન કરીને તાલીમાર્થીઓને ક્વિઝ રમવા માટે પ્રોત્સાહિત કરતા હતા.

## સંદર્ભ

https://youtu.be/JbTSqYwbwAo?si=Ab2FQIl7QkDzebmU

## પ્રસ્તુત કર્તા



કેવલ ગોસ્વામી

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# સંસ્કૃત સંભાષણ વર્ગ




દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા કૉલેજ તારીખ : ૨૬/૪/૨૦૨૪ થી તારીખ : ૧/૪/૨૦૨૪ સુધી સંસ્કૃત સંભાષણ વર્ગ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે ઓનલાઈન વર્ગ આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ નાં માર્ગદર્શન હેઠળ અધ્યાપિકા ડૉ. નિધિબેન અગ્રાવત દ્વારા સંચાલિત કરવામાં આવ્યું હતું.

આ વર્ગમાં બી. એડનાં પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકો પણ ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયા હતા. સૌ પ્રથમ પ્રાથના કરી ત્યારબાદ આચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ ત્યારબાદ આ વર્ગ ના સંયોજક ડૉ. નિધિબેન અગ્રાવતે ડૉ. કોમલબેન ભટ્ટનો પરિચય આપ્યો અને પછી સંસ્કૃત સંભાષણ વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો .




આ વર્ગ નો સમય ૧૧:૦૦ થી ૧૨:૦૦ હતો. જેમાં સૌ કોઈ ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયા હતા. સંસ્કૃત સંભાષણ નો મુખ્ય હેતુ એ હતો કે વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય પ્રત્યે જાગૃત રહે તેમજ સરળતાથી શીખી શકે. તે માટે ડૉ. કોમલબેન દ્વારા સંસ્કૃત સંભાષણ નાં વર્ગથી ખુબજ સરળતાથી તેમજ PPT નાં માધ્યમથી સરસ રીતે શીખવાડવામાં આવ્યું હતું.



દરરોજ સંસ્કૃત સંભાષણ વર્ગ શરૂ કરતા પેહલા ઓનલાઈન માધ્યમ વડે શ્લોક ગાન કરવામાં આવતું હતું . ત્યારબાદ આ વર્ગ ની શરૂઆત કરવામાં આવતી હતી .

**पठामि संस्कृतम् नित्यं**
**वदामि संस्कृत सदा।**
**ध्यायामि संस्कृत सम्यक्**
**वन्दे संस्कृतमातरम्।।**




આ વર્ગ માં અમને સંસ્કૃત માં પરિચય આપતા શીખવ્યું , ત્યારબાદ નજીક તેમજ દૂર ની વસ્તુ ને સંસ્કૃત માં શું કહેવાય તે સમજાવ્યું , ત્યારબાદ વિવિધ ચિત્રો બતાવી તેની સંસ્કૃતમાં ઓળખ કરાવવામાં આવી , ત્યારબાદ સંસ્કૃત માં સમય તેમજ સંખ્યા સમજાવામાં આવી હતી , ત્યારબાદ એકવચન , દ્વિવચન તેમજ બહુવચન સંસ્કૃત માં સમજાવવામાં આવ્યું હતું.

આ વર્ગ થી સૌ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા સરળતાથી સમજાય શકે છે. આ વર્ગ પૂર્ણ કરતા પેહલા વ્યાસ ઋષિકેશ તથા આયડી સુનિલ દ્વારા શ્લોક બોલી ડૉ. કોમલબેન ભટ્ટ ની આભાર વિધિ કરવામાં આવી હતી . અને આ વર્ગ ને અહીં પૂર્ણ કરવામાં આવ્યો હતો . આ વર્ગ પૂર્ણ થયા બાદ સૌ વિદ્યાર્થીઓને સંસ્કૃત સંભાષણ વર્ગ નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.


दरबार गोपालदास शिक्षण महाविद्यालयः, अलियाबाड़ा
द्वारा आयोजितः
संस्कृत-सम्भाषण-वर्गः
प्रमाणपत्रम्

इदमत्र प्रमाणीक्रियते यत् दरबार गोपालदास शिक्षण महाविद्यालयः, अलियाबाड़ा द्वारा आयोजिते २६/०३/२०२४ तः ०१/०४/२०२४ पर्यन्तम् संस्कृत संभाषण वर्ग इत्यस्मिन् कार्यक्रमे श्रीमान्/श्रीमती/कुमार/कुमारी Dr.Nidhi Agravat सोत्साहं भागं गृहीत्वा एतस्य/एतस्याः संस्कृतप्रीतिं सोत्साहं भूरिशः अभिनन्दामः ।

संयोजिका | विशेषज्ञा | प्राचार्या

**जयतु जयतु संस्कृतम् ।**

**जयतु जयतु भारतम् ।।**

# સંદર્ભ

https://youtu.be/pQ4KMQfzf7U?si=COJKYWAvscNdvDI0

# પ્રસ્તુત કર્તા



ગૌસ્વામી વિશ્વા

# માર્ગદર્શક

## ડૉ.નિધીબેન અગ્રાવત

# ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાન માળા મણકો ૯

તારીખ 4/04/2024 ના રોજ સવારે 09.30 વાગ્યે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા દ્વારા આયોજિત ‘ શિક્ષણ એ જે મનુષ્ય બનાવે’ એ વિચાર બિંદુ પર ષષ્ઠીપૂર્તિ વ્યાખ્યાન માળાના નવમા મણકાના ભાગરૂપે શ્રી મનસુખભાઈ સલ્લાની મુખ્ય ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને ગાંધીવાદી વિચારધારા ધરાવતી આપણા સૌની જાણીતી સંસ્થા એવી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં અતિથિગણનું કુમકુમ તિલક કરી પૂજા કરી હતી. **“રસમ અહીંની જુદી,ને છે રિવાજોયે નોંખા…અમારે મન તો**





**કેવળ શબ્દો જ કંકુ ને ચોખા”. - સ્વ.કવિ.મનોજ ખંડેરિયા.**આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ એવા મનસુખભાઈ સલ્લા, ટ્રસ્ટીશ્રી આશર સાહેબ, આચાર્યશ્રી ડૉ.રૂપલબેન માંકડ, ડૉ.આશાબેન પટેલ, ડૉ.પ્રશાંત. કે. ચૌહાણ, ડો. જીજ્ઞેશ એચ. લીંબાચિયા, ડૉ.નિધીબેન અગ્રાવત તેમજ હેતાબેન પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું તથા સમગ્ર અધ્યાપક અને

પ્રથમ અને દ્વિતીય વર્ષના સૌ તાલીમાર્થી મિત્રોએ કાર્યક્રમ અયોજનમાં હાજરી આપી હતી.

**"પ્રાર્થના શબ્દોથી નહીં પણ દિલથી હોવી જોઈએ,**

**કેમકે ઈશ્વર એનું પણ સાંભળે છે , જે બોલી નથી શકતા."**




અંતરનો ઉજાસ મેળવવા માટે સર્વ ધર્મ પ્રાર્થનાથી શુભ શરૂઆત બાદ જેમ નૌકાને આગળ વધારવા માટે કોઈ સુકાનીની જરૂર હોય છે, એવી જ રીતે કાર્યક્રમને આગળ વધારવાના ભાગ રૂપે સંચાલક તરીકે ભુંડિયા નિધીબેને ભૂમિકા નિભાવી હતી



શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના ટ્રસ્ટી આશર સાહેબ દ્વારા સુતરની આંટી વડે મનસુખભાઈ. સલ્લા સાહેબનું સન્માન કરવામાં આવ્યું હતુ.

તેમજ સંસ્થાના આચાર્ય શ્રી. ડૉ. રૂપલબેન માંકડ દ્વારા કાર્યક્રમની રૂપરેખા તેમજ આવકાર આપ્યો હતો. જેમાં પ્રખર કેળવણીકાર એવા મનસુખભાઈ સલ્લા. જેમનો જન્મ અમરેલીના સાવરકુંડલામાં થયો હતો.તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં M.A પ્રથમ વર્ગ સાથે કર્યું. આ સિવાય દિલ્હી સાહિત્ય અકાદમી, અચલા ફાઉન્ડેશન , દર્શક સાહિત્ય સન્માન વગેરે જેવું જીવતર જગતનું ભાથુ મેળવ્યું છે.





આ ઉપરાંત તેમણે વિનોબા ભાવેના ગીતા અને આધ્યાત્મવાદના પ્રકૃતિ અને વિકૃતિની અને સંસ્કૃતિની ખુબ સરસ રજૂઆત કરી હતી. કે



"જે માણસ ભૂખ લાગતા ખાય એ પ્રકૃતિ છે, પણ જેને ભૂખ નથી લાગી છતાં તે ખાય એ વિકૃતિ છે."

**"બારણે ભિખારી આવ્યો હોય અને પોતે ભૂખ્યો હોવા છતાં તેને આપે તે સંસ્કૃતિ, બીજાને જમાડીને જમે તે સંસ્કૃતિ."**



તાલીમએ કેળવણી નથી. જેની તેમણે ઇવ અને આદમની ઐતિહાસિક કથા વાર્તા સાથે કેળવણીની વાત વણી લીધી હતી. આ સિવાય તેઓ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત તેમણે પોતાના વક્તવ્યમાં રજૂ કરી હતી.

તેઓએ વાત દર્શાવતા બલિરાજાની વાર્તા કથા એ સાથે સાથે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભગવાન ગૌતમ બુદ્ધને પણ પોતાની વાતમાં સાંકળી લીધા હતા. તેઓ વર્તમાનમાં થયેલા યુક્રેન અને રશિયાના યુદ્ધના વિશે આગળ વાત કરતા કહે છે કે ***"નવા યુગનો દેહ શસ્ત્રથી નહીં પણ કરૂણાથી જીતી શકાય છે".***

**"યુદ્ધ નહીં પરંતુ બુદ્ધ તરફ જવાનો રસ્તો એટલે ઘડતર."**

શિક્ષક એ એક શિલ્પીનું કામ કરે છે કેમ શિલ્પી બિનજરૂરી પથ્થર દૂર કરી મૂર્તિને આકર્ષક બનાવે છે એમ શિક્ષક વિદ્યાર્થીના દુર્ગુણ દૂર કરી અને તેમને બાળકમાંથી વિદ્યાર્થી બનાવે છે.

તેઓ પોતાનું વક્તવ્ય રજૂ કરતા વિનોબા ભાવેજીનું નિવેદન દ્રષ્ટાંત સ્વરૂપે આપતા કહે છે કે, **સ્વાદ જીભમાં હોય છે, આંતરડામાં નહીં.**

તેમને પૂજ્ય માતાજીની વાત કરતા કહ્યું કે "તમને તમારી પથારી જે સુવાડે છે, રક્ષણ આપે છે, તમે તેને સવાર પડ્યે પાટું મારો છો, ને આગળ જતાં તેમણે માણસની વ્યાખ્યા આપી કે "જે બીજાને માટે સંવેદશીલ છે, બુદ્ધિનુ પૃથ્થકરણ કરે છે તે માણસ."




જ્ઞાન એ વિકાસની પાંચસ્તરીય વિભાવનાને ધ્યાનમાં રાખી આપવામાં આવતું હતું. જેમાં અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, જ્ઞાનમય કોષ, આનંદમય કોષ વગેરે વિશે ખૂબ રસપ્રદ માહિતી આપી હતી, મહર્ષિ શ્રી અરવિંદની વાતનો ઉલ્લેખ કરતાં કહે છે કે " આપણામાંથી ઓછા પ્રાણમય કોષ સુધી પહોંચ્યા છે, ને 2032 મનુષ્ય જાતમાં નવો વળાંક આવી મનોમય (બુધ્ધિ) નો સમય આવશે.

"બધા જ પ્રકારના બંધનોમાંથી મુક્ત થવું તે આનંદ."

જેમ ઉગે તે આથમે એ નિયમ અનુસાર આ કાર્યક્રમની સફળતા પૂર્વક ઉજવણી કરવા માટે અતિથિ વિશેષ તેમજ કોલેજના આચાર્ય અને અધ્યાપકો તથા પ્રથમ અને દ્વિતિય વર્ષના તમામ તાલીમાર્થી મિત્રો જોડાયા હતાં ત્યારબાદ આભાર દર્શન રૂપાબેન ઓડેદરા દ્વારા કરવામાં આવ્યુ હતું.





## સંદર્ભ

https://youtu.be/s1tJONIbPO4?si=xVcTE4inrnOcfrjt

## પ્રસ્તુત કર્તા




ભાવેશ ધીરજલાલ

## માર્ગદર્શક

ડૉ. આશાબેન પટેલ

# કલાપ્રતિભા સન્માનોત્સવ

શ્રી દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય , અલિયાબાળામાં ષષ્ઠી પૂર્તિ વ્યાખ્યાન માળા અંતર્ગત ગુજરાત કેળવણી પરિષદનાં અધ્યક્ષ શ્રી મનસુખભાઈ સલ્લાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું સાથોસાથ સંસ્થામાં સૌ પ્રથમ વખત વિદ્યાર્થીની કલાને પ્રોત્સાહિત કરવા ચિત્ર પ્રદર્શન સહ વેચાણનું આયોજન તારીખ ૪ એપ્રિલનાં રોજ ડૉ. રૂપલ બેન માંકડનાં માર્ગદર્શન હેઠળ આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાનાં આચાર્ય શ્રી, ટ્રસ્ટી શ્રી આશર સાહેબ, સંસ્થાનાં અધ્યાપક ડૉ. આશાબેન, ડૉ. જીગ્નેશભાઈ , ડૉ. પ્રશાંત ભાઈ, ડૉ.નિધીબેન તથા નવ નિયુક્ત અધ્યાપક હેતાબેન હાજર રહ્યાં હતાં. આ તકે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત કેળવણી પરિષદનાં અધ્યક્ષ શ્રી મનસુખભાઈ સલ્લા રહ્યાં હતા. સવારે ૧૦ વાગ્યે પ્રદર્શનનું ઉદ્દઘાટન મુખ્ય મહેમાન શ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. ચિત્રકાર તાલીમાર્થી હર્ષાબેન દ્વારા પોતાનાં ચિત્રોની વિવિધ બાબતોની છણાવટ સાથે તમામે પ્રદર્શન નિહાળ્યું હતું. ઉપરાંત , તમામે તાલીમાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતાં. ષષ્ટીપૂર્તિ વ્યાખ્યાન માળા



















અંતર્ગત શ્રી મનસુખભાઈ સલ્લાનું વ્યાખ્યાન પણ આ તકે યોજવામાં આવેલું હોવાથી સૌ તાલીમાર્થીઓ પ્રાથના ખંડમાં પહોચ્યા.તેમણે માનવનાં આગવા ગુણો અને તેની કેળવણી કઈ રીતે થાય તે અંગે ખૂબ ઉચિત અને સહજ ઉદાહરણો સાથે વાત કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષના તાલીમાર્થી નિધીબેન ભૂંડીયા દ્વારા આગવી ભાષા શૈલીમાં કરવામાં આવ્યું હતું.આ તકે સંસ્થાના આચાર્યા ડૉ. રૂપલબેન માંકડે સંસ્થા પરિચય અને મહેમાનોનો પરિચય અને આવકાર આપ્યા. સમગ્ર મહાવિદ્યાલયની ટીમ કાર્યક્રમ સફળ બનાવવા માટે અભિનંદનને પાત્ર છે.

## સંદર્ભ

https://youtu.be/s1tJONIbPO4?si=q57Bjk2NRNCND2-Z

## પ્રસ્તુત કર્તા



હર્ષા ચૌહાણ

## માર્ગદર્શક

ડૉ. રૂપલબેન માંકડ

# પ્રતિભા સન્માનોત્સવ

તેજસ્વી તપ ના પોખણું " અંતર્ગત સંસ્થા માં જે તાલીમાર્થીઓ દ્વારા વિભિન્ન ક્ષેત્રો માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવ્યું જે માટે તેઓને યાદગારી સ્વરૂપે સંસ્થા દ્વારા ઇનામ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા, આ કાર્યક્રમ કોલેજ ખાતે 8/ 04/ 2024 ના રોજ યોજવામાં આવ્યું હતો.

સૌપ્રથમ બધા જ અધ્યાપકો અને તાલીમાર્થીઓ તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સર્વ ધર્મ પ્રાર્થના કરી અને કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ઈસ્માઈલભાઈ બાદી તેમજ કોલેજના આચાર્ય ડૉ. રૂપલબેન માકડ તથા સ્ટાફ પરિવાર ડૉ.આશાબેન પટેલ ડૉ. પ્રશાંતભાઈ ચૌહાણ, ડૉ.જીગ્નેશભાઈ લીમ્બાચીયા તથા હેતાબેન પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને આગળ વધાવ્યો હતો.















આચાર્ય શ્રી રૂપલબેન માકડ દ્વારા અતિથિશ્રી નો પરિચય આપવામાં આવ્યો અને ભૂતપૂર્વ તાલીમાર્થીઓ માટે આશીવચન સ્વરૂપે ભવિષ્ય માટેની સીખ પણ આપવામાં આવી ત્યારબાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના સંસ્થા પ્રત્યે ના અનુભવો કહેવામાં આવ્યાં.








દ્વિતીય વર્ષની તાલીમાર્થી વાળા રિતુબા એ ખુબજ સરસ રીતે સંચાલન કર્યું.

ડૉ. જીગ્નેશ લિંબાચિયા દ્વારા સંપૂર્ણ આયોજન કરાવવામાં આવ્યું હતું , તેમણે સંપૂર્ણ આયોજનની રૂપ રેખા જણાવી ભૂતપૂર્વ તાલીમાર્થીઓને યોગ્યતા મુજબના ઇનામોની માહિતી આપી. ત્યારબાદ તાલીમાર્થીઓને યોગ્યતા મુજબ રોકડ ઇનામ અને શીલ્ડ આપવામાં આવ્યા, જે નીચે મુજબ છે.



| ક્રમ | તાલીમાર્થીનું નામ | પુરસ્કાર ની વિગત | પુરસ્કાર ની વિગત | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|
| 1 | ચુડાસમા મયુર રાજશી ભાઈ | કોલેજ કક્ષાએ પ્રથમ | 5000/- | શ્રી ડોલરભાઈ માકડ પરિવાર |
| 2 | મધુડીયા રાધિકા ગિરેન્દ્રભાઈ | કોલેજ કક્ષાએ દ્વિતીય | 2500/- | શ્રી ડોલર ભાઈ માકડ પરિવાર |
| 3 | ચોયા નિકિતા દિનેશભાઈ | કોલેજ કક્ષાએ તૃતીય | 1500/- | અનિલભાઈ દ્વિવેદી |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | ભાદરકા ક્રિષ્ના વિજુભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | ડૉ.ઝવેરીલાલ ચાવડા |
| 5 | ચોયા નિકિતા દિનેશભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | શ્રી મેઘલબેન શેઠ |
| 6 | ચુડાસમા મયુર રાયસી ભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | શ્રી આદર્શ બેન શર્મા |
| 7 | સોલંકી ભૌતિક પંકજભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | શ્રી હેમાંશુભાઈ અજાબીયા |
| 8 | જાની વ્યોમેશ હરેશભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | ડો.મીનાક્ષીબેન દીક્ષિત |
| 9 | જાદવ ભાવિકા ભવાનભાઈ | વિષય પદ્ધતિ પ્રથમ | 1500/- | શ્રી જીતુભાઈ છીછીઆ |
| 10 | સોમૈયા જીલ નિલેશભાઈ | બહુમુખી પ્રતિભા માં પ્રથમ | 2500/- | ડો. જનકભાઈ એલ મકવાણા |
| 11 | નાથાણી પાર્થ નરેશભાઈ | બહુમુખી પ્રતિભા માં પ્રથમ | 2500/- | ડો. જનકભાઈ એલ મકવાણા |
| 12 | ઠાકર તેજશ્રી કેતનભાઇ | પ્રાયોગિક પાઠમાં પ્રથમ | 1500/- | શ્રી દિલીપભાઈ આસર |
| 13 | ચોયા નિકિતા દિનેશભાઈ | સ્પર્ધા કક્ષા પ્રથમ | 1500/- | ડો. પ્રણવભાઈ વેદ |
| 14 | લુણસિયા રોશની વિનોદભાઈ | શિષ્યવૃત્તિ પ્રથમ | 2500/- | શ્રી રોહિણીબેન જાની |
| 15 | પોકડ નેન્સી બચુભાઈ | શિષ્યવૃત્તિ દ્વિતીય | 2500/- | શ્રી રોહિણીબેન જાની |
| 16 | દવે પાર્થ કુમાર જીતેન્દ્રભાઈ | અભ્યાસ રોજગારી પ્રથમ | 1500/- | શ્રી મોહન સિંહ જાડેજા |
| 17 | ચૌહાણ ઈશાની બા | GSET, CTET, TAT-2, TET-2 | 2500/- | સંજયભાઈ જાની |
| 18 | સોમૈયા જીલ નિલેશભાઈ | CTET, TAT, GATE | 2500/- | સંજયભાઈ જાની |
| 19 | સોલંકી ભૌતિક પંકજભાઈ | રાજ્ય કક્ષાએ ઇનોવેશન પ્રથમ | 1250/- | મમતાબેન દાવડા |
| 20 | દવે ખુશાલી વદન કુમાર | રાજ્ય કક્ષાએ ઇનોવેશન | 1250/- | મમતાબેન દાવડા |
| 21 | મજેઠીયા સુહાની હરીશભાઈ | આર્થિક સહાય | 5000/- | ડૉ.મીનાક્ષીબેન દીક્ષિત |

ત્યાર બાદ ઈસ્માઈલભાઈ જે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહ્યા છે તેમણે કોલેજના અનુભવો રજૂ કર્યા.























# સંદર્ભ

https://youtube.com/watch?v=VXK1P3k0kdA&si=WB650VKYoor9cnrk

# પ્રસ્તુત કર્તા



શિહોરા મુકેશ

# માર્ગદર્શક

## ડો. જિજ્ઞેશભાઈ લિંબાચિયા

## અલીયાબાડા કોલેજમાં ષષ્ટિપૂર્તિ વર્ષ



જામનગર તા.૨૦ : દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય બી.એડ કોલેજ અલીયાબાડા ખાતે સંસ્થાના ષષ્ટિપુર્તિ વર્ષ ઉજવણી અંતર્ગત બે કાર્યક્રમ યોજાયા. પ્રથમ સત્રમાં વ્યાખ્યાન માળા અંતર્ગત સાતમા મણકાનું આયોજન થયુ. જેમાં રાજકોટ રામકૃષ્ણ મિશનમાંથી સ્વામી શ્રી વેદનિષ્ઠાનંદજીનું વકતવ્ય યોજાયુ. સ્વામીશ્રીએ આજના શિક્ષણ પર વિવેકાનંદજીના વિચારોનો પ્રભાવ એ વિશે વિવિધ ઉદાહરણો સાથે સરળ શૈલીમા વિદ્યાર્થીને સંબોધ્યા. તેમણે આજના શિક્ષક પાસે શું અપેક્ષીત છે અને કેવું વ્યકિતત્વ શિક્ષકે બનાવવું જોઈએ તે અંગે વિવેકાનંદજીના શિક્ષણ વિચારોના સંદર્ભે પોતાની વાત રજૂ કરી. સંસ્થાના આચાર્ય ડો. રૂપલબેન માંકડે સમગ્ર કાર્યક્રમની ભુમિકા આવકાર અને સંસ્થાના હેતુઓ વિશે વાત કરી તો સંસ્થાના ટ્રસ્ટીશ્રી આશરએ સ્વામીજીનો પરિચય તેમજ પ્રાસંગીક વાત મુકી સંચાલન દ્વિતીય વર્ષની વિદ્યાર્થીની દિપ્તીબેન ચૌહાણ દ્વારા તેમજ આજનો દ્વિતીય ઉપક્રમ સ્વામી વિવેકાનંદજીના જીવન અંગેના પ્રદર્શનનો હતો. વિવિધ ૪૦ જેટલા ચાર્ટ દ્વારા નાના નાના જીવન પ્રસંગો અને તેનું સચિત્ર દર્શન તૈયાર કરવામાં આવ્યુ. સાથે કેટલાક પુસ્તકો પણ મુકાયા અને ખરા અર્થમાં પ્રદર્શન શૈક્ષણિક સાબીત થયુ.

મહા વિદ્યાલયના વિદ્યાર્થીઓની જહેમતથી રંગોળી, સુશોભન, બ્લેકબોર્ડ પર સુંદર ચિત્રો બહાર લોબીની ભીંત પર વિવિધ સ્વનિર્મિત ચાર્ટસ અને વિવેકાનંદજીના સુવિચારોના માધ્યમે મહાવિદ્યાલય પરિસર જીવંત બન્યુ. આશરે ૫૦૦ જેટલા સંસ્થાના વિદ્યાર્થીઓ અને ગામની અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પ્રદર્શન નિહાળ્યુ. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પ્રદર્શન નિહાળ્યુ પુસ્તકોની સાથે સ્વામી વિવેકાનંદજીના પુસ્તકોનો સ્ટોલ પણ રાખવામાં આવ્યો. પ્રદર્શનનો સમગ્ર કાર્યભાર મહાવિદ્યાલયનાં સિનિયર અધ્યાપક ડો.આશાબેન પટેલે સંભાળ્યો. વિદ્યાર્થીઓ સાથે મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ આયોજનમાં જોડાયા. આમ જાણે મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પુર્ણત્વની પ્રાપ્તી અર્થે આરાધના માંડી હોય તેવું વાતવારણ સર્જાયું. (૭.૨૯)

તા. 20/7/202

ગુરુવાર

## જામનગરનાં અલિયાબાડાના દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં વ્યાખ્યાન



ધ્રોલ : દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં ડો. રંજના રીશ જેઓ જાણીતા નારીવાદી ચિંતક અને લેખિકા છે. તેમનું વ્યાખ્યાન યોજાઈ ગયુ. ાંપ્રત સમયમાં નારીવાદ એટલો જ પ્રસ્તુત છે પણ તેની સંકલ્પના બદલાઈ છે. હવે હેનો એ કોહમ ? નો વિચાર કરવાનું શરૂ કર્યુ છે. ત્યારે પુરૂષ સમકક્ષ થવાની કે પુરૂષ વિરોધી મનોવૃતિ એ નારીવાદ નથી તે સમજવુ રહયુ. પોતાની ભુમિકાના સ્વીકાર સાથે પોતાનું આકાશ શોધવાની જે નથી કરી શકતી તે બહેનોને મદદ કરવી તે સ્વસ્થ નારીવાદ છે તેમ તેમણે જણાવ્યું. આ વ્યાખ્યાનમાં ટ્રસ્ટી શ્રી આશર સાહેબ તેમજ વિવિધ વિભાગના વડાઓએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ઝોરા મીમાસા બહેને કર્યુ. તેમજ આભાર દર્શન ડો. પ્રશાંતભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર આયોજન આચાર્ય ડો.રૂપલબેન માંકડ અને ટીમની ભાગીદારીથી સંપન્ન થયુ હતુ. (તસ્વીર : અહેવાલ : હસમુખરાય કંસારા - ધ્રોલ) (૭.૩૩)

## અલીયાબાડા બીએડ કોલેજમાં શિક્ષકોની કાર્યશાળા




જામનગર તા. ૧૧: તાજેતરમાં દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં રામલાલભાઈ પરીખ દ્વારા સ્થપાયેલ ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અમદાવાદ દ્વારા એનો ઈ.પી. ૨૦૨૦ અંતર્ગત શિક્ષકોની કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે રાજેન્દ્રભાઈ ચોટલીયાએ નવી શિક્ષણ નીતિના અમલીકરણમાં શિક્ષકોની ભૂમિકા શું હશે ? અને શિક્ષકો પાસે શું અપેક્ષા છે તે અંગે સહુને સજ્જ કર્યા હતાં.

આ કાર્યશાળા દરમિયાન શિક્ષકોને પણ વિવિધ જૂથોમાં વિભાજિત કરી અને ચર્ચા અને ચિંતન દ્વારા વિવિધ મુદ્દાઓ પર નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો. આ તકે ભારતીય શિક્ષણ સમુદાયના સૂત્રધારો દિપેશભાઈ બક્ષી તેમજ વિમલાબેન, સંસ્થાના ટ્રસ્ટી આશરભાઈ તેમજ મહા વિદ્યાલયના આચાર્ય ડો. રૂપલબેન માંકડે પણ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિવિધ શાળાઓના ૫૦ શિક્ષક તેમજ બીએડ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### શ્રી એમ.ડી. મહેતા લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલમાં વિજ્ઞાન અધ્યાપક ડૉ.આશાબેન એમ.પટેલનું વ્યાખ્યાન

## ધ્રોલના જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં શિક્ષક તાલીમી કાર્યશાળા



તાલીમી કાર્યશાળાનું દીપ પ્રાગટ્ય કરાયું. (હસમુખભાઈ કંસારા)

ધ્રોલ: અહીંના એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ડી.ઈ.ઓ.કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કચેરી જામનગરનાં સંયુક્ત ઉપક્રમે જામનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં શિક્ષકો માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત મુખ્ય વિષય આરોગ્ય અને સુખાકારી માટે ઇકો સિસ્ટમની સમજણ અંતર્ગત પાંચે સંબંધી થીમ પર તક્નીકી નવીનીકરણ પર શિક્ષક કાર્યશાળાનું આયોજન કરાયું.

સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા, જામનગર જિલ્લાના એવેલ્યુટર ડૉ.આશાબેન પટેલ તેમજ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ.સંજયભાઈ પંડ્યા,તાલીમમાં આવેલ શિક્ષકો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું.

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેનું મહત્વ તેમજ આ વર્ષની મુખ્ય થીમ વિશે ડૉ.સંજયભાઈ પંડ્યા દ્વારા માર્ગદર્શન અપાયું, તમામ થીમ વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઉંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી. થીમ મુજબ પ્રોજેક્ટ ક્યાં પ્રકારના પ્રોજેક્ટ પસંદ કરવા?, પ્રોજેક્ટ દરમિયાન ક્યાં પ્રકારની બાબતોને ધ્યાનમાં લેવી? વગેરે જેવા મુદ્દાઓ પર માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ તજજ્ઞશ્રી ડૉ.આશાબેન પટેલ દ્વારા પ્રોજેક્ટ રીપોર્ટ કેમ તૈયાર કરવો ?, લેખિત ચાર્ટ કઈ રીતે તૈયાર કરવા ?, આવરી લેવા માટે ક્યા પ્રકારના મુદ્દાઓ પર શિક્ષકોને વગેરે જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્યક્રમના અંતમાં તજજ્ઞો દ્વારા શિક્ષકોને ઉદભવતી સમસ્યા-પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું, પ્રશ્નો આધારિત પ્રોજેક્ટના ટાઇટલ પર ચર્ચા કરાઈ. આ શિક્ષક તાલીમમાં જામનગર જિલ્લાના ૭૨ જેટલા શાળાના શિક્ષકો સામેલ થયા, તમામ શિક્ષકોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા. જિલ્લાની વધુમાં વધુ શાળાઓ તેમજ વધુમાં વધુ બાળકો આ લઘુસંશોધનમાં સામેલ થાય એવો અનુરોધ સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા તેમજ સેક્રેટરી સુધાબેન ખંઢેરિયા દ્વારા કરાયો.

# શ્રી એમ.ડી.મહેતા લોક વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલમાં ડૉ.આશાબેન એમ. પટેલ વિજ્ઞાન અધ્યાપકનું જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં નિર્ણાયકની ભૂમિકા

લોકવાત

સોમવાર તા.૨૫-૦૯-૨૦૨૩

૬

## ધ્રોલ એમ.ડી.મહેતા ખાતે જિલ્લાકક્ષાનો રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૩ કાર્યક્રમ યોજાયો



### જામનગર જિલ્લામાંથી ૪૫૦૩ પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન થયેલ, તેમાંથી જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ ૨૫૨ પ્રોજેક્ટ રજૂ થયા.....

## અલિયાબાડાની મહા વિદ્યાલય ના 45 વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ આપ્યુ



**વાત્સલ્યમ્ સમાચાર**
**હર્ષલ ખંધેડિયા :- જામનગર**

ગુજરાત સરકારની યોજના અંતર્ગત મેગા જોબ પ્લેસમેન્ટ ફેર નું આયોજન જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું. જેમાં જામનગરના અલિયાબાડા માં દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયના સેમ. 4 નાં 45 તાલીમાર્થીઓ હાજર રહીને જિલ્લાની વિવિધ 22 શાળાઓમાંથી આવેલ ઈન્ટરવ્યૂ કમિટી સામે ઈન્ટરવ્યૂ આપ્યા.આ તકે ઝોન ની નોડલ કોલેજ ડી.કે.વી. કોમર્સ કોલેજના આચાર્ય તેમજ જામનગરની વિવિધ કોલેજના આચાર્યશ્રી જોડાયા. ડો. રૂપલબેન માંકડ તેમજ અન્ય આચાર્યો એ શાળાઓ ની મુલાકાત લીધી. સમગ્ર જિલ્લામાં સુંદર કામગીરી માટે મહાવિદ્યાલય નાં પ્લેસમેન્ટ ઓફિસર ને બિરદાવવામાં આવ્યા આ તકે સંસ્થા પણ તેમને શ્રેષ્ઠ કામગીરી માટે અભિનંદન પાઠવે છે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.જીજ્ઞેશ લીંબચાયાએ કરેલ હતું.

## અલિયાબાડા : સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું સારું પરિણામ



રાજકોટ, તા.૨૬: દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું ખૂબ જ સારું પરિણામ આવ્યું હતું. સંસ્કૃત ભારતીય ગુજરાત પ્રેરીત સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું ખૂબ જ સારું પરિણામ આવ્યું હતું.

સંસ્કૃત ભારતીય ગુજરાત પ્રેરીત સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું પરિણામ આવ્યું. જેમાં કુલ ૬૫ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫૬ વિદ્યાર્થીએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી તેમજ ૬ વિદ્યાર્થી પ્રથમ કક્ષાએ અને એક વિદ્યાર્થી દ્વિતીય કક્ષા પ્રાપ્ત કરી હતી. સમગ્ર પરીક્ષાનું સંચાલન આચાર્ય ડો.રૂપલબેન માંકડનાં માર્ગદર્શન હેઠળ સંસ્થાના સંસ્કૃતનાં અધ્યાપિકા ડો.નિધિબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં એક દિવસીય માનસિક સ્વાસ્થ્ય કાર્યશાળા



રાજકોટ, તા.૨૭: દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડામાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલકત્તાથી આવેલ Resource person NCERT સુમિત દત્તાએ મેન્ટલ હેલ્થ પર વર્કશોપ કર્યો હતો. જે અત્યારના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્વનો વિષય બની રહ્યો છે. તેમને વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી અને ચર્ચા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી આસર તેમજ આચાર્ય ડો.રૂપલબેન માંકડ ઉપસ્થિત રહ્યાં હતાં.

## અલિયાબાડાની મહાવિદ્યાલય યુવા મતદાર જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો



**વાત્સલ્યમ્ સમાચાર**
**હર્ષલ ખંધેડિયા :- જામનગર**

વ્યાખ્યાન ખંડમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીને પ્રોજેક્ટર દ્વારા અવસરથી વિડીયો,એથીકલ વોટિંગ,સર્ચ યોર નેમ ફિલ્મ, હું ભારત છું - સોંગ, વોટિંગ પ્રોસેસ - ફિલ્મ વગેરે નિહાળવામાં આવી.મહાશાળાના આચાર્ય ડૉ.રૂપલબેન માંકડ દ્વારા મતદાન મથકે મોબાઈલ પ્રતિબંધિત તેમજ મતદાન માટે ઓળખના વૈકલ્પિક પુરાવા તરીકે આધાર કાર્ડ ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે વિશે માહિતી આપવામાં આવી.નોડલ ઓફિસર ડો. આશાબેન એમ પટેલ દ્વારા સહપરિવારતાની અગત્યતા અને એથીકલ વોટિંગ સમજાવવામાં આવી તેમજ પ્રત્યેક મતનું મહત્વ નાગરિક તરીકે લોકશાહીમાં સમજાવવામાં આવ્યું. પ્રથમ વર્ષના તાલીમાર્થી જાની આયુષી વોટર હેલ્પલાઈન નંબર 11001 તેમજ આચાર સંહિતાના લાગુ થયા બાદ જો કોઈ વ્યક્તિ દ્વારા તેનો વિરોધ થાય તે માટે c-vigil ,kys , votter turn out app વગેરે વિશે માહિતીઆપવામાંઆવી. કેમ્પસ એમ્બેસેડર દ્વારા CEO ની વેબસાઈટ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બાબતે માહિતી આપી તેમજ તે વેબસાઈટના કાર્યોવિષેસમજણઆપી. દ્વિતીય વર્ષના તલીમાર્થી દતાણી ધારબેન દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી જેમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીએ ઉત્સાહભેરરસકેળવ્યો. કાર્યક્રમના સમાપનમાં નોડલ ઓફિસર ડો. આશાબેન એમ પટેલ તેમજ તમામ પ્રધ્યાપક અને આચાર્ય ડો રૂપલબેન માંકડ, પ્રાધ્યાપક ડો પ્રશાંતભાઈ ચૌહાણ ,ડો જીગ્નેશભાઈ લિંબાચિયા , ડો નિધિ બેન અગ્રાવત તેમજ શ્રી હેતાબેનની ઉપસ્થિતિમાં પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થી પાસે મતદાન શપથ લેવડાવવામાંઆવ્યો.


## અલીઆબાડાની સંસ્થામાં મનસુખ સલ્લાનું વ્યાખ્યાન

અલીઆબાડા: દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ષષ્ટિપૂર્તિ વ્યાખ્યાન માળા અંતર્ગત કેળવણીકાર મનસુખભાઈ સલ્લાનું વ્યાખ્યાન યોજાયું.તેમણે શિક્ષણ એ જે મનુષ્ય બનાવે વિષય પર રજૂઆત કરી. તેમને માનવીના આગવા ગુણો અને કેળવણી કઈ રીતે થાય તે અંગે સહજ ઉદાહરણો સાથે વાત કરી. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડો. રૂપલબેન માકડના માર્ગદર્શન હેઠળ યોજાયો. ટ્રસ્ટી આશરભાઈ ઉપસ્થિત હતા.

## અલીઆબાડામાં સંસ્કૃત સંભાષણ વર્ગ

અલીઆબાડા: દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ઓનલાઇન સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તજજ્ઞ તરીકે સંસ્કૃત વિભાગના અધ્યક્ષા વિનય અને વાણિજ્ય કોલેજ જાદરના ડો.કોમલબેન ભટ્ટ દ્વારા વર્ગ કાર્ય સંચાલન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડો. રૂપલબેન માકડના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત અધ્યાપિકા ડો. નિધિબેન દ્વારા યોજાયો.


# સંસ્થા મુલાકાત પ્રતીભાવ



Date 14/07/23

Value-based education is the need of the modern times. Teachers are the strongest sectio of the society to address this need. D.G.S.M, Aliavada is serving very dedicatedly for this cause for the last sixty years. My prayers to Swami Vivekananda to shower his blessings on everyone connected with the institution.

Swami Vedanishthananda
Sri Ramakrishna Ashrama
Rajkot 14/7/23.




ડૉ. ગગાની તપોભૂમિ - દરબાર ગોપાળદાસ શિક્ષણ ભવન વિદ્યાલય (જેમાં ડૉ. જુ. વિદ્યાલય) - જ્યાં મને ચિત્રના ઉમાશંકર જોષી - જેમ પંક્તિ નિમિત્ત 'વાત' ફરમાવ્યું આજે મળ્યું અને શ્રી પાક્કુ વિદ્યાર્થીઓની જેવું અને ડૉ. રૂપાબેનના વ્યાખ્યાનનો લાભ મળ્યો. ડૉ. ગગાની તપોભૂમિના સંસ્કાર પણ અને મન અનુભૂત થયો।

વારે વાર આવો કે —

મને ફરી આવશે કે —

(પંડ્યા પીયુષ)
21-7-2023




25/8/2023

Visiting Gangajala Campus & lecturing at the education college has been a very pleasant experience. This is the rare place — a 'tapobhumi' chosen & founded by late Shree Dolarrai Mankad — a lofty personality.

May this institution continue with their value based culture in the times to come.

Thanks a lot. Good luck!
Congratulations!!


Ranjana Harish
(Dr. Ranjana Harish)
Former HOD, Dept. of English
School of Languages
Gujarat University
Ahmedabad.



Date 30-12-23

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા ખાતે ભારતીય સમુદાય શિક્ષક સંઘ દ્વારા આયોજીત કાર્યક્રમ માં આવવાનું થયું. સંઘ અને આવાભાવિત ત્રિપુટી ની યાદ આવી સ્વ. ઉછરંગરાય સ્વ. ગોપાળદાસ સાહેબ, સ્વ. ડો. ડાડા. તેમની તપોભૂમિ. વિદ્યાલય નો સ્ટાફ-પરિવાર ત્રિપુટી ના સંસ્કારોનું સિંચન કરે છે, ... વ્યક્તિ ... સ્વ. ઉછરંગરાય સેવા સંઘ ટ્રસ્ટ સાથે અનુભવિક છીએ. ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા

30-12-23



રવિવાર

|Notes| Date ૩૧-૧૨-૨૦૨૩


શ્રુતિમહતી સરસ્વતીનાં જ્ઞાનપીયૂષનું અવગાહન કરીને પુણ્યશ્લોક પૂજ્ય ડોલરકાકાની સ્વપ્નસિદ્ધ એવી આ સંસ્થામાં આવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એથી ધન્યતા અનુભવાય છે.

સમ્યક્ સ્થિતા સા સંસ્થા એ ન્યાયે આ સંસ્થા વિદ્યાપુરુષોના દૃઢ ચિંતનકલ્પથકી બદ્ધમૂલ બની છે, સાથેસાથે ઉત્તરોત્તર એવા જ મળેલા ઉત્તરાધિકારીઓ અને સમર્પિત ટ્રસ્ટીશ્રીઓના પ્રયત્નોથી આજે પણ ઉદાહરણરૂપ બની રહી છે.

આ સંસ્થામાંથી ભણીને - જીવન-અર્ક પામીને તૈયાર થયેલા વિદ્યાર્થીઓ ઉત્તમ નાગરિકો બનીને આર્યસ્કૃતિની જેમ આ સંસ્થાની પરંપરાનું સુપેરે વહન કરતાં કરતાં સમાજને પોતાની ઉમદા સેવા આપી રહ્યા છે એ જાણીને ખરેખર આહ્લાદનનો અનુભવ થાય છે.

મારી કોઈ પણ છાત્રલક્ષી સેવા હશે તો અવશ્ય આવીશ. આ સંસ્થામાં પ્રવેશતાં જ આપણે આપણા પરિવારમાં જ આવ્યા હોઈએ એવો અનુભવ થાય છે

આનંદ સાથે — રાજેન્દ્ર ચોરલિયા.




|Notes| Date

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા તરફથી નવી શિક્ષણ નીતિ કાર્યશાળા માટે આપની સંસ્થાએ અમને જે અનુમતિ આપી અને કાર્યશાળા સફળ બનાવવા બધા પ્રકારનો સહકાર આપ્યો તે અમારા માટે ખૂબ આનંદદાયી વાત છે. શિક્ષણના કાર્યક્રમો માટે આવા પ્રકાર નવા કાર્યક્રમો કરતાં રહીશું. એમ જ અને સહુએ આપ આ કાર્યક્રમમાં સતત હાજરી આપી અમને ઉત્સાહ સાથે બળ આપ્યો તે ઘણું ગમ્યું. વ્યવસ્થા તમામ ખૂબ સરસ હતી.

[illegible]

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે - કાવ્યધારા અને એ પણ પૂજ્ય ડોલરકાકાની પુણ્યભૂમિમાં. ખરેખર આજ દિન જ મારા માટે અવિસ્મરણીય અને અદ્વિતીય છે. ભાષા સંવર્ધન માટેના કાર્યક્રમ આ સંસ્થા વારંવાર કરે છે તે એક ગૌરવની બાબત છે. શિક્ષણ અને સાહિત્ય એ અવિભક્ત જેવો સંબંધ છે. આ ખરેખર ખૂબ જ સરસ રીતે ભાષાસંવર્ધન કરે છે એનો આનંદ અને રાજીપો


શૈલેષ પંડ્યા,
શ્રી [illegible] હાઈસ્કૂલ,
ભાવનગર



વિશ્વમાતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ '[illegible]' કાર્યક્રમમાં કવિતાઓ દ્વારા ઉપસ્થિત રહેવાની તક સાંપડી. પૂ. ડોલરકાકાની તપોભૂમિમાં અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણની જ્યોતને ડૉ. રૂપલબેન માંકડ ખૂબ સારી રીતે પ્રજ્વલિત રાખી છે. આ ભૂમિ ઉત્સાહજનક ઊર્જિત બની રહી છે. શિક્ષણને સાર્થક બનાવનાર એવા સંસ્થાને વંદન.


તા. ૨૧/૦૨/૨૦૨૪

[illegible]
નિવૃત્ત આચાર્ય, [illegible]
[illegible]



A wonderful environment championing Education in the lap of Nature with very committed faculty ably led by Prof. Rupal Mankad

Sumit Dutta
21.3.24



આજે પ્રતિષ્ઠિત કાર્યક્રમના ભાગ રૂપે દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયની મુલાકાત અને વ્યાખ્યાન આપવાનું બન્યું તેનો આનંદ છે. પૂ. ડોલરકાકા, પૂ. ગીજુભાઈ અને શિવશંકરભાઈની આ પુણ્યભૂમિ છે.

આ. આચાર્યશ્રી અને બહેન રૂપલબેનના અથાગ પુરુષાર્થ, દૃષ્ટિ અને સંકલ્પથી આટલું રૂડું પરિણામ આવ્યું છે.

ખૂબ સંતોષ થયો. આ. સૌને ખૂબ અભિનંદન.

૬/૩/૨૦૨૪ — [illegible]

# તેજસ્વી તારલા

## KALAKUNJ COMPETITION



NAME: CHAUHAN HARSHABEN

EVENT: SPOT PAITING COMPETITION

RANK: 1st

YEAR: 2023

## GOVERNMENT EXAM



NAME: CHAUHAN DIPTIBEN

EXAM: TAT-2

YEAR: 2023



NAME: RATHOD NIRUBEN

EVENT: CTET (Papper-1)

YEAR: 2023



NAME: BERA PARASBHAI

EXAM: CTET

YEAR: 2024



NAME: ODEDARA RUPABEN

EXAM: CTET

YEAR: 2024

# DISTRICT LEVEL RESEARCH PAPER



NAME: DATTANI DHARABEN

EVENT: MAKING RESEARCH PAPER

RANK: 1ST



NAME: MAV MANSHIBEN

EVENT: MAKING RESEARCH PAPER

RANK: 1ST

YEAR: 2023



NAME : MEHTA GAURAVBHAI

EVENT : MAKING RESEARCH PAPER

RANK : 1ST

YEAR : 2023

# GUJARAT VIGYAN SANMELAN



NAME : PANCHASARA BHAKTIBEN

EVENT : RANGOLI MAKEING COMPETITION

RANK : 3rd

YEAR : 2023

# EASSY WRITING COMPETITION



NAME : SHAIKH RUKSHAR

EVENT : EASSY WRITING COMPETITION

RANK : 2nd

YEAR : 2023

# ALL INDIA UNIVERSITY SELECTION



NAME : BERA PARASBHAI

EVENT : KHO - KHO

RANK : NATIONAL

YEAR : 2023



NAME : RATHOD NIRUBEN

EVENT : KHO – KHO

RANK : NATIONAL

YEAR : 2023



NAME : ODEDARA RUPABEN

EVENT : CHESS

RANK : NATIONAL

YEAR : 2024

# ALL INDIA UNIVERSITY SELECTION



NAME :  JETHVA VAISHALIBA

EVENT : KHO -KHO

RANK :   NATIONAL

YEAR :   2023 & 2024



NAME :  PANCHASARA BHAKTIBEN

EVENT :  KHO – KHO

RANK :  NATIONAL

YEAR :  2024



NAME :  THAKAR KISHORBHAI

EVENT :  KABBADI

RANK :  NATIONAL

YEAR : 2024

# JOSH COMPETITION



NAME : ODEDARA RUPABEN

EVENT : CHESS

RANK : 1st

YEAR : 2023



NAME : KARMUR KHIMABHAI

EVENT : HIGH JUMP

RANK : 2nd

EVENT : LONG JUMP

RANK : 2nd

YEAR : 2023



NAME : PANCHASARA BHAKTIBEN

EVENT : LONG JUMP

RANK : 2nd

EVENT : SHORT PUT

RANK : 3rd

YEAR : 2024

# TLM COMPETITION



NAME: HARSHA CHAUHAN

2nd National level TLM Competition
1st rank zone level
1st rank national level (2024)



NAME: KARMUR PRIYANKA

2nd National level TLM Competition
1st rank zone level
1st rank national level (2024)



NAME: LAMBA JATIN

2nd National level TLM Competition
2nd rank zone level

2nd rank national level (2024)

# Student List

ઇચ્છા

ADDMISSION YEAR 2022 - 24

| No. | Enrolment No. | Student Name | Email |
|---|---|---|---|
| 1 | 221430030001 | Karangiya Bhoomitaben Mukeshbhai | karangiyabhumi992@gmail.com |
| 2 | 221430030002 | Gorfad Arju Nitinbhai | gorfadarzu@gmail.com |
| 3 | 221430030003 | Goswami Keval Bhupatgiri | keval25021999@gmail.com |
| 4 | 221430030004 | Rathod Niruben Madhabhai | rathodniruben2017@gmail.com |
| 5 | 221430030005 | Shaikh Rukshar Mohmad Yunus | shaikhrukshar78692@gmail.com |
| 6 | 221430030006 | Kateshiya Ravi Rajeshbhai | www.kateshiyaravi@gmail.com |
| 7 | 221430030007 | Lamba Jatin Balubhai | lambajatin1100@gmail.com |
| 8 | 221430030008 | Jethva Vaishaliba Rajendrasinh | jethvavaishaliba1@gmail.com |
| 9 | 221430030009 | Chauhan Deeptiben Arvindbhai | diptichauhan22199@gmail.com |
| 10 | 221430030010 | Rushi | rushiraithatha1009@gmail.com |
| 11 | 221430030011 | Ambaliya Kuldipbhai Nathabhai | kuldip61101@gmail.com |
| 12 | 221430030012 | Odedara Rupaben Ranmalbhai | rupaodedara771@gmail.com |
| 13 | 221430030013 | Panchasara Bhakti Janakbhai | bhaktipanchasara007@gmail.com |
| 14 | 221430030014 | Zala Urvashiben Sursinhbhai | zalauvzalaus123@gmail.com |
| 15 | 221430030015 | Vachhani Bhavyeshkumar Ketanbhai | bkvjamnagar@gmail.com |
| 16 | 221430030016 | Ghumra Sunehrabanu Mahmadhushen | sunehraghumra28@gmail.com |
| 17 | 221430030017 | Paraskumar Arshibhai Bera | parasbera3012@gmail.com |
| 18 | 221430030018 | Chauhan Harshaben Arvindbhai | harshachauhan0901@gmail.com |
| 19 | 221430030019 | Reenaben | solankidharnat@gmail.com |
| 20 | 221430030020 | Makavana Mayur Rajubhai | mayurmakavana200@gmail.com |
| 21 | 221430030021 | Vala Milan Narsingbhai | milan.vala008@gmail.com |
| 22 | 221430030022 | Dave Soham Naranbhai | davesohamdavesoham@gmail.com |
| 23 | 221430030023 | Chaudhari Himanshukumar Anupsinh | himanshu17195@gmail.com |
| 24 | 221430030024 | Khima | kdahir2002@gmail.com |
| 25 | 221430030025 | Solanki Foramben Bharat | foramsolanki121@gmail.com |
| 26 | 221430030026 | Dave Hiralben Kishorbhai | dipalidave86@gmail.com |
| 27 | 221430030027 | Bhagat Nikita Parmanand | nikitabhagat160848@gmail.com |
| 28 | 221430030028 | Muchhadiya Mehul Rameshbhai | muchhadiyamehul232@gmail.com |
| 29 | 221430030030 | Bhundiya Nidhi Mukeshbhai | nidhibhundiya5403@gmail.com |

| | | | |
|---|---|---|---|
| 30 | 221430030031 | Vadher Dhruti Lakhabhai | lakhabhaivadher@gmail.com |
| 31 | 221430030032 | Malakiya Chiragbhai Chhaganbhai | malakiyachirag143@gmail.com |
| 32 | 221430030033 | Gaurav | ggmehta18@gmail.com |
| 33 | 221430030034 | Thakar Kishor Parshotambhai | kishankpthakar@gmail.com |
| 34 | 221430030035 | Nangar Neetaben Malabhai | neetanangar@gmail.com |
| 35 | 221430030036 | Jalu Bhumiben Vikrambhai | jalubhumi31@gmail.com |
| 36 | 221430030037 | Karmur Priyankaben Dhanabhai | karmurdhanabhai@gmail.com |
| 37 | 221430030038 | Baraiya Dimapal | baraiyadimpal01@gmail.com |
| 38 | 221430030040 | Dubal Yasha | varundubal65@gmail.com |
| 39 | 221430030041 | Dattani Dhara Dinesh | dharadattani256@gmail.com |
| 40 | 221430030042 | Vala Rituba Rohitsinh | rohitsinhvala990@gmail.com |
| 41 | 221430030043 | Payal | makvanachetana801@gmail.com |
| 42 | 221430030044 | Vala Hetalben Rajeshbhai | valahetalben111@gmail.com |
| 43 | 221430030045 | Malakiya Ashishbhai Rameshbhai | ashishmalakiya007@gmail.com |
| 44 | 221430030046 | Karmur Janviben Boghabhai | karmurbipin99@gmail.com |
| 45 | 221430030049 | Suman Maru | sumanmaru2001@gmail.com |
| 46 | 221430030050 | Mav Mansi Murjibhai | mm2654895@gmail.com |

Thank You